View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Ajmera, Sweta B., 2011, "*સહકારી ધિરાણ મંડળીઓની લાભાર્થી પર થયેલી આર્થિક અને સામાજીક અસરો (અમરેલી જિલ્લાને ધ્યાનમાં રાખીને)*", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/620

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# “ ECONOMIC AND SOCIAL EFFECT ON BENIFICIRIES OF ADVANCE CO-OPERATIVE SOCIETIES”

## ( REFERENCE TO AMRELI DISTRICT)

## " સહકારી ધિરાણ મંડળીઓની લાભાર્થી પર થયેલી આર્થિક અને સામાજીક અસરો "

## ( અમરેલી જિલ્લાને ધ્યાનમાં રાખીને)

THE THESIS TO BE SUBMITTED TO

SAURASHTRA UNIVERSITY, RAJKOT

FOR THE

DEGREE OF DOCTOR OF PHILOSOPHY

IN

ECONOMICS

UNDER THE FACULTY OF COMMERCE

- BY -

SWETA BHARATBHAI AJMERA

SAVARKUNDLA

- GUIDED BY -

Dr. H.M.BHATT

LECTURER IN ECONOMICS

KAMANI SCIENCE & PRATAPRAI ARTS COLLEGE

AMRELI

REGISTRATION NO.3194, 29th OCTOBER,2004

# CERTIFICATE

**This is to Certify that work embodied in this thesis entitled "ECONOMIC AND SOCIAL EFFECT ON BENIFICIRIES OF ADVANCE CO-OPERATIVE SOCIETIES (REFERENCE TO AMRELI DISTRICT) has been carried out by Sweta B.Ajmera under my direct guidance and supervision. I also declare that the work done and presented in this thesis is original and independent.**

Date :- 25/10/2008

Dr.H.M.BHATT

## DECLARATION

I here by declare that the Research work presented in this thesis is prepared by me after studying various references. The descriptions and narrations found there in are entirely original.

Date :- 25/10/2008

Sweta B. Ajmera
Savarkundla

# ACKNOWLEDGEMENT

I am very much grateful to my Guide Dr. H.M.Bhatt who always guided me whenever I needed his help. I express my gratitude to all my family members. The staff of the Amreli District Co-operative Bank, have patiently provided me the data information need for the research. So I heartly express my thankfulness for their constant support.

I also thank Prof. Pushpaben Ranipa.& Prof. Dilipbhai Bhatt.

Last but not the least I thank all those who have been directly or indirectly helpful and supportive throughout my research enterprise. I thank to typewriter for composing the thesis.

Sweta B.Ajmera

## પ્રકરણ – ૧ વિષય પ્રવેશ


| | | |
|---|---|---|
| ૧.૧ | પ્રસ્તાવના | ૧ |
| ૧.૨ | સહકાર વિભાવના | ૩ |
| ૧.૩ | સહકારની વ્યાખ્યાઓ | ૫ |
| ૧.૪ | સહકારનાં મુલ્યો અને તત્વજ્ઞાન | ૭ |
| ૧.૫ | વિશ્વમાં સહકારી પ્રવૃતિનો ઉદભવ અને વિકાસ | ૯ |
| ૧.૬ | સહકારી પ્રવૃતિ અને કૃષિક્ષેત્ર | ૧૩ |
| ૧.૭ | વિશ્વના વિવિધ દેશોમાં સહકારી પ્રવૃતિ | ૧૪ |
| ૧.૮ | ભારતમાં સહકારી પ્રવૃતિ | ૩૯ |
| ૧.૯ | બ્રિટીશ શાસન પહેલા ભારતમાં સહકારી પ્રવૃતિ | ૪૦ |
| ૧.૧૦ | બ્રિટીશ શાસન દરમિયાન ભારતમાં સહકારી પ્રવૃતિ | ૪૧ |
| ૧.૧૧ | સ્વતંત્ર્તા પછી ભારતમાં સહકારી પ્રવૃતિ | ૪૯ |
| ૧.૧૨ | રાષ્ટ્રીય સહકારી પ્રવૃતિનું વિહંગાવલોકન | ૬૯ |
| ૧.૧૩ | રાષ્ટ્રીય અર્થકારણમાં સહકારી પ્રવૃતિ | ૮૭ |
| ૧.૧૪ | રાષ્ટ્રીય સહકારી નિતી | ૮૯ |
| ૧.૧૫ | સહકારનું અંતિમ લક્ષ્ય | ૯૧ |
| ૧.૧૬ | સહકારી ક્ષેત્રના વિકાસ માટે શિક્ષણ અને તાલીમની જરૂરીયાત | ૯૨ |
| ૧.૧૭ | સહકારી શિક્ષણ અંગે સિધ્ધાંતો | ૯૩ |
| ૧.૧૮ | સહકારી ક્ષેત્રે મહિલાઓ | ૯૭ |
| ૧.૧૯ | સહકારી ક્ષેત્રે યુવાશકિત | ૧૦૩ |
| ૧.૨૦ | સમસ્યા કથન | ૧૦૪ |


પ્રકરણ – ૧ કોષ્ટકની યાદી


| | | |
|---|---|---|
| ૧.૧૩.૧ | રાષ્ટ્રિય સહકારી પ્રવૃતિનું વિહંગાવલોકન દર્શાવતું કોષ્ટક | ૮૭ |
| ૧.૧૪.૧ | રાષ્ટ્રિય અર્થકારણમાં સહકારી પ્રવૃતિ દર્શાવતું કોષ્ટક | ૮૯ |

## પ્રકરણ – ૨

### સહકારી ક્ષેત્ર દ્વારા ધિરાણ


| | | |
|---|---|---|
| ૨.૧ | કૃષિધિરાણની આવશ્યકતા | ૧૦૭ |
| ૨.૨ | કૃષિવિષયક ધિરાણના પ્રકારો | ૧૧૦ |
| ૨.૩ | કૃષિધિરાણના સાધનો | ૧૧૫ |
| ૨.૪ | ગુજરાતમાં ખેતી | ૧૩૨ |
| ૨.૫ | ધિરાણનું ત્રીસ્તરીય માળખું | ૧૩૪ |
| ૨.૬ | ગુજરાતમાં સહકારી ધિરાણ | ૧૪૦ |
| ૨.૭ | પૂર્વ સંશોધન સમીક્ષા | ૧૪૨ |


### પ્રકરણ – ૨ કોષ્ટકની યાદી


| | | |
|---|---|---|
| ૨.૨.૧ | ખેડૂત કુટુંબોનું સરેરાશ દેવુ દર્શાવતું કોષ્ટક | ૧૧૧ |
| ૨.૨.૨ | કૃષિક્ષેત્રે સંસ્થાકિય ધિરાણ દર્શાવતું કોષ્ટક | ૧૧૪ |
| ૨.૩.૧ | નાબાર્ડના નાણાકિય સાધનો દર્શાવતું કોષ્ટક | ૧૨૦ |
| ૨.૬.૧ | ગુજરાતમાં સહકારી મંડળીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૧૪૧ |

## પ્રકરણ – ૩ સંશોધન રચના


| | | |
|---|---|---|
| ૩.૧ | અમરેલી જિલ્લાના એકમ અભ્યાસનું આર્થિક અને સામાજિક પરિપેક્ષમાં સંક્ષિપ્ત અવલોકન | ૧૪૯ |
| ૩.૧.૧ | ભૌગોલિક સ્થાન | ૧૪૯ |
| ૩.૧.૨ | વરસાદ | ૧૪૯ |
| ૩.૧.૩ | જનસંખ્યા | ૧૫૦ |
| ૩.૧.૪ | અમરેલી જિલ્લાની વસ્તીનું વ્યવસાયિક વર્ગીકરણ | ૧૫૧ |
| ૩.૧.૫ | અમરેલી જિલ્લાની જમીનનું વર્ગીકરણ | ૧૫૨ |
| ૩.૧.૬ | સાધનવાર સિંચિત વિસ્તાર | ૧૫૩ |
| ૩.૧.૭ | ઉધોગો | ૧૫૪ |
| ૩.૧.૮ | સહકારી ક્ષેત્ર | ૧૫૫ |
| ૩.૨ | સંશોનના ઉદેશો | ૧૫૬ |
| ૩.૩ | સંશોધનની પરિકલ્પનાઓ | ૧૫૭ |
| ૩.૪ | સંશોધન પધ્ધતિ | ૧૫૮ |
| ૩.૫ | માહિતીનું એકત્રીકરણ | ૧૬૦ |
| ૩.૬ | અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકની ધિરાણ વિષયક નિતિ | ૧૬૧ |
| ૩.૭ | સંશોધનની ગાણિતિક વિભાવના | ૧૬૮ |
| ૩.૮ | પ્રશ્નાવલીનો નમુનો | ૧૬૯ |


## પ્રકરણ – ૩ કોષ્ટકની યાદી


| | | |
|---|---|---|
| ૩.૧.૧ | અમરેલી જિલ્લામાં આવતી મુખ્ય નદીઓ દર્શાવતું કોષ્ટક | ૧૪૯ |
| ૩.૧.૨ | અમરેલી જિલ્લો : ૧૯૯૫ થી ૨૦૦૫ સુધીની વરસાદની વિગત | ૧૪૯ |
| ૩.૧.૩ | અમરેલી જિલ્લો : ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે તાલુકાવાર વસ્તી અને વસ્તી ગીચતા | ૧૫૦ |

| | | |
|---|---|---|
| ૩.૧.૪ | અમરેલી જિલ્લો : ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે વસ્તીનું વ્યાવસાયિક વર્ગીકરણ | ૧૫૧ |
| ૩.૧.૫ | અમરેલી જિલ્લો : જમીનનું વર્ગીકરણ | ૧૫૨ |
| ૩.૧.૬ | અમરેલી જિલ્લો : સાધનવાર ચોખા સિંચિત વિસ્તારનું વર્ગીકરણ | ૧૫૩ |
| ૩.૧.૭ | અમરેલી જિલ્લો : પ્રકારવાર સહકારી મંડળીઓનું વર્ગીકરણ | ૧૫૫ |
| ૩.૪.૧ | સભાસદોની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૧૫૮ |
| ૩.૬.૧ | ખેતી વિષયક ટુંકી મુદત કિસાન ક્રેડિટ કાર્ડ પાક ધિરાણ નિતી દર્શાવતું કોષ્ટક | ૧૬૨ |
| ૩.૬.૨ | ખેતી વિષયક મધ્યમ મુદત પાક ધિરાણ નિતી દર્શાવતું કોષ્ટક | ૧૬૩ |

# પ્રકરણ – ૪

## લાભાર્થીની આર્થિક સામાજીક સ્થિતી
## ( સારણી અને પૃથ્થકરણ ) વર્ષ ૨૦૦૦–'૦૩


| | | |
|---|---|---|
| ૪.૧ | લાભાર્થીઓની આર્થિક–સામાજીક વિગતોનું ચિત્ર | ૧૭૬ |
| ૪.૨ | લાભાર્થીઓની કુટુંબદીઠ સભ્ય સંખ્યાનું વર્ગીકરણ | ૧૭૯ |
| ૪.૩ | લાભાર્થીઓનું કુટુંબ રચનાના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૮૧ |
| ૪.૪ | લાભાર્થીઓનું વયજુથના આધારે વર્ગીકરણ | ૧૮૩ |
| ૪.૫ | લાભાર્થીઓનાં અભ્યાસના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૮૬ |
| ૪.૬ | લાભાર્થી કુટુંબમાં કન્યા કેળવણીના સંદર્ભમાં વર્ગીકરણ | ૧૮૮ |
| ૪.૭ | લાભાથી કુટુંબની માલિકીની જમીનનું વર્ગીકરણ | ૧૯૨ |
| ૪.૮ | લાભાર્થીઓને ખેતીક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી સરેરાશ વાર્ષિક આવક અંગે વર્ગીકરણ | ૧૯૫ |
| ૪.૯ | લાભાર્થી કુટુંબનું વ્યવસાયિક વર્ગીકરણ | ૧૯૮ |
| ૪.૧૦ | લાભાર્થીઓને અન્ય ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી સરેરાશ વાર્ષિક આવક અંગે વર્ગીકરણ | ૨૦૧ |
| ૪.૧૧ | લાભાર્થીઓની પશુધન સંખ્યાનું વર્ગીકરણ | ૨૦૪ |
| ૪.૧૨ | લાભાર્થીઓના સહકારી મંડળીના સભ્યપદ અંગે વર્ગીકરણ | ૨૦૬ |
| ૪.૧૩ | લાભાર્થીઓની ભૌતિક સુવિધાઓનું વર્ગીકરણ | ૨૦૮ |

૪.૨.૧ લાભાર્થીઓની કુટુંબદીઠ સભ્ય સંખ્યાનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૭૮

૪.૩.૧ લાભાર્થીઓનું કુટુંબ રચનાનાં સંદર્ભમાં વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૮૦

૪.૪.૧. લાભાર્થીઓનું વયજુથના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૮૨

૪.૫.૧ લાભાર્થીઓનું અભ્યાસનાં સંદર્ભમાં વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૮૫

૪.૬.૧ લાભાર્થી કુટુંબમાં કન્યા કેળવણીના સંદર્ભમાં વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૮૯

૪.૭.૧ લાભાર્થી કુટુંબની માલિકીની જમીનનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૯૧

૪.૮.૧ લાભાર્થીઓને ખેતીક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી સરેરાશ વાર્ષિક આવક અંગે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૯૪

૪.૯.૧ લાભાર્થી કુટુંબનું વ્યાવસાયિક વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૧૯૭

૪.૧૦.૧ લાભાર્થીઓને અન્ય ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી સરેરાશ વાર્ષિક આવક અંગે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૨૦૦

૪.૧૧.૧ લાભાર્થીઓની પશુધન સંખ્યાનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૨૦૩

૪.૧૨.૧ લાભાર્થીઓનાં સહકારી મંડળીના સભ્યપદ અંગે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૨૦૫

૪.૧૩.૧ લાભાર્થીઓની ભૌતિક સુવિધાઓનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક ૨૦૭

# <u>પ્રકરણ – ૫</u>

(સંશોધનની ગાણિતીક વિભાવના દ્વારા આર્થિક અસરોની તપાસ અને તારણો)


| | | |
|---|---|---|
| ૫.૧ | પ્રસ્તાવના | ૨૧૦ |
| ૫.૨ | નવો કૂવો ગાળવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓ પર ધિરાણની થયેલી આર્થિક અસરોની તપાસ. | ૨૧૧ |
| ૫.૩ | ડ્રિપ ઈરીગેશન માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓ પર ધિરાણની થયેલી આર્થિક અસરોની તપાસ | ૨૨૭ |
| ૫.૪ | જમીન સુધારણા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓ પર ધિરાણની થયેલી આર્થિક અસરોની તપાસ | ૨૪૦ |
| ૫.૫ | રિંગદાર અને સબમર્સીબલ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓ પર ધિરાણની થયેલી આર્થિક અસરોની તપાસ | ૨૫૩ |
| ૫.૬ | જૂનો કૂવો ઉંડો કરવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓ પર ધિરાણની થયેલી આર્થિક અસરોની તપાસ. | ૨૬૬ |
| ૫.૭ | ઈલેકટ્રિક પંપસેટ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓ પર ધિરાણની થયેલી આર્થિક અસરોની તપાસ. | ૨૭૯ |


## પ્રકરણ – ૫ કોષ્ટકની યાદી


| | | |
|---|---|---|
| ૫.૨.૧ | નવો કુવો ગાળવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતુ કોષ્ટક | ૨૧૨ |
| ૫.૨.૨ | વર્ષ ૨૦૦૨–'૦૩ માં નવો કૂવો ગાળવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૧૪ |
| ૫.૨.૩ | વર્ષ ૨૦૦૨–'૦૩ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૧૭ |
| ૫.૨.૪ | વર્ષ ૨૦૦૨–'૦૩ ના વર્ષનો વર્ગાંતર દર્શાવતુ કોષ્ટક | ૨૧૯ |
| ૫.૨.૫ | વર્ષ ૨૦૦૬–'૦૭ માં નવો કૂવો ગાળવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૨૨ |

| | | |
|---|---|---|
| ૫.૨.૬ | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતુ કોષ્ટક | ૨૨૩ |
| ૫.૨.૭. | વર્ષ ૨૦૦૬–'૦૭ ના વર્ષનો વર્ગાંતર દર્શાવતુ કોષ્ટક | ૨૨૪ |
| ૫.૩.૧ | ડ્રિપ ઈરીગેશન માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૨૮ |
| ૫.૩.૨ | વર્ષ ૨૦૦૨–'૦૩ માં ડ્રિપ ઈરીગેશન માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૨૯ |
| ૫.૩.૩ | વર્ષ ૨૦૦૨–'૦૩ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૩૦ |
| ૫.૩.૪ | ૨૦૦૨–'૦૩ ના વર્ષનો વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૩૧ |
| ૫.૩.૫ | વર્ષ ૨૦૦૬–'૦૭ માં ડ્રિપ ઈરીગેશન માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૩૪ |
| ૫.૩.૬ | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૩૬ |
| ૫.૩.૭ | ૨૦૦૬–'૦૭ ના વર્ષનું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૩૭ |
| ૫.૪.૧ | જમીન સુધારણા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૪૧ |
| ૫.૪.૨ | વર્ષ ૨૦૦૨–'૦૩ માં જમીન સુધારણા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૪૨ |
| ૫.૪.૩ | વર્ષ ૨૦૦૨–'૦૩ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૪૩ |

| | | |
|---|---|---|
| ૫.૪.૫ | વર્ષ ૨૦૦૬–'૦૭ માં જમીન સુધારણા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૪૮ |
| ૫.૪.૬ | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૪૯ |
| ૫.૪.૭ | ૨૦૦૬–'૦૭ ના વર્ષનું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૫૦ |
| ૫.૫.૧ | રીગદાર અને સબમર્સીબલ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૫૪ |
| ૫.૫.૨ | વર્ષ ૨૦૦૨–'૦૩ માં રીગદાર અને સબમર્સીબલ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૫૫ |
| ૫.૫.૩ | વર્ષ ૨૦૦૨–'૦૩ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૫૭ |
| ૫.૫.૪ | ૨૦૦૨–'૦૩ ના વર્ષનું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૫૮ |
| ૫.૫.૫ | વર્ષ ૨૦૦૬–'૦૭ માં રીગદાર અને સબમર્સીબલ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૬૧ |
| ૫.૫.૬ | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૬૨ |
| ૫.૫.૭ | વર્ષ ૨૦૦૭–'૦૭ નું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૬૩ |
| ૫.૬.૧ | જૂનો કૂવો ઉંડો કરવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૬૭ |
| ૫.૬.૨ | વર્ષ ૨૦૦૨–'૦૩ માં જૂનો કૂવો ઉંડો કરવા માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૬૮ |

| | | |
|---|---|---|
| ૫.૬.૩ | વર્ષ ૨૦૦૨–'૦૩ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૭૦ |
| ૫.૬.૪ | ૨૦૦૨–'૦૩ ના વર્ષનું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૭૧ |
| ૫.૬.૬ | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક. | ૨૭૪ |
| ૫.૬.૭. | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૭૬ |
| ૫.૭.૧ | ઈલેકટ્રિક પંપસેટ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૮૦ |
| ૫.૭.૨ | વર્ષ ૨૦૦૨–'૦૩ માં ઈલેકટ્રિક પંપસેટ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીઓની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૮૧ |
| ૫.૭.૩. | વર્ષ ૨૦૦૨–'૦૩ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૮૨ |
| ૫.૭.૪ | ૨૦૦૨–'૦૩ ના વર્ષનું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૮૩ |
| ૫.૭.૫ | વર્ષ ૨૦૦૬–'૦૭ માં ઈલેકટ્રિક પંપસેટ માટે ધિરાણ લીધેલા ખેડૂત લાભાર્થીની વાર્ષિક આવક અને તેમની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૮૬ |
| ૫.૭.૬ | વર્ષ ૨૦૦૬–'૦૭ નું વાર્ષિક આવક (વર્ગાંતર) અને લાભાર્થીની સંખ્યા દર્શાવતું કોષ્ટક | ૨૮૭ |
| ૫.૭.૭ | ૨૦૦૬–'૦૭ ના વર્ષનું વર્ગાંતર દર્શાવતું કોષ્ટક | ૨૮૮ |

## પ્રકરણ – ૬

# અવલોકન, સુચનો અને સમાપન


| | | |
|---|---|---|
| ૬.૧ | લાભાર્થીઓના અભ્યાસના મુખ્ય ફલિતાર્થો | ૨૯૨ |
| ૬.૨ | હેકટર દીઠ સરેરાશ ઉત્પાદનના પ્રમાણમાં થયેલ ફેરફારનું વર્ગીકરણ | ૨૯૭ |
| ૬.૩ | હેકટરદીઠ અંદાજીત ઉત્પાદનનુ મુલ્ય દર્શાવતું વર્ગીકરણ | ૩૦૧ |
| ૬.૪ | ઉત્પાદન અને ઉત્પાદન મુલ્યમાં તફાવત વૃધ્ધિના વલણો | ૩૦૫ |
| ૬.૫ | મુખ્ય સામાજીક અસરો(લાભાર્થીઓની ભૌતિક સુવિધાનું વર્ગીકરણ) | ૩૦૮ |
| ૬.૬ | મુખ્ય આર્થિક અસરો | ૩૧૦ |
| ૬.૭ | સુચનો | ૩૧૧ |


## પ્રકરણ – ૬ કોષ્ટકની યાદી


| | | |
|---|---|---|
| ૬.૨.૧ | હેકટરદિઠ સરેરાશ ઉત્પાદનના પ્રમાણમાં થયેલ ફેરફાર દર્શાવતુ કોષ્ટક | ૨૯૬ |
| ૬.૩.૧ | હેકટરદિઠ અંદાજીત ઉત્પાદનનું મુલ્ય દર્શાવતું કોષ્ટક | ૩૦૦ |
| ૬.૪.૧ | ઉત્પાદન અને ઉત્પાદન મુલ્યમાં તફાવત વૃધ્ધિના વલણો દર્શાવતું કોષ્ટક | ૩૦૪ |
| ૬.૫.૧ | લાભાર્થીઓની ભૌતિક સુવિધાઓનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક | ૩૦૭ |

## પ્રકરણ ૧.

## વિષય પ્રવેશ

### ૧.૧ પ્રસ્તાવના :-

" ALL FOR EACH AND EACH FOR ALL "

એ સહકારનો જીવન મંત્ર છે.

" Coming together is begining

Keeping together is progress

Growing together is success

and sharing to gether is C0 - OPERATION "

" બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે,

આધાર સૌને સૌનો રહ્યો જયાં "

પ્રકૃતિ કવિશ્રી કલાપીની ઉપરોકત પંકિતઓમાં સહકારરૂપી સનાતન માનવધર્મનું પ્રતિબિંબ છે. ' સુખ વહેંચો તો વધશે ' અને ' દુઃખ વહેંચો તો ઘટશે ' આ સર્વોદયનું તત્વજ્ઞાન પણ સહકારનું જ દર્શન છે.

**" C0 - OPERATION IS A WAY OF LIFE "**

સહકારએ સર્વના ભલામાં સ્વનાં ભલાના આદર્શ વિચારને રજુ કરતું તત્વ છે. સમાજ અને સંસ્કૃતિ પરસ્પર સહાયનું પરિણામ છે, અને આ પરસ્પર સહાયનું બીજું નામ એટલે સહકાર. ' સહકાર ' એ પરસ્પરની મદદથી થતા સ્વાશ્રયની યોજના છે.

માનવ જીવન તળાવ જેવું બંધિયાર નથી, તે નદીની જેમ સતત વહેતું, ધબકતું અને ગતિ કરતું છે. જીવનમાં સતત પરિવર્તન સિવાય બીજી કોઈ બાબત કાયમી નથી. નદીની જેમ વહેવુ અને સતત ધ્યેય તરફ વહેવુ એ માનવ જીવનમાં અગત્યની બાબત છે. ગતિ ધ્યેય ભણી હોય તેમાં જ ગતિની શોભા છે, જેને આપણે પ્રગતિ કહીએ છીએ. જીવનમાં ઘણાખરા પ્રશ્નો, ઉપદ્રવો ઉકેલી શકાય એ માટે જીવનનો મર્મ જીવનમાંથી પામવો પડે અને મર્મ પામવા માટે 'સહકાર' નું સકર્મક ક્રિયાપદ હઠ પુર્વક લગાડવું પડે.

સહકાર એ જીવનની જરૂરીયાતોને પહોંચી વળવા માટેનું સ્વજન્ય કૃત્ય છે. આદિકાળથી જે પ્રાણીઓએ આ સ્વજન્ય કૃત્યમાં એકબીજાનો સહકાર સાધ્યો તે બચી શકયા. સમસ્ત પ્રાણી જગતમાં સ્વજન્ય સહકારિત્વ પ્રવર્તી રહ્યુ છે. સમુહ કાર્યથી જ જીવન ચાલે છે અને આ સમુહ કાર્યો જ સામુહિક જુથોનાં ઉત્પતિ સ્થાનો છે. કીડીઓ,માખીઓ અને ભમરાઓ પણ ઉર્મિજન્ય સહકારિત્વના સચોટ દાખલા છે. આ બાબતનાં આધારે જ ચાર્લ્સ ડાર્વિનનાં ' જીવન સંગ્રામ 'નાં સિધ્ધાંતને પડકારી પ્રિન્સ કોપીટકીને ' પરસ્પર સહાય 'નો સિધ્ધાંત માનવ જીવનના વિકાસ માટે રજુ કર્યો છે. ' મત્સ્ય ન્યાય ' ના આધારે નહી પરંતુ ' પરસ્પર સહાય 'ના આધારે નિસર્ગમાં અસ્તિત્વ જાળવી શકાશે એ હવે સ્વીકૃત હકિકત બની છે.

આમ, સહકાર વિષેનો મુળખ્યાલ તેના વિશાળ અર્થમાં સંસ્કૃતિના ઉગમકાળથી જ શોધી શકાય છે.

## ૧.૨ સહકાર વિભાવના :-

સહકાર માનવ જીવનની પ્રેરણા છે, એટલું જ નહી પણ તે તેની સિધ્ધીઓ અને સફળતાઓનું કારણ પણ છે. માનવ માત્રમાં સમૃધ્ધ અને શાંતિમય જીવનની અભિલાષા હોય છે, તેથી તેની પ્રાપ્તિ માટે માનવી સતત પ્રયત્નશીલ રહે છે. માનવ સમાજ જેમ-જેમ વધુ સુસંસ્કૃત બનતો ગયો તેમ તેના સમૃધ્ધ જીવનના ખ્યાલો પણ બદલાતા થયા છે, તેમાં એકબીજાના સહકારની અનિવાર્યતા તે સ્વીકારતો આવ્યો છે. જયારે પ્રાણીઓ અને પક્ષીઓમાં પણ સામુહિક પ્રયાસ દ્વારા જીવન જીવવાની કળા જોવા મળે છે, ત્યારે માનવી તો બુધ્ધિશાળી પ્રાણી હોઈ તેથી સામુહિક પ્રયાસ દ્વારા ઉન્નત બનવાનો ભવ્ય પુરૂષાર્થ સમજ પુર્વક કરે એ સ્વાભાવિક છે.

માનવીમાં રહેલી સહકારની ભાવનાની અભિવ્યકિત વેદ-ઉપનિષદ કાળથી એકયા બીજીરીતે આપણા ધર્મગ્રંથોમાં થતી જોવા મળે છે. વ્યકિત અને સમષ્ટિના સમન્વયનો વિચાર ઈશાવાસ્યોપનિષદ તેમજ ભગવદગીતામાં રજુ કરવામાં આવેલો છે, જે સમષ્ટિના હિતમાં અનાસકિત અને ત્યાગની ભાવના ખીલવવાનો આદેશ આપે છે. સહકારની ભાવના માનવ સંસ્કૃતિમાં એટલી એકરૂપ થઈ ગઈ છે કે એનું પાલન અને આચરણ મનુષ્ય માત્રમાં જોવા મળે છે.

આમ, સહકારી પ્રવૃતિ ભલે આધુનિક હોય પરંતુ સહકારી વૃતિ તો માનવ જેટલી જ પ્રાચીન છે. માનવીને હમેંશા પોતાના સાથી માનવોની સહાય લેવાનું લાભદાયી માલુમ પડયું છે. આવી સહાય પોતાની મુળભુત જરૂરિયાતો સંતોષવા માટે હોય કે પછી માથે લટકતા ભય સામે રક્ષણ કરવા માટે હોય કારણ કે શકિત એકતા અને સંગઠનમાં રહેલી છે. આમ, માનવ જીવન સહકારથી જ શકય બને છે. માનવ માત્રમાં સહકારની વૃતિ રહેલી છે.

માનવ જીવન જેમ-જેમ વિકાસ પામતું ગયુ, તેમ-તેમ સહકારના સ્વરૂપો અને પ્રકારો પણ પલટાતા ગયા. જીવનના અનેકવિધ ક્ષેત્રે માનવી પોતાની સહકારી વૃતિનું દર્શન કરાવતો આવ્યો છે. સમાજ જીવનનાં નાના-મોટા અનેક એકમોમાં કુટુંબ સૌથી નાનું એકમ છે, અને તેમાં પણ સહકારી વૃતિ મહત્વનો ભાગ ભજવે છે. આમ, પરસ્પરને મદદરૂપ થવાના રૂપમાં સહકારી વૃતિ જમાનાથી ચાલતી આવતી વાત છે. ' વ્યકિત સમષ્ટિ માટે અને સમષ્ટિ વ્યકિત માટે ' એ સિધ્ધાંત હેઠળ સહકારની ભાવના પોષાઈ છે.

વિશ્વના જુદા-જુદા દેશોમાં, જુદા-જુદા સમયે જે - તે વખતની પરિસ્થિતીમાં જન્મ પામીને આજે વિશ્વમાં ' સહકાર' સર્વૅવ્યાપી બન્યો છે.

**"Co-Operation is a blessing and only way to take the country forward"**

**- Gandhiji**

## ૧.૩ સહકારની વ્યાખ્યાઓ

(1) " Co-Operation is the voluntary association of consumers into society,controlled as democratically as possible for the purpose of directly supplying their immediate needs by observing certain definite and generally accepted rules of action".

- J.P.Warbasse

(2) " Co-Operation a voluntary concern with equitable participation and control among all concerned in any enterprise"

- Holyoke

(3) " Co-Operation,then is a form of organisation wherein persons voluntarily associate to gether as human beings, on a basis of equality, for the promotion of the economic interests of themselves"

- H, Calvert

(4) " Co-Operation is not merely business but a combination of business and a spirit of service which evokes loyalty, fellowship and a co-operate feeling. "

- Talmiki

(5) " Co-operation in its technical sense,means the abandoment of competition and the elimination of middle men of all kinds "

- Seligmen

(6) " Co-Operation an association for the purpose of joint trading among the weak and conducted always in anunselfish spirit on such terms that all who are prepared to assume the duties of membership may share its rewards in proportion to the degree in which they make use of their association'

- C.R. Fay.

(૭) " સહકાર એ સંગઠન કરતા કંઈક અધિક છે : તે એક ભાવના છે જેની અસર હૃદય અને મન બન્ને પર થાય છે,તે ધંધા–વેપારને સ્પર્શતો ધર્મ છે. તે આત્મનિર્ભરતા અને સેવાનો સંદેશ છે. "

– સરમાલ્કમ ડાર્લિંગ

(૮) " સમાન જરૂરિયાત વાળી વ્યકિતઓ જેઓ તેમની સામાન્ય જરૂરિયાતોની પ્રાપ્તિ અર્થે જોડાય છે એવા લોકોના સ્વૈચ્છિક મંડળોને ઉતેજન આપતી વ્યાપક પ્રવૃતિનું એક પાસું તે સહકાર છે.

–શ્રી વૈકુંઠભાઈ મહેતા

(૯) " સહકારએ સ્વાશ્રય અને પરસ્પર સહાય છે. જેઓ આર્થિક રીતે સધ્ધર ન હોય અને તેમના પગ પર ઉભા રહી શકે તેમ ન હોય તેવા લોકોનું સંયુકત સાહસ છે. આ લોકો નફાના ઉદેશથી એક થતા નથી, પરંતુ પુરતા નાણાકીય સાધનોના અભાવને પરિણામે ઉદભવેલી અશકિતને દુર કરવા એકત્ર થાય છે, અને આ પ્રમાણે તેમની આર્થિક સ્થિતી ઉચ્ચતર બનાવે છે.

–ડો.કે.એન.કાત્જુ

## ૧.૪ સહકારના મુલ્યો અને તત્વજ્ઞાન

**" સહકારી પ્રવૃતિ સોનાનો સુરજ છે જે અમીર અને ગરીબને સરખો પ્રકાશ આપે છે "** સમગ્ર સમાજને નવા વિચારો, નવા મુલ્યો અને નવો રાહ ચીંધીને વર્ગવિગ્રહ અને શોષણ રહીત સુખી, સમૃધ્ધ અને ન્યાયી સમાજની સ્થાપના એ સહકારનું સર્વોચ્ચ ધ્યેય છે.

સહકારના મુલ્યો અને તેનું તત્વજ્ઞાન નીચેના મુળ તત્વો ઉપર આધારીત છે.

(૧) **બંધુત્વ :-**

સહકારી મંડળીમાં જોડાનારે બીજા સભ્યો સાથે એક કુટુંબના ભાઈઓ હોય તેવી ભાવનાથી કાર્ય કરવુ જોઈએ " વસુધૈવ કુટુમ્બકમ " ની ભાવનાથી કાર્ય કરે તો મંડળીની પ્રગતિ થાય છે. અને મંડળી દ્વારા સભાસદની પ્રગતિ થાય છે.

(૨) **એકતા :-**

સહકારમાં સમુહનું બળ છે, સંઘશકિત છે, સાથે મળીને કામ કરવાથી કાર્ય સારૂં થાય છે,જલદી થાય છે અને અસરકારક પરિણામ મેળવી શકાય છે.ખાસ કરીને જેમના સાધનો ટાંચા છે, જેઓની પાસે મુડીનું કે સતાનું બળ નથી પણ પોતાની જાત એજ જેમની મુડી છે તેમની માટે એકતા મોટું બળ છે.

(૩) **સ્વતંન્ત્રા :-**

દરેકને પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ છે, સ્વતંત્ર વિચાર શકિત છે અને પોતાના વિચાર પ્રમાણે આચરણ કરવાનો દરેકને હકક છે. ભેગા મળીને કામકરવાનો અર્થ પોતાનુ વ્યકિત સ્વાતંન્ત્ર્ય ગુમાવવાનુ નથી સામુહીક શકિત વ્યકિતના સ્વાતંન્ત્ર્ય ને બાધક ના નિવડે એવી રીતે વ્યકિત સમુહને માટે અને સમુહ વ્યકિતને માટે કામ કરે છે.

(૪) **સમાનતા :-**

સહકારી મંડળીમાં કોઈપણ જાતના ભેદ વગર સમાનતાના ધોરણે કોઈપણ વ્યક્તિ મંડળીમાં દાખલ થઈ શકે છે તેમજ છુટા થઈ શકે છે તેમાં પુરૂષ – સ્ત્રીના, કાળા – ગોરાના, પક્ષીય રાજકારણ, જુથવાદ,કોમવાદ કે ઉચ્ચ નીચના ભેદભાવ નથી.

(૫) **કરકસર :-**

સહકારી મંડળી કરકસર, સ્વાશ્રય અને પરપસ્પર મદદ દ્વારા સભાસદોને ઉચ્ચતર જીવન ધોરણ મેળવી આપે છે. કરકસર વ્યક્તિના ચારીત્ર્યને ઘડે છે અને સંસ્થાને સધ્ધર બનાવે છે.

(૬) **ન્યાય :-**

મંડળીનું સભાસદો સાથેનું કામકાજ ન્યાયી રહે છે. સભાસદોની આર્થિક અસમાનતા દુર થાય અને દરેકને ન્યાય મળે તેવી રીતે મંડળીની આવકની વહેંચણી થાય છે.

(૭) **શિક્ષણ :-**

સહકારી મંડળીએ લોકશાસનની પાઠશાળા છે. સહકારી મંડળીનાં સભાસદો માટે તેમજ સહકારી પ્રવૃતિના વિકાસ માટે સહકારી શિક્ષણ આવશ્યક છે, જેથી કરીને સભ્યોમાં તેમના અધિકારો અને જવાબદારી સમજાવી શકાય છે, તેઓ સભ્યોના હિતમાં સાચા નિર્ણયો સમયસર લઈ શકે અને નિષ્ઠા પુર્વક મંડળીનુ સંચાલન કરી શકે. સહકારી સંસ્થા માત્ર વ્યાપારી એકમ નથી પરંતુ એક નૈતિક સંગઠન છે, જેથી તેની સફળતા માટે વફાદારી અને જાગૃતિ પુર્વશરત ગણાવી જોઈએ. સહકારી પ્રવૃતિના ઉદેશો, આદર્શો અને સિધ્ધાંતોના અમલ માટે સભાસદ શિક્ષણ જરૂરી છે અને તેથી જ સહકારી પ્રવૃતિના વિકાસમાં શિક્ષણનું મહત્વ ઊંચુ આંકવામાં આવે છે .

## ૧.૫ વિશ્વમાં સહકારી પ્રવૃતિનો ઉદભવ અને વિકાસ

બ્રિટનએ ગ્રાહક સહકારી પ્રવૃતિની જન્મ ભૂમિ છે. વેપારક્રાંતિ અને નવજાગૃતિનાં કાળ પછી ઈ.સ.૧૭૫૦ માં સૌપ્રથમ બ્રિટનમાં ઔધોગીક ક્રાંતિ થઈ, વિશ્વમાં અને ખાસ કરીને યુરોપના દેશોનાં આર્થિક અને સામાજીક જીવનમાં મોટા ફેરફારોની શરૂઆત થઈ. અર્વાચીન યુગનો પ્રારંભ થયો.

ઔધોગીકક્રાંતિ એટલે યંત્રવિદ્યાનો વિકાસ, કૃષિ અને સંદેશા વ્યવહારમાં સુધારો, મુડીવાદી પધ્ધતિનો પ્રારંભ અને ઉદય. ઔધોગીક ક્રાંતિ ને પરીણામે ઉત્પાદન વધ્યુ,યંત્રોનો ઉપયોગ થયો, વપરાશ વધી અને બજારોનો વિકાસ થયો. લોકોના વિચારોમાં ક્રાંતિ આવી, નાગરીક અને આર્થિકસ્વતંન્ત્તાનો વિકાસ થયો, વેપારવાદનો નાશ થયો અને મુકત હરીફાઈનો જમાનો આવ્યો. કારખાના પધ્ધતિનાં લાભની સાથે તેની હાનિકારક અસરો પણ થઈ. મજૂરોનું શોષણ, સામાજીક પ્રશ્નો ઉપસ્થિત થયા. વેપારમાં ચડતી–પડતી આવવા લાગી. બેરોજગારી, વર્ગવિગ્રહ અને અકસ્માતની શરૂઆત થઈ.

ઔધોગીક ક્રાંતિનાં દુષણો અને તેની વિપરીત અસરો દુર કરવા બે જુદી જુદી વિચારસરણીનાં જુથોએ પોતાના અભિપ્રાયો જણાવી ભલામણો કરી હતી. એક જુથની માન્યતા અને મંતવ્યો એવા હતા કે આખી મુડીવાદી પધ્ધતિનો નાશ કરી તેના સ્થાને રાજયનાં માર્ગદર્શન અને અંકુશ હેઠળ ચાલે તેવી આર્થિક વ્યવસ્થા કરવી જોઈએ. આ વિચારસરણીના પ્રમુખ કાર્લમાર્કસ અને તેના અનુયાયી હતા. જયારે બીજા જુથનો અભિપ્રાય એવો હતો કે ઔધોગિકક્રાંતિને કારણે ઘણી આર્થિક સિધ્ધીઓ પ્રાપ્ત થઈ છે અને તેથી મુડીવાદી પધ્ધતિના ફાયદા જાળવી રાખવા અને તેના દુષણો દુર કરવા ઉપાયો કરવા

ઔધોગીકક્રાંતિની શરૂઆત બ્રિટનમાં થઈ તે જ રીતે સહકારી પ્રવૃતિની શરૂઆત પણ બ્રિટનમાં જ થઈ. બ્રિટને સહકારી પ્રવૃતિ દ્વારા વિશ્વના ઓછા સાધન સંપન્ન લોકો માટે શોષણ નિવારવાની આ મહત્વની પ્રવૃતિમાં પહેલ કરી તેમજ તેનો પ્રચાર કરી મહત્વનું કાર્ય કરેલ છે.

સંજોગો માનવીના જીવનને ઘડે છે અને જરૂરીયાતો એ શોધખોળની જનની ગણાય છે. બ્રિટનમાં ગ્રાહક સહકારી પ્રવૃતિનો જન્મ અને વિકાસ તે સમયનાં આર્થિક અને સામાજીક પરીબળોનું પરીણામ હતું.

આમ, અઢારમી સદીના ઉતરાર્ધમાં બ્રિટનમાં અસ્તિત્વમાં આવેલી અને ઝડપથી સફળ નિવડેલી ઔધોગિકક્રાંતિએ બ્રિટનનાં અર્થકારણ અને સમાજ વ્યવસ્થામાં ધરખમ ફેરફારો કર્યા હતા. ઔધોગિકક્રાંતિથી કેટલાક લોકોના જીવન ધોરણમાં સારો એવો સુધારો થયો, પરંતુ કારખાનામાં કામ કરનારા લોકો એટલેકે મજૂરોની સ્થિતી કફોડી બનવા લાગી. મજૂરવર્ગનું માલીક વર્ગ દ્વારા શોષણ થવા લાગ્યું. ગંદો વસવાટ, અપુરતો અને ખામી ભરેલો ખોરાક, ભારેમજૂરી, માલીકોનું નિષ્ઠુર વલણ વિગેરે કારણોથી બ્રિટનનો મજૂર વર્ગ કઢંગો, રોગિષ્ઠ તેમજ તેજહીન બની ગયો હતો.

શરૂઆતમાં બ્રિટનની સરકાર મુક્ત વેપારની નિતીને વરેલી હોવાથી મુકસાક્ષી બની હતી. મજૂરોની આ કરૂણ સ્થિતી વિષે બ્રિટનના કેટલાક દિર્ઘદ્રષ્ટીવાળા સમાજ સુધારકોએ ઈલાજ શોધવાનો પ્રયત્ન કર્યો અને આ ઈલાજ તે " સહકાર " આખરે મળ્યો પણ ખરો . આમ, બ્રિટનના શોષીત વર્ગમાં સહકાર વિષેના વિચારોના બીજ રોપાયા . સમય જતાં આ વૈચારિક બીજ સહકાર રૂપી વટવૃક્ષ બન્યુ.

બ્રિટનમાં ઔધોગિકક્રાંતિ દ્વારા ઉદભવેલી સામાજીક અશાંતી દુર કરવા માટે કેટલાક સુધારાવાદી બહાર આવ્યા. તેઓમાંથી ' રોબર્ટ ઓવેન' નું નામ આ બાબતમાં ખુબજ જાણીતું બન્યું. તેઓએ મજૂરોની સ્થિતી સુધારવા મજૂરોના કામના કલાકો ઘટાડયા, વેતનમાં વધારો કર્યો, બાળ મજૂર પ્રથા દુર કરી તેમજ મજૂરોના વસવાટ માટે હાઉસીંગ કોલોની બાંધી. રોબર્ટ ઓવેને શરૂ કરેલી પ્રવૃતિ ઈ.સ.૧૮૨૦ થી ઈ.સ.૧૮૪૦ સુધી એટલે કે બે દાયકા ચાલી.

સહકાર અંગેની વિચારધારા વિકાસવામાં અગત્યનો ફાળો આપનાર એકબીજા અગ્રણી ડો. વિલિયમ કીંગ હતા. તેઓએ સહકારને લોકપ્રિય બનાવવા ઝુંબેશ શરૂ કરી હતી. તેઓ પોતાના વિચારો તેમણે શરૂ કરેલ 'કો-ઓપરેટર' નામના સામાયિકમાં પ્રસિધ્ધ કરતા. રોબર્ટ ઓવેન,ડો.વિલિયમ કીંગ તેમજ તેમના અનુગામીઓએ સહકાર વિષેના વિચારો અને સિધ્ધાંતો રજુ કર્યા તે તત્કાલિન બ્રિટનની સમાજ વ્યવસ્થા સાથે બંધબેસતા થયા નહી, પરંતુ તેમાંથી સહકારી ગ્રાહક પ્રવૃતિએ પોતાની આંતરીક શકિત ગ્રહણ કરી હતી. એટલા માટે જ ' રોબર્ટ ઓવેન ' અને 'ડો.વિલિયમ કીંગ ' આ બે મહાનુભાવોને બ્રિટનની સહકારી પ્રવૃતિનાં જનક તરીકે ઓળખવામાં આવે છે.

પરંતુ, બ્રિટનમાં ગ્રાહક સહકારી મંડળીની વ્યવસ્થિત સ્થાપનાનો યશ રોશડેલના આધસ્થાપકોનાં ફાળે જાય છે. રોશડેલએ લેંકશાયર વિસ્તારનાં મધ્યભાગમાં આવેલું હતું. લેંકશાયર સુતરાઉ કાપડની મીલમાં કામના કલાકો વધુ હતા. જયારે કામના બદલામાં આપવામાં આવતુ વેતન ઓછું હતું. રોશડેલની આમસભાનાં એક સભાસદે બ્રિટનની એક આમસભામાં ઈ.સ.૧૮૪૧ માં જણાવ્યું હતું કે, મજૂરો ભયાનક પરિસ્થિતીમાં જીવી રહ્યા છે. તેણે મજૂરોની આ દારૂણ સ્થિતી નિવારવા કંઈક કરવું જોઈએ તેમ જણાવ્યું હતું. આ સ્થિતીના નિવારણ માટે એક સભ્યે હડતાલનું શસ્ત્ર સુચવ્યું, પરંતુ તેની હડતાલ નિષ્ફળ નિવડી હતી. આમ, હડતાલએ સાચો માર્ગ નથી તેમ જણાતા ઈ.સ.૧૮૪૩ માં એક રવિવારે ચાર્ટિસ્ટ હોલમાં ૨૮ વણકરો એકઠા થયા. તેઓમાંના એક હાઉરથ ચાર્લ્સે સુચવ્યું કે તેઓ માટે વેતનમાં વધારો મેળવવાનું મુશ્કેલ છે, પરંતુ તેઓ પોતાના માટેસામુહીક ખરીદી કરીને પોતાના ખર્ચમાં ચોકક્સપણે ઘટાડો કરી શકે.

આ ૨૮ વણકરોએ આ સંદર્ભમાં જરૂરી ચર્ચા- વિચારણા કર્યા બાદ અઠવાડિયાના બે પેન્સ બચાવીને સભાસદદિઠ જયારે એક પાઉન્ડની રકમ ભેગી થાય ત્યારે સહકારી ધોરણે જીવન જરૂરીયાતની વસ્તુઓ પુરી પાડતો એક સ્ટોર શરૂ કરવાનું નકકી કર્યુ. ટોડલેન પર દસ પાઉન્ડના વાર્ષિક ભાડાથી એક નાનકડી દુકાન રાખી

તેનુ નામ ' રોશડેલ ઈક્વિટેબલ પાયોનિયર્સ સોસાયટી ' રાખ્યું આમ, આ ૨૮ વણકરો વિશ્વની ગ્રાહક સહકારી પ્રવૃતિના પ્રણેતા અને આધસ્થાપક બન્યા.

આમ,સ્ટોરનાં આધસ્થાપકોનો દ્રઢ સંકલ્પ, પોતાની મેળે પોતાના માટે કંઈક કરવાની તમન્ના, અડગ ઉત્સાહ, શુભ ભાવના અને વફાદારી તેમજ રોકડ વેચાણની પધ્ધતિએ આ સ્ટોરને સફળ બનાવ્યો. બ્રિટન અને બીજા દેશના લોકોએ પણ રોશડેલના આધસ્થાપકોના કામમાંથી પ્રેરણા લઈ ગ્રાહક સહકારી મંડળીઓની રચના કરી. એક દીવા માંથી બીજો દીવો પ્રગટે તેમ એક સહકારી સ્ટોરની રચનાથી બીજા સહકારી સ્ટોરની રચના થવા લાગી.

વિશ્વમાં સહકારની જયોત ફેલાઈ. સહકારી વિચારધારા અતરની સોડમની જેમ વિશ્વના વિવિધ દેશોમાં પ્રસરી. વિશ્વની આજની સહકારી પ્રવૃતિનો યશ રોશડેલના આ આધસ્થાપકોનાં ફાળે જાય છે.આ સ્થાપકોને સ્વપ્ને પણ ખ્યાલ નહી હોય કે તેઓનું આ સહકારી સાહસ સમગ્ર માનવ જાતને ઉપકારક નિવડશે.

## ૧.૬ સહકારી પ્રવૃતિ અને કૃષિક્ષેત્ર :-

કૃષિ શાખ પ્રવૃતિની માતૃભૂમિ જર્મની ગણાય છે. ભારતમાં ૧૯મી સદીના મધ્યમાં સહકારી પધ્ધતિનો શાખના ક્ષેત્રમાં પ્રારંભ થયો, જે સમયે જર્મન ખેડૂતો અને કારીગરો દેવામાં સપડાયેલા હતા અને દુષ્કાળએ જર્મનીમાં સામાન્ય બનાવ બની ગયો હતો. અર્થતંત્ર ઉપર યહુદીઓનું પ્રભુત્વ હતું. હેનરી વુલ્ફે વર્ણન કર્યાનુસાર ખેડૂતના ઘરો યહુદીઓને ત્યાં ગીરો મુકવામાં આવ્યા હતા, મોટા ભાગના ખેડૂતોના પશુઓ યહુદી શાહુકારોને હવાલે કરવામાં આવ્યા હતા.

આ પરિસ્થિતીમાં ગ્રામ્ય વિસ્તારના લોકોને રાહત આપવાના હેતુથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં અનુક્રમે હેર રેફીઝન અને હેર શુલ્ઝે રાહતના પગલાં લેવાનાં શરૂ કર્યાં. ઈ.સ.૧૮૪૯ માં રેફીઝને ફલેમર્સ ફિલ્ડમાં ગરીબ ખેડૂત સહાયક સંઘની રચના કરી, એને માટે જરૂરી મુડી એ વિસ્તારના ધનિકોની જામીનગીરી દ્વારા મેળવી આ સંઘે ઘણા ખેડૂતોને યહુદી શાહુકારોના પંજામાંથી છોડાવ્યા.

એ પછી રેફિઝનની હેડ સ્ડોર્ફ ખાતે બદલી થતાં ત્યાં તેણે બીજી પરોપકારી મંડળી ઉભી કરી જેમાં એ વિસ્તારના સાધનસંપન્ન લોકો સભ્ય બન્યા અને તેમાં મોટી રકમની થાપણો મુકી જેમાંથી ખેડુતોને અને કારીગરોને ઉત્પાદક્રિય હેતુઓ માટે કરજ આપવામાં આવતા. આ મંડળીએ સારી સફળતા હાંસલ કરવા છતાં રેફિઝનને એ વાત ગમી ન હતી કે નિર્ધન લોકો ધનિક લોકોની દયા ઉપર જીવતા રહે. આથી તેણે આવા આર્થિક રીતે નબળા લોકોને મંડળીના સભાસદો બનાવ્યા અને " હેરસ્ડોર્ફ ક્રેડિટ યુનિયન " નામની નવી મંડળીની રચના કરી. માનદસેવા અને અમર્યાદિત જવાબદારીના ધોરણે આ સંઘ કામ કરતો હતો.

ત્યારબાદ જર્મનીમાં આ પ્રવૃતિનો વિકાસ થયો અને ઘણા સંઘો ઉભા થયા. ઈ.સ.૧૮૭૭ માં " ધી ગ્રાન્ડ યુનિયન ઓફ રૂરલ કો-ઓપરેટિવ સોસાયટીઝ ( રેફિઝન યુનિયન) " ની રચના કરવામાં આવી. પોલેન્ડ, ઈટાલી, ગ્રીસ અને અન્ય યુરોપ તેમજ એશિયાના દેશોમાં રેફિઝન ધોરણે મુળ સ્વરૂપમાં કે થોડા સુધારેલા સ્વરૂપમાં કૃષિધિરાણ પ્રવૃતિનો ક્રમશ : પ્રારંભ અને વિકાસ થયો.

## ૧.૭ વિશ્વના વિવિધ દેશોમાં સહકારી પ્રવૃતિ :-

વિશ્વનાં વિવિધ દેશોમાં કે જયાં સહકારી પ્રવૃતિ દ્વારા આર્થિક ક્ષેત્રે અભુતપૂર્વ અને અસાધારણ સફળતા હાંસલ કરવામાં આવી છે, તેવા દેશોની સહકારી પ્રવૃતિ ઉપર એક નજર :: –

### (૧) ઈઝરાયલ :-

ઈઝરાયલ મેડીટરેનિયમ સાગરનાં પૂર્વ છેડા ઉપર આવેલો એક નાનકડો દેશ છે. ઈઝરાયલનો ભૌગોલીક વિસ્તાર માત્ર ૮૦૦૦ ચોરસ માઈલ છે. ઈ.સ.૧૯૭૦માં તેની વસ્તી ૨૯,૯૯,૦૦૦ હતી. જમીન અને આબોહવાની દ્રષ્ટિએ ઈઝરાયલ વિશિષ્ટતા ધરાવતો દેશ છે.જમીન અને આબોહવામાં ભારે વૈવિધ્ય રહેલું છે. ઈઝરાયલમાં ૧૨ જિલ્લાઓ અને ૨૭ પેટાજિલ્લા આવેલ છે. ઈ.સ. ૧૯૪૮માં આઝાદી પ્રાપ્ત થતાં ઈઝરાયલના નવા રાજયનો જન્મ થયો. ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાયલનું અલગ રાજય થતાં યહૂદીઓનાં પુનઃવસવાટનો પ્રશ્ન વિકટ બન્યો હતો.આ પ્રશ્નને હલ કરવામાં અને નવા રાજયને સ્થિરતા તેમજ પ્રગતિ બક્ષવામાં ઈઝરાયલની સહકારી પ્રવૃતિએ મહત્વનો ફાળો આપેલો છે. ઈ.સ.૧૯૪૮માં ઈઝરાયલ કૃષિ ઉત્પાદનમાં ખાધ અનુભવતું હતું,તે ઈ.સ.૧૯૬૦માં આત્મનિર્ભર બની શકયું છે.

વિશ્વમાં ત્રણ દેશો એવા છે જેમાં દેશની ૪૦ ટકા કરતાં વધુ વસ્તીને સહકારી પ્રવૃતિમાં આવરી લેવામાં આવી છે. જેમાં પ્રથમ નંબરે રૂમાનિયા કે જેણે પોતાની કુલ વસ્તીના ૪૪.૪ ટકાને સહકારી પ્રવૃતિમાં આવરી લીધેલી છે,દ્વિતીય નંબરે ડેન્માર્ક કે જેણે પોતાની વસ્તીની ૪૨.૧૩ ટકા ને સહકારી ક્ષેત્રે સમાવિષ્ટ કરેલ છે,જયારે ત્રીજા નંબરે ઈઝરાયલ આવે છે,જેણે ૪૧.૦૪ ટકા વસ્તીને સહકારી પ્રવૃતિમાં સામેલ કરેલ છે.આ ત્રણે દેશો પૈકી રૂમાનિયા અને ડેન્માર્ક યુરોપ ખંડમાં આવેલ છે.

જ્યારે ઈઝરાયલ એશિયા ખંડમાં આવેલ છે. ઈઝરાયલના મજૂર મંત્રલાયે ઈ.સ.૧૯૬૮માં પ્રસિદ્ધ કરેલી માહિતી અનુસાર, આ દેશમાં ઈ.સ.૧૯૬૮માં જુદા- જુદા પ્રકારની ૧૯૨૨ સહકારી મંડળીઓ હતી.આ દેશમાં દર ચાર માણસે એક માણસ સહકારી મંડળીઓનો સભાસદ છે. ઈઝરાયલની સહકારી પ્રવૃતિનું કાર્યક્ષેત્ર ખુબજ વિશાળ છે.

હોરેસ પ્લન્કેટ ફાઉન્ડેશન ફોર કો-ઓપરેટિવ સ્ટડીઝના એક લેખમાં માર્ગારિટ ડીગ્બીએ ઈ.સ.૧૯૫૪માં પ્રસિદ્ધ થયેલ પુસ્તકમાં જણાવ્યું છે કે,**'પ્રયોગ કરનારી પ્રયોગશાળા તરીકે ઈઝરાયલની સહકારી પ્રવૃતિ અજોડ છે.'** આ જ લેખક જણાવે છે કે, 'ઘણા દેશોમાં સહકારી અને મજૂર પ્રવૃતિની સ્થાપના શોષણખોરોના પંજામાંથી ગરીબ વર્ગની જનતાને મુક્ત કરવા માટે કરવામાં આવી હોય છે.' ઈઝરાયલમાં સહકારી પ્રવૃતિની સ્થાપના આર્થિક વિકાસને વેગ આપવા માટે કરવામાં આવી હતી.ઈ.સ.૧૯૪૮માં ઈઝરાયલનું અલગ રાજ્ય થતાં યહૂદીઓના પુનઃવસવાટનો પ્રશ્ન વિકટ બન્યો હતો.ઈઝરાયલના અર્થતંત્રને આ પ્રશ્ન જોડે નિકટનો સંબંધ હતો.આ પ્રશ્નને હલ કરવામાં અને નવા રાજયને સ્થિરતા તેમજ પ્રગતિ બક્ષવામાં ઈઝરાયલની સહકારી પ્રવૃતિએ મહત્વનો ફાળો આપેલો છે.

ઈઝરાયલ સહકારી પ્રવૃતિઓમાં કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે.તેની મુખ્ય વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છે.:-

(૧) ઈઝરાયલની સહકારી પ્રવૃતિની પ્રથમ વિશિષ્ટતા કાયદાવિષયક છે. સ્વતંત્ર્તા પહેલાં ભારતમાં સહકારી પ્રવૃતિને લગતી જે કેટલીક ધારાકીય જોગવાઈઓ હતી, તેમાંથી બ્રિટીશ સરકારે વટહુકમ દ્વારા ત્યાંની સહકારી મંડળીઓ માટે કેટલીક જોગવાઈઓ કરી હતી. ઈઝરાયલમાં સહકારી પ્રવૃતિને લગતો કોઈ કાયદો ન હતો. રજિસ્ટ્રેશન કર્યા વગર કેટલીક સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી હતી. ઈ.સ.૧૯૨૦માં સૌ પ્રથમ બ્રિટીશ સરકારે સહકારી મંડળીઓને લગતો વટહુકમ બહાર પાડી કેટલીક જોગવાઈ કરી હતી,આ વટહુકમની કેટલીક જોગવાઈઓ ભારતની સહકારી પ્રવૃતિના ઈ.સ.૧૯૧૨ના કાયદામાંથી લેવામાં આવી હતી,ફરી ઈ.સ.૧૯૩૩માં વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો,જે ભારતના ઈ.સ.૧૯૨૫ના સહકારી કાયદાને આધારે ઘડવામાં આવ્યો હતો.

(૨) વિશ્વના વિવિધ દેશોની સહકારી પ્રવૃતિ પર દ્રષ્ટિપાત કરતા જણાય છે કે ત્યાં સહકારી પ્રવૃતિનું ક્ષેત્ર મર્યાદિત હોય છે, અમુક જ ક્ષેત્રોમાં તે સફળતાપૂર્વક કામ કરી શકે છે,પરંતુ ઈઝરાયલની સહકારી પ્રવૃતિનું કાર્યક્ષેત્ર ખુબજ વિશાળ છે. આ દેશમાં સહકારી પ્રવૃતિની શરૂઆત કૃષિક્ષેત્રમાં થઈ હતી અને ક્રમશઃ બધા જ ક્ષેત્રોમાં તેનો વિસ્તાર અને વિકાસ થયો છે. ભારતના ખેડૂતોના દેવા વિશે જેમ કહેવત પડી છે કે,'ભારતનો ખેડૂત દેવામાં જન્મે છે, દેવામાં જીવે છે,અને દેવામાં જ મૃત્યુ પામે છે.' તેમ ઈઝરાયલમાં સહકારી પ્રવૃતિ વિશે કહેવત છે કે,'આ દેશમાં માણસ સંપૂણપણે સહકારમાં જન્મે છે, સહકારી જીવન જીવે છે અને સહકારી ક્ષેત્રમાં મૃત્યુ પામે છે.'- આ કહેવત ઈઝરાયલની સહકારી પ્રવૃતિનો વિસ્તાર અને વિકાસ દર્શાવે છે.

(૩) ઈઝરાયલના કિબુત્સમાં જે કોમી જીવન જીવવામાં આવે છે,તે વિશ્વનાં રાષ્ટ્રોમાં અનોખું છે.'કિબુત્સ' જીવનનો રાહ એ કોમી જીવનનું વિસ્તૃત અને  ઉચ્ચ સ્વરૂપ છે.વિશ્વનાં રાષ્ટ્રો માટે આજે તે એક વિશિષ્ટતા બની છે.જેમ  ડેરીક્ષેત્રે ડેન્માર્ક  વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે,તેમ કિબુત્સ માટે  ઈઝરાયલ વિશ્વના સહકારી પ્રવૃતિના વિચારકો,આગેવાનો,લેખકો અને ઈતિહાસકારો માટે યાત્રાધામ બનેલું છે.

(૪) ઈઝરાયલની સહકારી પ્રવૃતિમાં જુદી-જુદી સહકારી મંડળીઓ જે ફરજો બજાવે  છે, તે વિશ્વમાં ભાગ્યે જ કોઈ દેશની સહકારી મંડળીઓ બજાવતી હશે. ઈઝરાયલની સહકારી મંડળીઓ ઉત્પાદન અને વહેંચણી ઉપરાંત નગરપાલિકાની ફરજો પણ બજાવે છે.ઈઝરાયલમાં સહકારી રજિસ્ટ્રારે નકકી કરેલા કાનુન પ્રમાણે સહકારી સંસ્થાઓના ધ્યેયમાં એક ધ્યેય જાહેર સેવાઓની સ્થાપના કરવાનું અને તેનો નિભાવ કરવાનું હોય છે.આ જોગવાઈ પ્રમાણે ગ્રામવિસ્તારમાં આરોગ્ય, સેવાઓ, શિક્ષણ અને અન્ય નગરપાલિકાની ફરજો બજાવવાની જવાબદારી સહકારી મંડળીઓને સોંપવામાં આવે છે.

(૫) ઈઝરાયલમાં મજૂર પ્રવૃતિ અને સહકારી પ્રવૃતિ વચ્ચે ગાઢ સંબંધ છે. ઈઝરાયલની  સરકારે પણ આ સંબંધો માન્ય રાખેલા છે. આ દેશમાં રજિસ્ટ્રાર અને સહકારીમંડળીઓ મજૂર મંત્રાલય હેઠળ કામ કરે છે.જે વ્યકિત મજૂર મહામંડળની સભ્ય હોય તે વ્યકિત જ સહકારી પ્રવૃતિમાં જોડાઈ શકે છે, સહકારી મંડળીનો સભાસદ બની શકે છે.

ઈઝરાયલની રાષ્ટ્રીયભાષા હિબ્રુ છે.હિબ્રુ ભાષામાં યહૂદી મજૂર મહામંડળોને હિસ્તાદ્રુત કહેવામાં આવે છે, જે કોઈ સ્વ-મજૂરીમાં માનતું હોય તે તેમનું સભ્ય બની શકે છે. આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૨૦માં કરવામાં આવી હતી.આ સંસ્થા ઈઝરાયલમાં અનેક પ્રવૃતિઓ કરે છે. તે મજૂર કોલેજોની સ્થાપના કરી,મજૂરોને શિક્ષણ અને તાલીમની સગવડો આપે છે.આ સંસ્થા સહકારી મંડળીઓ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે.

આ ઉપરાંત,હેવરત ઓવડીમ(મજૂરોનુંસહકારી મંડળ) એ સહકારી કાયદા હેઠળ ઈઝરાયલના યહૂદી મજૂરોના સહકારી મંડળીની નોંધણી કરે છે.હેવરત ઓવડીમ એ એક મોટી રાષ્ટ્રીય પ્રાથમિક સહકારી મંડળી છે, જેમાં કોઈપણ હિસ્તાદ્રુતનો સભ્ય સીધું સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.આ રાષ્ટ્રીય સહકારી મંડળીની સભ્ય સંખ્યા ખુબજ મોટી છે.હેવરત ઓવડીમનું મહત્વનું કાર્ય જુદી જુદી સહકારી સંસ્થાઓની રચના કરવાનું છે.આ સંસ્થા તેનું ધ્યેય પ્રાપ્ત કરવા અસરકારક કામ કરી શકે તે માટે તેને વિશાળ સતાઓ આપવામાં આવી છે.

## કૃષિક્ષેત્રે સહકારી પ્રવૃતિ :-

ઈ.સ.૧૯૪૮માં ઈઝરાયલના નવા રાજયની સ્થાપના થઈ ત્યારે દેશમાં માત્ર ૨૩૨ કૃષિક્ષેત્રની સહકારી મંડળીઓ હતી,જયારે ઈ.સ.૧૯૬૮માં તેની સંખ્યા ૧૦૫૦ની થઈ હતી.કિબુત્સ (સમૂહ વસવાટનું સ્થળ)એ સહકારી અને સામૂહિક સંગઠનની દિશામાં ઈઝરાયલના લોકોની અજોડ સિધ્ધિ છે.બદલાતા સમય અને વિશ્વના પ્રવાહોની તેને કોઈ અસર થવા પામી નથી.આ તેનો મહત્વનો ગુણધર્મ છે. કિબુત્સે વર્ષો સુધી સહકારના આ વિસ્તૃત સ્વરૂપને જાળવ્યું છે.ઈઝરાયલના રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા આગેવાનોએ ક્રમે ક્રમે કિબુત્સનું પોતાને અનુકુળ આવે તેવું માળખું તૈયાર કર્યુ હતું. અનેક પ્રયોગો અને ચકાસણીના અંતે કિબુત્સનું વર્તમાનનું સંપુર્ણ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું.ઈઝરાયલની અર્થવ્યવસ્થામાં કિબુત્સનું સ્થાન મહત્વનું અને ગૌરવપૂર્ણ છે. કિબુત્સમાં સ્થાપકોએ ઉંચા આદર્શો અને ઉમદા ધ્યેય સાથે શરૂ કરેલી આ વ્યવસ્થામાં આજે પણ એમ માનવામાં આવે છે કે, " તસુઓ તસુ જમીનમાં પરસેવાનું રોકાણ કરવાથી જન્મભૂમિનો વિકાસ થાય છે. "

કિબુત્સની મુખ્ય આર્થિક પ્રવૃતિ ખેતીવાડી ક્ષેત્રમાં છે.ગામડાની આખી કૃષિ અર્થ વ્યવસ્થાનું સંગઠન સામૂહિક ધોરણે થાય છે.કૃષિ અર્થ વ્યવસ્થામાં ખેતીવાડી ક્ષેત્રે લેવામાં આવતા પાક,ડેરીનો ધંધો,શાકભાજી વાડીઓ,ફળના બગીચા,પશુઉછેર, ઘેટાં ઉછેર,મરઘાં ઉછેર અને ઘાસચારાનો સમાવેશ થાય છે.ખેતીવાડી ઉપરાંત આશરે ૩૩ ટકા લોકો ઔધોગીક ઉત્પાદનના કાર્યમાં રોકાયેલા છે.આ સિવાય બાળકોનો ઉછેર અને શિક્ષણએ કિબુત્સની મહત્વની કામગીરી મનાય છે.આ મહત્વની જવાબદારીને ખુબજ અગત્ય આપવામાં આવે છે.કિબુત્સમાં નાગરિકોનું જીવન સાંસ્કૃતિક પ્રવૃતિઓથી સભર બને તે માટે ખાસ પ્રયત્નો કરવમાં આવે છે.સંસ્કાર સિંચન કરતાં શ્રેષ્ઠ પુસ્તકાલયો વસાવવામાં આવે છે.કિબુત્સ તેના સભાસદોની જરૂરીયાતો માટે ફર્નિચર, સાર્વજનિક

રસોડું,સભાસદોને ખોરાક,પોષાક વિગેરે પુરું પાડવાનું કાર્ય કરે છે.આ ઉપરાંત,દરજીકામ, ધોબીકામ,સુથારીકામ, વૈદકીય સારવાર વિગેરેનો સમાવેશ થાય છે. કિબુત્સ એક આદર્શ વર્ગવિહીન સમાજ વ્યવસ્થાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે.ઈઝરાયલની કૃષિક્ષેત્રની પ્રવૃતિમાં 'મોશાવ'એ સહકારનું બીજું મહત્વનું સ્વરૂપ છે.'મોશાવ' એ કિબુત્સનું પરિવર્તીત સ્વરૂપ છે.મોશાવ એ સહકારી નાના માલિકોનું ગામ છે,જ્યાં પરસ્પર સહાયના સિધ્ધાંતો અને સમાનતા પર આધારીત દરેક સભાસદ પાસે ખેતર હોય છે.મોશાવમાં મોટાભાગની પ્રવૃતિઓ સહકારી ધોરણે થાય છે.મોશાવની સહકારી પ્રવૃતિ ખુબજ વિશાળ અને તેના સભાસદોના સમગ્ર જીવનને સ્પર્શતી હોય છે.

મોશાવમાં સહકારી ધોરણે ઉત્પાદનની જરૂરીયાતો જેવીકે ખાતર બિયારણ, પાણી, ઓજારો, પશુ આહાર, ગૃહવપરાશની ચીજો વિગેરે પુરી પાડવામાં આવે છે. મોશાવમાં સહકારી મંડળી કૃષિ ઉત્પાદનનું વેચાણકાર્ય પણ કરે છે. બધા જ સભાસદોને તેમનું ઉત્પાદન સહકારી મંડળીઓ મારફત જ વેચવું પડે છે. મોશાવ આર્થિક પ્રવૃતિઓ ઉપરાંત નગરપાલિકાની ફરજો પણ બજાવે છે,જેમાં સભાસદોનું આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતાનો સમાવેશ થાય છે. મોશાવની આર્થિક પ્રવૃતિ 'નહિ નફો નહિ ખોટ' ના ધોરણે ચાલે છે.

' મોશાવ શિતૂફી' એ ઈઝરાયલની કૃષિ સહકારી પ્રવૃતિનુંત્રીજુંસ્વરૂપ છે. 'મોશાવ શિતૂફી' શબ્દ હિબ્રુ ભાષાનો છે. તેનો અર્થ સામૂહિક નાના માલિકોનો વસવાટ એવો થાય છે. મોશાવ શિતૂફી એ કિબુત્સ અને મોશાવનાં કેટલાક તત્વો ભેગાં કરીને બન્યું છે. ઈ.સ. ૧૯૭૧ના વાર્ષિક અહેવાલમાં 'ઈઝરાયલ વિશે હકિકતો'માં મોશાવ શિતૂફી વિશે લખવામાં આવ્યું છે કે મોશાવ શિતૂફીનો આધાર સામૂહિક અર્થવ્યવસ્થા અને માલિકી છે.વ્યકિતના સંજોગો અને લાયકાત અનુસાર કામ અને પગાર આપવામાં આવે છે. ખેતીવાડી ઉપરાંત મોશાવ શિતૂફી ઉદ્યોગોનો વિકાસ કરવાનું કાર્ય કરે છે.આ ઉપરાંત મોશાવ ઓલીમ પણ આ ક્ષેત્રે જાણીતું છે.

ઈઝરાયલમાં વેચાણ વ્યવસ્થા સહકારી ધોરણે વિકસી છે. ઈઝરાયલ પોતાની પેદાશોની વિશ્વના અનેક દેશોમાં નિકાસ પણ કરે છે. પાણીના કરકસરયુક્ત ઉપયોગ માટે ડ્રીપઈરીગેશન અને સ્પિંકલર્સ સિંચાઈનો ઉપયોગ થાય છે. પાક વિમા પધ્ધતિને વ્યવહારૂ બનાવવામાં આવી છે.

વિશ્વનાં રાષ્ટ્રોમાં ઈઝરાયલની વિશિષ્ટ પ્રકારની સહકારી પ્રવૃતિએ ભારે આકર્ષણ ઉભું કર્યુ છે. આ પ્રવૃતિની સફળતાએ વિશ્વનાં રાષ્ટ્રોને સહકારી પ્રવૃતિમાં ઉત્સાહ અને પ્રેરણા પૂરાં પાડેલા છે. વિશ્વના મોટાભાગનાં રાષ્ટ્રોમાં સહકારી પ્રવૃતિ એકાંગી રીતે વિકસેલી જણાય છે. જેમકે બ્રિટનમાં ગ્રાહક સહકારી પ્રવૃતિ વિશેષ વિકસેલી છે. ડેન્માર્કમાં ડેરીક્ષેત્રે તેનો વિશેષ વિકાસ થયેલો છે, પરંતુ ઈઝરાયલમાં સહકારી પ્રવૃતિએ આર્થિક અને સામાજીક પ્રવૃતિ છે. ઈઝરાયલની પ્રજાની દરેક પ્રવૃતિમાં સહકાર જણાય છે.

## (૨) ડેન્માર્ક :-

સહકારી સંગઠન અને સંઘશકિતથી એક નાનકડો ખેતી પ્રધાન દેશ કેવું મહાન અને અદભુત કામ કરી શકે છે, તેનું ડેન્માર્ક એક પ્રેરક ઉદાહરણ પુરૂ પાડે છે. યુરોપની ઉતરે આવેલો ડેન્માર્ક એક નાનકડો દેશ છે. ડેન્માર્કનો ખેડૂત હોશીયાર, કરકસરી અને ખંતીલો છે, પરિણામે ડેન્માર્કમાં સહકારી પ્રવૃતિનો વિકાસ જુદા-જુદા ક્ષેત્રો થયેલો છે.

ખેતીવાડી પેદાશોનું વિશેષ કરીને દૂધ અને તેની બનાવટોનું સહકારી ધોરણે વેચાણ કરવાથી દેશને કેવા આર્થીક લાભ પ્રાપ્ત થાય છે, તે ડેન્માર્કની ડેરીક્ષેત્રની સહકારી પ્રવૃતિ દર્શાવે છે. કૃષિપ્રધાન દેશો માટે ડેન્માર્ક આજે એક આદર્શ અને અનુકરણ કરવા જેવો દેશ બન્યો છે. ડેન્માર્કની ડેરીની બનાવટોની આજે વિશ્ર્વભરમાં એક વિશિષ્ટ પ્રકારની છાપ છે. ડેન્માર્કના ખેડુતોની સુખાકારી અને સમૃધ્ધિ ત્યાંની સહકારી ડેરીની વ્યવસ્થાને આભારી છે. ડેન્માર્કની સહકારી ડેરીની પ્રગતિ વિશ્ર્વના અલ્પવિકસીત અને કૃષિપ્રધાન દેશો માટે પ્રેરણાદાયક છે.

ડેન્માર્કનો વિસ્તાર આશરે ૧૭,૦૦૦ ચોરસ માઈલ છે.દેશમાં ખાસ ખનિજસંપતિ નથી,પરંતુ જમીન ફળદ્રુપ છે.ઈ.સ. ૧૮૫૦ સુધી ડેન્માર્ક નેધરલેન્ડ અને જર્મન જોડે વેપાર કરતું હતું, આ બંને દેશો ડેન્માર્કમાંથી અનાજ, ડેરીની બનાવટો અને પશુઓની ખરીદી કરતા હતા. ઈ.સ. ૧૮૫૬માં ડેન્માર્ક અને જર્મની વચ્ચે યુધ્ધ થયું, જેમાં ડેન્માર્કે પોતાના સ્લેશીવીંગ અને હોલેસ્ટીન જેવા ફળદ્રુપ પ્રદેશો ગુમાવ્યા. ડેન્માર્કનો નિકાસ વેપાર લગભગ બંધ થયો.આ પરિસ્થિતી ઉદભવતા ડેન્માર્કે અનાજની નિકાસ ઈંગ્લેન્ડમાં કરવા માંડી, પરંતુ ઈ.સ. ૧૮૭૯ પછી ઈંગ્લેન્ડના બજારમાં વિશ્ર્વના અન્ય રાષ્ટ્રોએ અનાજ આપવાની શરૂઆત કરતાં ડેન્માર્ક આ હરીફાઈમાં ટકી શક્યું નહિ. ડેન્માર્કનું અર્થતંત્ર મંદીમાં સપડાતા ખેડૂતોએ દૂધ,માખણ,માંસ વિગેરે ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ બનાવટોને શરૂઆતમાં અનુકુળ પ્રતિસાદ મળ્યો, પરંતુ દૂધ અલગ-અલગ પશુનું હોવાથી તેની નીચી ગુણવતાને કારણે ઓછા ભાવ મળતા હતા.

ઘણી વખત બજારમાં માંગ ઘટી જતાં તેનો બગાડ પણ થતો. આ પરિસ્થિતીને પહોંચી વળવા આધુનિક ડેરીની વ્યવસ્થાની ખૂબજ જરૂર હતી. યંત્રસંચાલીત આ ડેરીની સ્થાપના માટે મોટું મુડીરોકાણ જરૂરી હતું. આ સંજોગોમાં જટલેન્ડના ખેડુતોએ સાથે મળી સહિયારા પ્રયત્નો દ્વારા યંત્રસંચાલિત ડેરીની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો, જેના ફલસ્વરૂપ ઈ.સ.૧૮૭૫માં ડેન્માર્કમાં પ્રથમ સહકારી ડેરીની સ્થાપના થઈ હતી, જયારે કેટલાક લેખકોના મંતવ્ય મુજબ સોપ્રથમ સહકારી ડેરીની સ્થાપના ઈ.સ. ૧૮૮૨માં એચ.જેડીંગમાં થઈ હતી.અમેરીકન લેખીકા ઈ.એમ.હોગ લખે છે કે," સહકાર દ્વારા ડેન્માર્ક જે બહુમતી ગણોતીયાનો દેશ હતો તેમાંથી ૯૭ ટકાથી વધારે જમીનવાળા ખેડૂતોના દેશમાં ફેરવાઈ ગયો હતો"

ડેન્માર્કમાં સહકારી ડેરી અમર્યાદીત જવાબદારીના સિધ્ધાંત ઉપર રચાયેલી છે. મંડળીના સભ્યો મંડળીની દેવામાં અને પ્રવૃતિમાં સરખે હિસ્સે જવાબદાર હોય છે. મંડળીનો કાર્યવિસ્તાર નાનો રાખવામાં આવે છે, જેથી સહેલાઈથી દૂધ લાવી શકાય. મંડળીના સભ્યો મંડળી સાથે કરાર કરે છે કે સ્વવપરાશ માટેનું દૂધ બાદ કરતાં અમુકવર્ષ સુધી બધુંજ દૂધ મંડળીને આપશે. સામાન્ય રીતે આવો કરાર દસ વર્ષની સમયમર્યાદા ધરાવતો હોય છે. સભ્યોને દૂધની કિંમત દૂધની ઘટતા અને માખણના પ્રમાણમાં આપવામાં આવે છે. મંડળીના વહિવટ માટે નવ સભાસદોનું એક વ્યવસ્થાપક મંડળ હોય છે. મંડળીના સભ્યોને મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ચૂંટવામાં આવે છે. મંડળી અને તેના કોઈ સભાસદ વચ્ચે ઝઘડો થાય તો આ વ્યવસ્થાપક મંડળ તેનો ચુકાદો આપે છે. સભ્યને જો વ્યવસ્થાપક મંડળના ચુકાદાથી સંતોષ ન થાય તો તે વાર્ષિક સાધારણ સભાને અપીલ કરે છે. સાધારણ સભાનો ચુકાદો છેવટનો હોય છે. દરેક મંડળી ટેકનિકલ મેનેજરની નિમણૂક કરે છે. જેમનું મુખ્ય કાર્ય મંડળીનો રોજ-બ-રોજનો હિસાબ રાખવાનું, સામાન્ય સભામાં હિસાબ રજુ કરવાનું અને હિસાબનું ઓડિટ કરવાનું હોય છે.

ડેન્માર્કની જટલેન્ડમાં સ્થાપવામાં આવેલી પ્રથમ સહકારી ડેરી મંડળીના સ્થાપકોએ જે સિધ્ધાંતો આપેલ છે, તે પરથી આ સ્થાપકો કેટલા દીર્ઘદ્રષ્ટિ વાળા અને વ્યવહારૂ હતા, તે જાણી શકાય છે.આમાંના મુખ્ય સિધ્ધાંતો નીચે પ્રમાણે છે.

(૧) જે લોકો દૂધનું ઉત્પાદન કરતા હતા, તે મંડળીનું સભ્યપદ પ્રાપ્ત કરી શકતા. સભ્યપદ માટે કોઈ નાણાકીય રકમ આપવી પડતી નહીં.

(૨) મંડળીના સભાસદોની જવાબદારી અમર્યાદિત હતી.

(૩) મંડળી માટે સભ્યો તેમની સંયુકત જવાબદારી પર નાણાં મેળવી શકતા હતા.

(૪) દરેક સભ્યે તેનું દૂધ મંડળીને આપવું પડતું, પરંતુ તે પોતાની જરૂરીયાત પુરતું દૂધ રાખી શકતો હતો.

(૫) ડિવીડન્ડની વહેંચણી દૂધના અને દૂધની ઘટતાના પ્રમાણમાં થતી.

(૬) વાર્ષિક સાધારણ સભા સર્વોપરી સતા ભોગવતી હતી.

(૭) વાર્ષિક સાધારણ સભા વ્યસ્થાપક મંડળના સભ્યોને ચુંટતી.આ મંડળ ડેરીની વ્યવસ્થા અને વહિવટ સંભાળતું.

(૮) ડેરીની વ્યવસ્થા માટે પગારદાર મેનેજર રોકવામાં આવતો હતો.

સહકારી  ક્ષેત્રે વિવિધતા ધરાવતા ડેન્માર્કમાં સહકારી મંડળીઓનું માળખું પણ ભારે વિવિધતા ધરાવે છે.તેના પાયામાં પ્રાથમિક સહકારી મંડળીઓ હોય છે.ડેરી ક્ષેત્રે પણ તેના માળખામાં પ્રાથમિક સહકારી ડેરી મંડળી હોય છે.જુદી-જુદી પ્રાથમિક ડેરી મંડળીઓ પોતાની પ્રવૃતિ અને કામગીરી પ્રમાણે પ્રાદેશિક મંડળો સાથે સંયોજિત થાય છે.પ્રાદેશિક મંડળો તેમની જોડે જોડાયેલી મંડળીઓના હિતો સાચવે છે. પ્રાદેશિક મંડળોને પોતાના નીતિ-નિયમો હોય છે.

પ્રાદેશિક મંડળો મહામંડળો સાથે જોડાય છે. ડેન્માર્કના સહકારી માળખામાં "મધ્યસ્થ સહકારી સમિતિ સર્વોપરી સંસ્થા છે. જુદા જુદા મહામંડળો તેની સાથે જોડાય છે. દરેકસહકારી સંસ્થાને તેનું પોતાનું આગવું વ્યકિતત્વ હોય છે. કામગીરીમાં સ્વતંત્ર્તા હોય છે, છતાં એકબીજી કક્ષાની મંડળીઓ જોડે સંપર્ક અને સુમેળ જાળવી રાખે છે. આ આખું માળખું લોકશાહી ઢબે કાર્ય કરે છે.

સહકારી ડેરી મંડળીઓ વર્ષને અંતે સભ્યોને નફાની અને ડિવીડન્ડ વહેંચણી કરે છે. પ્રાથમિક મંડળીઓ ડિવીડન્ડ ગુણવતાને આધારે આપે છે, જયારે પ્રાદેશિક મંડળો અને મહામંડળો તરફથી અપાતું ડિવીડન્ડ મંડળીઓને આપવામાં આવે છે.વ્યકિતગત આપવામાં આવતું નથી. દરેક સભાસદ પોતાની મંડળી સાથે ધંધાકીય કરાર કરે છે. દરેક સભાસદે મંડળીના નીતિ-નિયમો અને સિધ્ધાંતોનું પાલન કરવું પડે છે. પ્રાથમિક મંડળીઓ અને પ્રાદેશિક મંડળીઓ વચ્ચે સંબંધો ધંધાકિય બાબતોને લગતા હોય છે. મોટાભાગના નિર્ણયો ચૂંટાયેલ અથવા નિયુકત થયેલાપ્રતિનિધિઓના બહુમતી અભિપ્રાય પ્રમાણે લેવામાં આવે છે.

## ડેરી મંડળીની સફળતાનાં કારણો :-

(૧) સહકારના વિકાસ અને સફળતા માટે પ્રચાર અને માહિતી મહત્વનાં હોય છે. ડેન્માર્કમાં સહકારી પ્રવૃતિ અને શિક્ષણને લગતાં સસ્તાં અને સારા પુસ્તકો પ્રસિધ્ધ કરવા માટે ઈ.સ.૧૯૪૧માં સહકારી ગ્રંથનિર્માણ ઘરની સ્થાપના કરવામાં આવી છે. તેના દ્વારા દરવર્ષે ૩૫ થી ૫૦ પુસ્તકો પ્રસિધ્ધ કરવામાં આવે છે.આ ઉપરાંત ડેન્માર્કમાં માહિતી અને પ્રચાર માટે અભ્યાસવર્તુળો ગોઠવવામાં આવે છે. પ્રદર્શનો,સભાઓ,વ્યાખ્યાનો,મિલન સમારંભો વિગેરે યોજી સહકારી માહિતી અને સાહિત્ય વહેંચવામાં આવે છે.

(૨) ડેન્માર્કની સહકારી ડેરી મંડળીની સ્થાપના,વિકાસ અને સફળતામાં બેંકોની નાણા પુરાં પાડવાની પુરતી સગવડો કારણભૂત છે.

(૩) ડેન્માર્કની સહકારી પ્રવૃતિમાં એક મહત્વનું પ્રેરક પરિબળ એ જમીનની સમાન વહેંચણી છે. જમીનની સપ્રમાણ વહેંચણી થતા આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ સમાનતા અને એકતા વધે છે.

(૪) કોઈપણ આર્થિક પ્રવૃતિની સફળતાનો આધાર તાલીમ પામેલ કાર્યકરો ઉપર હોય છે.ડેન્માર્કમાં સફળ સાબિત થયેલી સહકારી ડેરી પ્રવૃતિમાં તાલીમનો ફાળો મહત્વનો છે.ડેન્માર્કમાં પ્રાથમિક તાલીમ કેન્દ્રથી આંતરરાષ્ટ્રીય સહકારી તાલીમ કેન્દ્રની વ્યવસ્થા છે.

(૫) ડેન્માર્કની સહકારી પ્રવૃતિના વિકાસમાં મહામંડળોનો ફાળો પણ મહત્વનો છે.મહા મંડળોમાં ડેન્માર્કની 'સેન્ટ્રલ કો-ઓપરેટિવ કમિટી' મહત્વનું સ્થાન ધરાવે છે.

(૬) સભ્યોની અસાધારણ વફાદારી,સમજદારી અને નિષ્ઠા,ડેરી પધ્ધતિની ગુણવતાને મહત્વ,પ્રમાણિત ચીજવસ્તુઓની નિકાસ,વિગેરે અનેક કારણો ડેન્માર્કની સહકારી ડેરી મંડળીઓની સફળતાને આભારી છે.

વિશ્વના મોટાભાગના દેશમાં ખેતીએ મુખ્ય વ્યવસાય છે.આ રાષ્ટ્રો માટે ડેન્માર્ક પથદર્શકનું કાર્ય કરી શકેતેમ છે. ડેન્માર્કની પ્રજાના દ્રઢ મનોબળ, સંકલ્પ શકિત,ભારે ઉત્સાહ અને રાષ્ટ્રીય ભાવનાને કારણે તે સહકારી ક્ષેત્રે સફળ થયા એટલું જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વ માટે આદર્શ સહકારી ડેરીની વ્યવસ્થા કરી શકયા.

**(૩) સ્વિડન :-**

યુરોપની ઉતર આવેલા ત્રણ સ્કેન્ડેનેવીઅન દેશોમાંથી સ્વિડન એક નાનકડો દેશ છે. સ્વિડન એ ખેતી પ્રધાન દેશ નથી. સ્વિડનની પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી નથી. સ્વિડનની કુલ વસ્તી આશરે ૧૦ % વસ્તી જ કૃષિક્ષેત્રે રોકાયેલી હોવા છતાં સ્વિડનનું કૃષિ ઉત્પાદન ખુબજ વધારે છે. ખેતી આધુનિક પધ્ધતિથી કરવામાં આવે છે. સ્વિડનની ખેતીની વિશિષ્ટતા એ છે કે ત્યાં કુલ જમીનના માત્ર ૧૦ % જ જમીનનો ઉપયોગ ખેતી માટે થાય છે. ૫૦ % જમીનમાં જંગલો આવેલા છે, જયારે બાકીની જમીન ચરિયાણ અથવા પડતર રહે છે. સ્વિડનની કૃષિ આવક આશરે ૪૦ % હીસ્સો માત્ર દૂધ નો છે અને લગભગ એટલો જ હિસ્સો ઢોરના માંસનો છે. આ રીતે સ્વિડનમાં ખેડૂતોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. પશુ ઉછેર માટે સ્વિડનને ઘાસચારાની એક વિશિષ્ટ સુવિધા પુરતા પ્રમાણમાં પ્રાપ્ત થઈ છે.

## <u>સ્વિડનની કૃષિ ક્ષેત્રની સહકારી પ્રવૃતિનું વર્ગીકરણ :-</u>

જુદી જુદી પ્રવૃતિઓ ધરાવતી સ્વિડનમાં ૧૩ રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થાઓ છે.

(૧) સહકારી ડેરી મંડળ

(૨) સહકારી માંસ વેચાણ મંડળ

(૩) સહકારી ખરીદ-વેચાણ મંડળ

(૪) સહકારી ઈંડા અને મરઘાં – ઉછેર મંડળ

(૫) સહકારી ગ્રામ ધિરાણ મંડળ

(૬) જંગલોના માલીકોનું સહકારી મંડળ

(૭) કેન્દ્રિય જમીન ગીરવી બેંક

(૮) શુધ્ધીકરણ મંડળ

(૯) સારો ઉછેર મંડળ

(૧૦) કાંજી ઉત્પાદક મંડળ

(૧૧) ક્ષણ અને કાથી માલિક મંડળ

(૧૨) તેલીબીયાં ઉત્પાદક મંડળ

(૧૩) લાઈવ સ્ટોક મંડળ

સ્વિડનના ૨,૩૫,૦૦૦ જેટલા ખેડૂતોએ ૩૯૬ જેટલી સહકારી ડેરીઓની રચના કરેલી છે. આ સહકારી ડેરીઓ ૨૩૩ જેટલી સહકારી ડેરી મંડળીઓ સાથે સંકળાયેલી છે. આ સહકારી ડેરી મંડળીઓએ ૧૬ પ્રાદેશિક ડેરી સહકારી સંઘોની રચના કરેલી છે. સ્વિડનમાં સહકારી ડેરી પ્રવૃતિએ સ્વિડનની પ્રજાનો મોટામાં મોટો રાષ્ટ્રીય વ્યવસાય છે. સ્વિડનમાં સહકારી ધોરણે માંસનો વેપાર કરવા ૨૧ જેટલાં સહકારી માંસ વેચાણ મંડળોની રચના કરવામાં આવી છે. આ ૨૧ માંસ વેચાણ મંડળોમાં દેશના ૨૨૩ લાખ ખેડૂતો જોડાયેલા છે.આ મંડળોએ 'સ્વિડનના માંસ વેપાર સંઘ'ની રચના કરેલી છે.

આ ઉપરાંત, સ્વિડનમાં ટુંકા તથા લાંબાગાળાના સહકારી ધિરાણ માટે ૫૭૨ જેટલી ગ્રામીણ સહકારી સંસ્થાઓ ઉભી કરવામાં આવી છે. રાષ્ટ્રીય ધોરણે ધિરાણ માટે તેઓની પાસે સ્વિડિશ ગ્રામીણ ધિરાણ સોસાયટીઓ છે. સ્વિડનમાં કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા રાષ્ટ્રીય કક્ષાનાં ૧૩ સહકારી મંડળોને 'સ્વિડશ ખેડૂત મહામંડળ' સાથે સાંકળી લેવામાં આવ્યા છે.

**આ ખેડૂત મહામંડળના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે.:-**

(૧) ખેડૂતોના લાભના સામાન્ય પ્રશ્નોની રજુઆત કરવી

(૨) સહકારી પ્રવૃતિમાં જોડાયેલા ખેડૂતોની સામાન્ય ફરજો બજાવવી.

(૩) સહકારી પ્રવૃતિમાં જોડાયેલા ખેડૂતોની કાયમી સહકારી પ્રવૃતિ જાળવી રાખવી.

(૪) સભ્યો માટે મહત્વના નાણાકીય કાર્યો કરવા.

**સ્વિડનની અગત્યની રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓ :-**

(૧) સ્વિડિશ કો-ઓપરેટીવ યુનિયન એન્ડ હોલસેલ સોસાયટી-(કો.એફ.)

(૨) ફેડરેશન ઓફ કો-ઓપ.સ્વિડિશ ફાર્મર્સ

(૩) સ્વિડિશ ટેનામેન્ટસ સેવિંગ્સ એન્ડ બીલ્ડિંગ સોસાયટી

(૪) ફોકસામ-સ્વિડિશ ઈન્સ્યોરન્સ સોસાયટી

સ્વિડનમાં સહકારી પ્રવૃતિનો હેતુ વધુમાં વધુ આર્થિક લાભ પ્રાપ્ત કરવાનો હતો. અહીંના ખેડૂતોએ પોતાનું શોષણ નિવારવા,આર્થિક આબાદી મેળવવા અને મોટા પાયા પરનાં આર્થિક લાભ પ્રાપ્ત કરવાના હેતુથી સહકારી મંડળીઓની રચના કરેલી છે. ખેતીવાડી,ડેરી અને આ ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં સહકારી પ્રવૃતિ દ્વારા નોંધપાત્ર સિધ્ધી હાંસલ કરી છે. સ્વિડનની સહકારી પ્રવૃતિના આગેવાન માર્ટિન સન્ડેલની ભવિષ્યવાણી આજે સાચી પડી છે.તેણે સ્વિડનની સહકારી પ્રવૃતિ અંગે ભવિષ્ય ભાખતાં કહયું હતું કે **" સ્વિડનએ ભવિષ્યની સહકારી ભૂમિઓમાંથી એક છે. સ્વિડનએ સહકારી ભાવનાવાળા લોકોનું રાષ્ટ્ર છે."** તેની આ ભવિષ્યવાણી સાચી પડી છે.

## (૪) જાપાનઃ-

જાપાન વિસ્તારની દ્રષ્ટિએ નાનો દેશ હોવા છતાં તેણે વિવિધક્ષેત્રે અનેક ચમત્કાર કરી બતાવ્યા છે. સો વર્ષ પહેલાંનો એક તદન પછાત દેશ આજે દુનિયાના વિકસીત અને આગળ પડતો દેશોમાંનો એક બન્યો છે.સહકારી રાષ્ટ્રનું ઘડતર કરવું એ જાપાનનાં લોકોનો આદર્શ છે.જાપાનની આર્થિક ક્ષેત્રે સિધ્ધીઓ ખુબજ ગણનાપાત્ર છે.

જાપાનમાં સહકારી પ્રવૃતિ ૧૯મી સદીના મધ્યમાં શરૂ થઈ. જાપાનમાં કૃષિ સહકારી મંડળીઓની શરૂઆત ઈ.સ.૧૮૭૦ થી ઈ.સ.૧૮૯૦ના ગાળા દરમિયાન થઈ.જાપાનના ખેડૂતો પૈકી લગભગ ૧૦૦ ટકા ખેડૂતો કૃષિ સહકારી મંડળીના સભાસદો બને છે.

## જાપાનની કૃષિ સહકારી મંડળીઓની વિશિષ્ટતાઓ :-

(૧) આ પ્રાથમિક સહકારી મંડળીઓ એક ગામ કે ગામોના જુથ માટે રચવામાં આવે છે.

`(૨) સહકારી મંડળીમાં સભાસદોની ભાગીદારીને ખૂબજ મહત્વ આપવામાં આવે છે.

`(૩) તમામ સહકારી મંડળીઓ સભાસદ શિક્ષણ અને તાલીમને મહત્વ આપે છે.

(૪) ખેડૂતો ઉપરાંત ગામના અન્ય રહીશો (બીન ખેડૂતો) પણ એસોસિએટ સભાસદો બની શકે છે, એટલે આ મંડળીઓ ખાસ ગ્રામીણ સમાજ માટે કામ કરે છે.

(૫) આ મંડળીઓ વિવિધ પ્રકારની પ્રવૃતિઓ કરે છે. જેવીકે કૃષિ માહિતી અને માર્ગદર્શન,શિક્ષણ પ્રવૃતિ,ધિરાણ અને વેચાણ પ્રવૃતિ,જીવન જરૂરી ચીજો પુરી પાડવી,વીમા ઉતારવાની સેવાઓ,પાકનો વિમો, ઘરનો વિમો, તબીબી સેવાઓ, કાનૂની સલાહ સૂચન, પ્રવાસ, પર્યટન, બેન્કિંગ સેવાઓ.

(૬) સભાસદોના કૃષિ ઉત્પાદનની ચીજોના વેચાણ પણ મંડળીઓ કરે છે. ખાસ કરીને ડાંગર,ફળફળાદી,શાકભાજી વિગેરેનું વેચાણ મંડળીઓ કરે છે.

(૭) સભાસદો માટે તેમની જરૂરીયાત પ્રમાણે તેમનાં નાનાં જૂથ રચવામાં આવે છે. આ જૂથો તેમનાં રસના વિષયો અને વ્યવસાય અંગે અવારનવાર મળી તેમના પ્રશ્નો હલ કરે છે.

(૮) જુદા-જુદા પાક નિષ્ણાંતોની સેવાઓ સભાસદોને ઉપલબ્ધ કરવામાં આવે છે.જાપાનના ખેતીના વિકાસમાં કૃષિ નિષ્ણાંત મારફતે કૃષિ માહિતી માર્ગદર્શન મહત્વનો ભાગ ભજવે છે.

(૯) ધિરાણની વસૂલાત લગભગ ૧૦૦ ટકા થાય છે. આ માટે કોઈ અધિકારી કે રાજકીય દબાણ લાવવાનું હોતું નથી.

(૧૦) દેશના અર્થતંત્ર ઉપર કૃષિ સહકારી મંડળી અસરકારક પરિબળ ગણાય છે,અને તે હેતુથી અસરકારક લોકસંપર્ક આવશ્યક ગણવામાં આવે છે.

**જાપાનના જુદા-જુદા સહકારી કાયદાના સામાન્ય સિધ્ધાંતો નીચે મુજબ છે. :-**

(૧) સહકારી મંડળીઓની રચના સભાસદોની મરજી મુજબ સ્વેચ્છાએ કરવામાં આવે છે,મંડળીની રચનામાં સરકાર તરફથી કોઈપણ પ્રકારનું ફરજિયાતપણું લાદવામાં આવતું નથી.

(૨) સહકારી મંડળીઓનું સંચાલન લોકશાહી પધ્ધતિએ કરવામાં આવે છે.

(૩) ગ્રાહક સહકારી ભંડારનું સભ્યપદ બધા માટે ખુલ્લું રાખવામાં આવે છે.

(૪) સહકારી મંડળીઓના સંચાલન માટે મૂડીને આવકાર્ય ગણવામાં આવે છે.

(૫) સભાસદો માટે સહકારી શિક્ષણ અનિવાર્ય ગણવામાં આવ્યું છે અને શિક્ષણ દ્વારા માહિતી અને માર્ગદર્શન તેમજ સલાહસૂચન પણ આપવામાં આવે છે.પરિણામે સભાસદોની ભાગીદારી નોંધપાત્ર રહે છે.

(૬) સહકારી મંડળીની વાર્ષિક સભાઓ અને વ્યવસ્થાપક સમિતિની સભાઓ નિયમિતપણે મળે અને ચૂંટણીઓ પણ સમયસર કરવામાં આવે છે. સભાઓમાં સંતોષકારક હાજરી રહે છે.

(૭) સહકારી મંડળીઓનું ઓડિટ પણ નિયમિત કરવામાં આવે છે.

જાપાનમાં સહકારી મંડળીઓના રાષ્ટ્રીય કક્ષાના સંઘો પણ કામ કરે છે,જેની સાથે જે તે પ્રકારની સહકારી મંડળીઓ સંયોજિત થાય છે. આ સંઘો નીચે મુજબ છે.

(૧) નેશનલ ફેડરેશન ઓફ કો–ઓપરેટિવ એગ્રિકલ્ચરલ એસોસિએશન

(૨) નેશનલ મ્યુચ્યુઅલ ઈન્સ્યોરન્સ ફેડરેશન ઓફ એગ્રિકલ્ચરલ કો–ઓપરેટિઝ

(૩) નેશનલ પ્રેસ એન્ડ ઈન્ફરમેશન ફેડરેશન ઓફ એગ્રિકલ્ચરલ કો–ઓપરેટિઝ

(૪) નેશનલ વેલફેર ફેડરેશન ઓફ એગ્રિકલ્ચરલ કો–ઓપરેટિઝ

જાપાનની સહકારી અર્થવ્યવસ્થા અને સમાજની રચના કરવામાં સહકારી પ્રવૃતિ અગત્યનો ભાગ ભજવી રહી છે. દુનિયામાં સહકારી આગેવાનો આ દેશની સહકારી પ્રવૃતિની સફળતા અને કામયાબીઓનો તલસ્પર્શી અભ્યાસ કરે છે. જાપાને જેમ તેના આર્થિક વિકાસમાં,શૈક્ષણિક વિકાસમાં અને વૈજ્ઞાનિક પ્રગતિમાં મહાન કામ કર્યું છે, તેમ સહકારી અર્થવ્યવસ્થાનાં વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

## (૫) ફ્રાન્સ :-

વિશ્વના સહકારી આકાશમાં ફ્રાન્સની સહકારી મંડળીઓ,વિશેષ કરીને ઉત્પાદકોની સહકારી મંડળીઓ એક તેજસ્વી સિતારાની જેમ ચળકે છે. અર્વાચીન જગત પર બે વસ્તુઓની બહુ જ અસર છે.

(૧) બ્રિટનની શોધો

(૨) ફ્રાન્સના વિચારો.

સ્વતંત્ત્રા, સમાનતા અને ભાતૃભાવ જેવા સુત્રો હતા, તે ફ્રાન્સની ક્રાંતિએ લોકોને નવા વિચારો સ્વીકારવાની હિંમત આપી. ઔધોગીક ક્રાંતિને લીધે જુની અર્થવ્યવસ્થાનાં સ્થાને નવી અર્થવ્યવસ્થા અસ્તિત્વમાં આવી, તેમાં ફ્રાન્સના વિચારકોનો ફાળો મહત્વનો હતો.ઔધોગીક ક્રાંતિને લીધે ફ્રાન્સના કામદારો મશીન વડે કામ કરતા થયા. કારખાના પધ્ધતિ અસ્તિત્વમાં આવતા તેમનું શોષણ થવા લાગ્યું આ શોષણમાંથી ઉદભવેલી બેરોજગારી અને હતાશાએ મજૂરોમાં એવી લાગણી ઉભી કરી કે એવા મંડળો રચવા જોઈએ કે જયાં શ્રમ અને કામ ગૌરવ આપે, આ માટે કામદારોએ ઉત્પાદકોની સહકારી મંડળીઓની રચના કરી હતી.

આમ, ફ્રાંન્સમાં સહકારી સિધ્ધાંતોની દિશામાં સારૂ ખેડાણ થયું છે.

## (૬) ઈટાલી :-

બ્રિટનની ગ્રાહક સહકારી પ્રવૃતિની અસર જે રીતે વિશ્વનાં વિવિધ દેશોમાં થઈ, તે રીતે ઈટાલીમાં પણ થઈ હતી. ઈટાલીની સહકારી પ્રવૃતિના પ્રણેતાઓ પ્રો. લુસાટી અને ડો.વુલેમ્બર્ગે મુખ્ય પ્રેરણા જર્મનીની સહકારી પ્રવૃતિમાંથી મેળવી હતી. ઈટાલીમાં સહકારી પ્રવૃતિની સ્થાપના નો યશ આ બે મહાનુભાવોને ફાળે જાય છે. પ્રો. લુસાટીએ શહેરી વિસ્તારોમાં ' પીપલ્સ બેંકો ' શરૂ કરી. ડો.વુલેમ્બર્ગે ગ્રામ વિસ્તારોમાં 'ગ્રામ બેંકો' શરૂ કરી. લુસાટી અને વુલેમ્બર્ગે સ્થાપેલ સહકારી બેંકમાં મર્યાદિત જવાબદારી, ઓછી કિંમતના શેર, પ્રમાણિકતા અને લોકશાહી ઢબનો વહિવટ એવા કેટલાક મહત્વનાં સિધ્ધાંતો દાખલ કરવામાં આવ્યા.

ઈટાલીની સહકારી પ્રવૃતિની ખાસિયત એની મજૂર સહકારી પ્રવૃતિમાં છે. ઈટાલીની મજૂર સહકારી મંડળી ' બ્રાચી આન્ટી ' ના નામથી જાણીતી છે. મજૂર સહકારી પ્રવૃતિના વિકાસમાં ઈટાલીની સરકાર દ્વારા નેશનલ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન મારફતે મદદ કરવામાં આવે છે. ઈટાલીમાં મજૂર સહકારી પ્રવૃતિ વિકસાવવા ઈ.સ. ૧૮૮૯માં કાયદો પસાર કરવામાં આવ્યો . ઈટાલીનું મજૂર સહકારી મંડળીનું માળખું ત્રિસ્તરીય છે. મજૂર સહકારી મંડળી ઉપરાંત ઈટાલીમાં કૃષિ સહકાર મંડળીઓ, ઔધોગીક સહકારી મંડળી, નાગરિક સહકારી બેંકો વિગેરે અનેક સહકારીક્ષેત્રે કાર્યરત મંડળીઓ છે. ઈટાલીમાં સહકારી પ્રવૃતિના પ્રવાહોને ફેલાવવા માટે 'ધી કો-ઓપરેટિવ સ્ટડી સેન્ટર' ની સ્થાપના કરવામાં આવી છે. ઈ.સ.૧૯૭૦ માં ઈટાલીમાં કુલ ૪૮,૨૯૭ સહકારી મંડળીઓ હતી.

ઈટાલીનું આર્થિક જીવન સહકારી છે.ઈટાલીમાં સહકારી પ્રવૃતિ સર્વવ્યાપી છે.

## (૭) ચીન :-

ચીનમાં સહકારી પ્રવૃતિનાં વિકાસથી ઘણી સમસ્યાઓનો ઉકેલ આવ્યો હતો. તેણે આ દિશામાં જે પ્રગતિ કરી છે, તે પ્રશંસનીય અને પ્રેરક છે. ચીનમાં સહકારી વિચારધારાની અગત્યતા સમજાવનાર ડો. સન-યાતસેન પ્રથમ હતા. ઈ.સ. ૧૯૩૧માં ચીનમાં યાંગત્સે નદીમાં વિનાશકારી પૂર આવ્યું હતું. આ પૂરને લીધે તેના સંકજામાં ફસાયેલા લોકોને મદદ કરવાની ભાવનાથી સહકારી મંડળીનો જડપથી વિકાસ થયો હતો. ઈ.સ.૧૯૪૪માં આવી મંડળીઓની સંખ્યા ૮૨,૦૦૦ હતી. ચીન દેશ તેની ઔદ્યોગિક મંડળીઓ માટે વિશ્વમાં જાણીતો છે. આ મંડળીઓ 'ઈન્ડસ્કો'નો નામે ઓળખાય છે. 'ઈન્ડસ્કો' એટલે ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ્ઝ. આ ઔદ્યોગિક સહકારી મંડળીઓએ ચીન-જાપાનની લડાઈનું સંતાન છે. શરૂઆતમાં ઔદ્યોગિક સહકારી મંડળીઓની પ્રવૃતિ મર્યાદિત હતી,અને સંખ્યા પણ મર્યાદિત હતી. વખત જતાં સંખ્યા વધી અને નવા ઉદ્યોગોમાં પ્રવેશી. શરૂઆતમાં દરેક મંડળી જરૂરી કાચોમાલ પોતે જ ખરીદ કરતી અને તૈયાર માલનું વેચાણ પણ સ્વયં કરતી. પરંતુ તેમાંથી તેઓને આર્થિક ગેરલાભ થતો જણાયો. એટલે લગભગ ત્રીસેક મંડળીઓએ એક સંઘ સ્થાપ્યો અને કાચામાલની ખરીદી તથા તૈયાર માલનું વેચાણ મોટા પાયા ઉપર આ સંઘ મારફતે કરવાની શરૂઆત કરી. જેથી સગવડતાની સાથે આર્થિક લાભ પણ થયો. આથી ધીમે ધીમે આવા વધુ સંઘો રચાયા. સંઘોની રચના પ્રાદેશિક અથવા ઔદ્યોગિક ધોરણે કરવામાં આવે છે.

આવા સંઘો રાજયકક્ષાએ એક સંઘ સ્થાપે છે. આમ, ચીનની ઔદ્યોગિક સહકારી પ્રવૃતિનું માળખું ઉપરથી નીચે સુધી સાંકળવામાં આવ્યું છે. આ મંડળીઓ સભ્યો અને તેના કુટુંબો માટે દવાખાના,શિશુગૃહો,શાળાઓ જેવી સામાજીક કલ્યાણની પ્રવૃતિ ચલાવે છે. ઈ.સ.૧૯૪૯માં ચીનમાં ક્રાંતિ થઈ સામ્યવાદી પક્ષે સતા કબજે કરી નવી સ્થપાયેલી સરકારે ચીનમાં નવનિર્માણમાં સહકારી પ્રવૃતિના વિકાસને વિશિષ્ટ સ્થાન આપ્યું .

## <u>ઉપસંહાર :–</u>

"Co-operative is a world-wide movement"

વર્તમાનમાં સહકારી પ્રવૃતિનો વિકાસ વિશ્વનાં ખુણેખુણામાં થયો છે. સહકારી પ્રવૃતિ અને તેના સિધ્ધાંતોને કોઈ રાષ્ટ્રીય મર્યાદા નથી. સમસ્ત વિશ્વમાં સહકારી પ્રવૃતિઓના વૃક્ષ પથરાયેલા છે. સહકારી પ્રવૃતિનો વ્યાપ અને અવકાશનું મુલ્ય જોતાં સહકારના તત્વજ્ઞાનની ભારે ઉપયોગીતા અંકીત થાય છે. સમગ્ર વિશ્વમાં આશરે ૭૬ કરોડ લોકો સહકારી સંસ્થાઓના સભાસદો છે, તેમજ લગભગ ૧૦ કરોડ લોકોને વિશ્વ કક્ષાએ સહકારી ક્ષેત્ર રોજગારી બક્ષે છે.

ઈટાલીના સહકારી આગેવાન પ્રો.લુસાટીના પ્રેરક શબ્દો યાદ રાખવા જેવા છે.

**" સહકારએ કોઈ શાળા, ધાર્મિક સંસ્થા, કે પક્ષનો કોઈ દિવસ ઈજારો ન હતો અને હોવો પણ ન જોઈએ , પણ સુર્યના પ્રકાશની જેમ તેનો પ્રકાશ સૌ દુઃખી  માણસોના માથા ઉપર પડવો જોઈએ. "**

## ૧.૮ ભારતમાં સહકારી પ્રવૃતિ :-

સહકારી પ્રવૃતિએ ભારતિય સંસ્કૃતિ ની દેહા છે. પ્રાચીનકાળથી સહકારી પ્રવૃતિએ કોઈને કોઈ સ્વરૂપે ભારતીય જીવનમાં વણાયેલી છે. વ્યકિત અને સમષ્ટિનો સુંદર સમન્વય ભારતીય જીવનમાં ઓતપ્રોત થયો છે. ભારતના લોકોમાં સહકારના મુળ ખુબ ઉંડા ગયેલા છે. સહકારથી જ માનવ જીવન શકય બન્યું છે, એનું જ્ઞાન ભારતના લોકોને પુરતા પ્રમાણમાં છે.

ભારત એક વિશિષ્ટ ઉપખંડ સમાન વિશાળ રાષ્ટ્ર છે, જયાં અનેક સંપ્રદાય, જાતિ,ધર્મ, ભાષા અને પરિવેષની વિવિધ સંસ્કારિતાવાળા લોકો સદીઓથી અનેકતામાં એકતાનું આબાદ જીવન જીવી રહ્યા છે. બુધ્ધ,મહાવીર અને ગાંધીજીએ '❑LIVE AND LET LIVE ' અને ' LIVE FOR OTHERS ' ના શાંતિમય સહઅસ્તિત્વનો સિધ્ધાંત આપી માનવીની રગેરગમાં સહકારી ભાવના ખીલવવાની પ્રેરણા આપી. સહકારના ઉચ્ચતમ મુલ્યો જેવા કે સમાનતા, એકતા, સ્વતંત્ત્તા, બંધુત્વ, કરકસર, પરસ્પર મદદ વિગેરે આપણા દેશના નિતિ મુલ્યોમાં સમાયેલ છે.

## ૧.૯ બ્રિટીશ શાસન પહેલા ભારતમાં સહકારી પ્રવૃતિ :-

ભારત વર્ષોથી ગામડાનો બનેલો દેશ રહ્યો છે. ભારતમાં અંગ્રેજો આવ્યા તે પહેલા મોગલ રાજય અસ્તિત્વમાં હતુ, સાથે–સાથે સ્થાનિક રજવાડાઓનો હિસ્સો પણ હતો. આ સમયમાં ભારતનું ગ્રામીણ માળખું અગત્યનું આર્થિક તેમજ સામાજીક ઘટક હતું. જમીનની માલિકી સમસ્ત ગામની હતી. ગ્રામ પંચાયત વહિવટ કરતી આ સમયમાં ગામડું એક સ્વાયત આર્થિક એકમ હતું.

હસ્ત ઉધીગ અને ખેતી આ બન્ને ઘટકો ગ્રામ અર્થ વ્યવસ્થામાં જોવા મળતા હતા. લોકોની જરૂરિયાતો મર્યાદિત હતી. ગામડામાં મુખ્યત્વે આર્થિક વ્યવહાર સાટા પધ્ધતિથી ચાલતો હતો. ખુબ ઓછા પ્રમાણમાં સોના અને ચાંદીના ચલણી સિકકાઓ માત્ર રાજ વહિવટની આજુબાજુ રહેલા લોકોને સ્પર્શતા હતા.

ગામડાનો આંતરિક વહિવટ ગ્રામ પંચાયતની દેખરેખ હેઠળ ચાલતો. આ સમયમાં વાહન વ્યવહારની સગવડો ખુબ મર્યાદિત હતી. લોકોમાં બચત લગભગ સોના કે ચાંદી સ્વરૂપે થતી. આમ, બ્રિટીશ શાસન પહેલાનું ગ્રામીણ જીવન મર્યાદિત જરૂરિયાતો આધારિત સંપુર્ણપણે સ્વાયત એકમ જેવું હતું. સમગ્ર ગ્રામ અર્થવ્યવસ્થાના લક્ષણો પરથી નાણા બજારનો ઉદભવ સુક્ષ્મ સ્વરૂપે રાજપરિવારો પુરતો મર્યાદિત રહ્યો હતો.

## ૧.૧૦ બ્રિટીશ શાસન દરમિયાન ભારતમાં સહકારી પ્રવૃતિ :-

અંગ્રેજોના આગમન સુધી ભારતીય પ્રજાનો જીવન પ્રવાહ સંઘપણે ચાલતો હતો. અંગ્રેજોના આગમન પછી ભારતના ઈતિહાસમાં એક નવું પ્રકરણ શરૂ થયું. બ્રિટને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની શરૂઆત કરીને સમગ્ર ભારત પર રાજકિય જીત મેળવી હતી. તેઓ ભારતમાં આવ્યા અને તેમનું શાસન શરૂ થયું તેની સાથે દેશમાં ઘણા પરિવર્તનો આવ્યા.

અંગ્રેજ શાસન દરમિયાન ભારતની ગ્રામ વ્યવસ્થા તુટવા લાગી. તે માટે નીચેના કેટલાક કારણો જવાબદાર બન્યા.

(૧) મહેસુલ નીતિમાં ફેરફાર કરીને માલિકી હક દાખલ કર્યો એના લીધે જમીનદારનો વર્ગ અસ્તિત્વમાં આવ્યો. બીજી બાજુ ગણોતિયાઓનો વર્ગ પણ ઉભો થયો.

(૨) સાટા પધ્ધતિને સ્થાને નાણા આધારિત વિનિમય પ્રથાની શરૂઆત થઈ. જમીન મહેસુલ પણ નાણામાં આપવાનું નકકી કરવામાં આવ્યું. ખેડૂતોને મહેસુલ ભરવા માટે નાણાની જરૂરિયાત ઉભી થઈ અને તેથી શાહુકાર અને શરાફ વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

(૩) અંગ્રેજોએ સ્વાયત ગ્રામ વહિવટને બદલે કેન્દ્રીકરણ પધ્ધતિ અપનાવી. ન્યાય મોંઘો અને મોડો મળવા લાગ્યો.

(૪) ગ્રામ ઉધોગોનો વિનાશ થયો. ખેતીનું વાણિજયકરણ થયું, તેથી નાણા બજારની જરૂરિયાત ઉભી થઈ.

આમ, અંગ્રેજોના આગમનની સાથે પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને બ્રિટનમાં થયેલી ઔદ્યોગીક ક્રાંતિને પરિણામે આધુનિક ઢબના કારખાનામાં બનતી સસ્તી, સુઘડ અને સુંદર વસ્તુઓ મોટા પ્રમાણમાં આવવા લાગી. ભારતનાં ગૃહ ઉદ્યોગ અને હસ્ત ઉદ્યોગ ભાંગી પડયા, કારીગરો બેકાર થયા જીવન નિર્વાહ માટે અન્ય વૈકલ્પિક સાધન ન હતું પરિણામે ખેતી ઉપર વસ્તીનું ભારણ વધતું ગયું, તેથી ખેડૂતો માટે ખેતીમાંથી આવક ઘટવાની સાથે ઉતરોતર દેવાનું પ્રમાણ વધતું ગયું.

અંગ્રેજ સરકારના શાસનકાળ દરમિયાન ભારતીય ખેતી અને ઉદ્યોગોની સ્થિતી વિષે સ્વ.શ્રી દાદાભાઈ નવરોજીએ રજુઆત કરી હતી. અંગ્રેજ સરકારે એવી આર્થિક નિતિ અપનાવી કે જેથી દેશની સંપતિનો પ્રવાહ બ્રિટન તરફ વહેવા લાગ્યો. દેશનુંસામાજીક અને આર્થિક માળખું તુટવા લાગ્યું. દેશની ખેતી અને ઉદ્યોગો વધુ મુશ્કેલીમાં મુકાયા. ગામડાનું સામાજીક અને આર્થિક જીવન અસહય બનતું ગયું. ખેડૂતો દેવામાં વધુને વધુ ડુબતા ગયા. શાહુકારોને ચુકવવું પડતું ભારે વ્યાજ, જમીન માલિકોને આપવી પડતી ભારે સાંથ, સરકારને ચુકવવું પડતું ભારે મહેસુલ, વખતોવખત આવતી દુકાળ જેવી કુદરતી આફત આ બધાના ભાર નીચે ભારતનો ખેડૂત કચડાઈ ગયો–ભીંસાઈ ગયો. શાહુકારોનો જુલમ–ત્રાસ ખેડૂતો માટે અસહય બનતા ઓગણીસમી સદીના આખરમાં મુંબઈ રાજયમાં તથા દક્ષિણ ભારતના અન્ય રાજ્યોમાં ખેડૂતોએ શાહુકારો સામે બળવા કર્યા અને જાનહાનિ પણ થયેલ. આ બનાવોની ગંભીરતા સમજી તે વખતની અંગ્રેજ સરકારે ખેડૂતોને ખેતી માટે કરજાઉ નાણા પુરા પાડવા માટે ઓગણીસમી સદીના અંત ભાગમાં (૧) ડેક્કન એગ્રિકલ્ચરલ રીલીફ એકટ (૧૮૭૯), (૨) લેન્ડ ઈમ્પ્રુવમેન્ટ લોન્સ એકટ (૧૮૮૩),(૩) એગ્રિકલ્ચરીસ્ટ લોન્સ એકટ (૧૮૮૪) પસાર કર્યા હતા.

આ કાયદાઓ હેઠળ મળતી નાણાકિય સહાયથી ખેડુતોની સ્થિતીમાં બહુ સુધારો થઈ શકયો ન હતો, અને કૃષિવિકાસ પણ સાધી શકાયો ન હતો. આ બધી પરિસ્થિતી વચ્ચે અંગ્રેજ સરકારે ઈ.સ.૧૮૯૨ માં તે વખતના મદ્રાસના ગર્વનર લોર્ડ વેન્લોડના તારીખ ૧૫-૩-૧૮૯૨ ના પબ્લીક ઓર્ડર નં. ૧૭૩ થી મદ્રાસના કલેકટર સર ફેડરીક ઓગસ્ટસ નિકોલસન, આઈ.સી.એસ.ને ખેડૂતોને સસ્તાદરે પર્યાપ્ત પ્રમાણમાં સમયસર કૃષિ કરજ મળી રહે તે માટેના ઉપાયો અને માર્ગો સુચવવા યુરોપિયન દેશોના પ્રવાસે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો, અને તે દેશોના ધોરણે તેના જેવી જ સહકારી પ્રવૃતિને લોકપ્રિય અને અનુકરણીય બનાવવા શું કરવું જોઈએ તેના સુચનો કરવા જણાવવામાં આવેલ. તેમણે તેમના રિપોર્ટ બે ભાગમાં એક ઈ.સ.૧૮૯૫ અને બીજો ઈ.સ.૧૮૯૭ માં રજુ કર્યો, તેમાં સર ફેડરિક નિકોલસને મજબુત અનુરોધ કરી વેસ્ટ જર્મનીમાં કાર્યરત હતી તેવી કો. ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝની રચના કરી ખેડૂતોને મદદરૂપ બની શકાશે તેમ જણાવ્યું.આ રિપોર્ટનું ટાઈટલ ' મદ્રાસ ઈલાકામાં જમીન અને કૃષિવિષયક બેન્કો ઉભી કરવાની શકયતાઓ ' રાખવામાં આવેલ.

આ રિપોર્ટમાં એ મહત્વનું નિરીક્ષણ કરવામાં આવેલ કે "ગ્રામ્ય કરજ ધિરાણનું ભાવિ એવા લોકો ઉપર નિર્ભર છે જેઓ ઉદ્યમી અને મહેનત કશ છે." આવા સુધારાઓ જર્મની અને ઈટાલીમાં દાખલ કરવામાં આવેલ અને ' રાઈફેઝન ' શબ્દને કોઈ અમુક પધ્ધતિના નિર્દેશક તરીકે દર્શાવવામાં આવેલ નહી, પરંતુ એ મહાન સુધારકના ઉત્સાહ, શકિત – સામર્થ્ય અને સતત પરિશ્રમ તેમજ પ્રતિબધ્ધતાના સુચક હતાં.

જે સહકાર, બચત, સ્વ-સહાય અને પરસ્પર સહાયને પોષણ આપતાં હતાં તેથી ' રાઈફેઝન ' વ્યકિતને નહી પરંતુ તેમના દ્વારા નિશ્ચિત કરી અંકિત કરવામાં આવેલ પધ્ધતિને અનુસરવા ભારતને ' ફાઈન્ડ રાઈફેઝન' નું આહવાન કરવામાં આવ્યું. આ મોડેલ ભારતમાં કૃષિવિષયક કરજ ધિરાણ

મંડળીઓની રચના કરવા ખુબજ અનુકુળ જણાયેલ. આ સુચન દ્વારા સર ફ્રેડરિક નિકોલસને આવી બેંકોના મોડેલ ઉપર એગ્રિકલ્ચરલ ક્રેડિટ બેન્કસ સ્થપાય તે માટેના ખ્યાલો રજુ કર્યા હતા. આવી બેંકો જર્મનીમાં ખેડૂતો માટે ઉપકારક પુરવાર થઈ હતી.

ઈ.સ. ૧૯૦૧ માં હિંદ સરકારે સર ઈ.ફ્રેગ.લોની અધ્યક્ષતા હેઠળ પ્રાંતીય સરકારોના આ સંબંધેના અભિપ્રાયો અને ભલામણ તપાસ કરવા એક કમિટીની રચના કરેલ. આ કમિટીએ ઈ.સ.૧૯૦૧ માં કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ઉભી કરી ખેડૂતોને ઉતમ રીતે મદદ કરી શકાશે તેવો અભિપ્રાય વ્યકત કર્યો અને તદ્અનુસાર બીલ તૈયાર કરવામાં આવ્યું તે બિલ પસાર થતાં ભારતમાં વિધિવત સહકારી પ્રવૃતિનો પ્રારંભ ' ઘી કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ એકટ, ૧૯૦૪ પસાર કરવામાં આવ્યો.

આમ, આ લાંબી મજલ પછી ભારતમાં ઈ.સ.૧૯૦૪ માં સહકારી પ્રવૃતિનો વિધિવત પ્રારંભ ' ઈ.સ.૧૯૦૪ ના કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ એકટ ' થી કરવામાં આવ્યો. ઈ.સ.૧૯૦૪ નો સહકારી કાયદો શરાફી મંડળીઓ માટે હતો પરંતુ બિનશરાફી મંડળીઓ માટે કાયદાની જરૂર પડતાં તેમાં સુધારો કરી ઈ.સ.૧૯૧૨ નો સહકારી કાયદો અસ્તિત્વમાં આવ્યો. ખેડૂતોને ધિરાણ કરવા માટે શરાફી મંડળ ીઓ તથા અન્ય કામ માટે બિન શરાફી મંડીળીઓ રચવાની શરૂઆત થઈ.ઈ.સ.૧૯૦૫ માં ધિરાણ મંડળીની કુલ સંખ્યા ૪૧ ની હતી, તે વધીને ઈ.સ. ૧૯૧૨ માં ૮૧૭૭ની થઈ. આ સમયમાં સહકારી ધિરાણમંડળીઓનો વિકાસ સારા પ્રમાણમાં રહયો.

દેશમાં સહકારી પ્રવૃતિનો યોગ્ય દિશામાં વિકાસ થઈ શકે તે માટે ઈ.સ.૧૯૧૫ માં સહકારી પ્રવૃતિના મુલ્યાંકન માટે સર મેકલેગનના પ્રમુખપદે એક કમિટીની રચના કરવામાં આવેલ, આ કમિટીએ પોતાનો અભ્યાસપૂર્ણ રિપોર્ટ બહાર પાડયો આ કમિટીએ કૃષિધિરાણ અંગે નીચે મુજબની ભલામણો કરી હતી.

(૧) કૃષિધિરાણ માળખું ત્રિસ્તરીય હોવું જોઈએ, જેમાં ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક સહકારીમંડળીઓને નાણાકિય અને અન્ય રીતે મદદ કરવા માટે જિલ્લા કક્ષાએ, પ્રાથમિક સહકારી મંડળીઓ અને /અથવા વ્યકિતઓના સભ્યપદ સાથેની મધ્યસ્થ સહકારી બેંક હોવી જોઈએ અને મધ્યસ્થ સહકારી બેંકોને તેમજ વ્યકિતઓ પણ આ બેંકની સભ્ય બની શકે. મુખ્યત્વે નાણાકિય સહાય કરવા માટે પ્રાંત કક્ષાએ એક ટોચની સહકારી બેંક હોવી જોઈએ, જેમાં દરેક મધ્યસ્થ સહકારી બેંકે સભ્ય બનવું જોઈએ.

(૨) પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓએ ધિરાણ ફકત સભાસદોને જ કરવું જોઈએ અને તે પણ ઉત્પાદીકય હેતુ માટે જ ધિરાણના ઉપયોગ ઉપર પુરતી દેખરેખ રાખવી જોઈએ.

(૩) મંડળીનો કાર્યવિસ્તાર એક ગામ પુરતો મર્યાદિત હોવો જોઈએ જેથી સભાસદો એકબીજાથી પુરતા પરિચિત હોઈ શકે અને એકબીજા ઉપર અસરકારક અંકુશ રાખવાની સ્થિતીમાં હોઈ શકે.

(૪) મંડળીઓનું કદ પ્રારંભમાં નાનું હોવું જોઈએ. ક્રમશ : તે વધવું જોઈએ અને આખરી તબકકે ' મોડરેટ ' રહેવું જોઈએ.

(૫) મંડળીના હોદેદારોએ મંડળીઓને માનદ્સેવાઓ પુરી પાડવી જોઈએ અને તેઓએ કોઈપણ સ્વરૂપમાં વેતન મેળવવું જોઈએ નહી.

(૬) મંડળીઓનું સભ્યપદ બધાઓ માટે ખુલ્લું રાખવું જોઈએ. પણ સભાસદોની પસંદગી વખતે મંડળીમાં અનૈચ્છિક તત્વો ઘુસી ન જાય તેની પુરતી કાળજી લેવાવી જોઈએ.

(૭) સહકારી શાખ એટલી સસ્તી ન હોવી જોઈએ કે જેથી તેની મુળભુત આવશ્યકતા અને પાયાનું તત્વ ઘટે.

(૮) સમયસર ધિરાણની વહેંચણી જેટલી જ અગત્યતા સભાસદો પાસેથી કરજ સમયસર અને નિયમિત વસુલ કરવાની હોવી જોઈએ.

(૯) નવી મંડળીઓ ઉભી કરવાની ગતિ અતિ ઝડપી અથવા બહારથી પ્રેરિત હોવી જોઈએ નહી. સહકારી મંડળી ઉભી કરવા માટેની માંગ નીચલા સ્તરેથી હોવી જોઈએ.

(૧૦) મંડળીઓએ અનામતનિધિના નિર્માણ માટે ખાસ ધ્યાન આપવું જોઈએ.

(૧૧) સટ્ટાખોરી માટે સભાસદોને કરજ આપવું જોઈએ નહી.

આ સમિતિનો અહેવાલ બ્રિટીશ સરકારને સુપ્રત થયો એ સમયે પ્રથમ વિશ્વયુધ્ધ ચાલતું હતું, એ સમયે બ્રિટીશ સરકારનો હિન્દના કૃષિવિકાસમાં જોઈએ તેવો રસ ન હતો એટલે આ સમિતિએ કરેલ કિંમતી ભલામણો કાગળ ઉપર રહેવા પામી હતી.

ત્યારબાદ સહકારી પ્રવૃતિના વિકાસનો વળાંક ઈ.સ.૧૯૧૯ ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડના દેશમાં સ્વતંન્ત્રા મેળવવાની રાજકીય ચળવળને શાંત પાડવા થયેલ સુધારાઓને પરિણામે આવ્યો. આ સુધારાઓ મુજબ પ્રાંતિય સરકારો અને મધ્યસ્થ સરકાર વચ્ચે ખાતાઓની વહેંચણી થઈ જેમાં સહકાર વિષય પ્રાંતિય સરકારોની હકુમતમાં આવતા પ્રાંતિય સરકારોને તેમના પ્રદેશમાં સહકાર અંગે અલગ કાયદો ઘડવાની સતા મળી અને તેના પરિપાક રૂપે મુંબઈ રાજયે પહેલ

કરીને સહકારી મંડળીઓ અંગેનો પોતાનો સ્વતંત્ર કાયદો અમલમાં મુક્યો. આ કાયદાની જોગવાઈઓમાં સહકારી મંડળીઓની રચના, તેનું રજિસ્ટ્રેશન, મંડળીઓનું વર્ગીકરણ, મંડળીઓનું સંચાલન અને દેખરેખ,મંડળીઓના નાણાકિય ભંડોળો, રજિસ્ટ્રારની સતા, મંડળીના પેટા નિયમો વિગેરે બાબતોનો સમાવેશ થયેલ. અન્ય રાજયોએ પણ આ કાયદો થોડા સુધારા વધારા સાથે અપનાવ્યો.

ઈ.સ. ૧૯૨૬ માં સહકારી મંડળીઓના રજિસ્ટ્રારોની પ્રથમ કોન્ફરન્સ મળી જેમાં પણ સહકારી પ્રવૃતિના વિકાસ માટે વ્યાપક ભલામણો થયેલ અને જિલ્લા તથા રાજય સહકારી બેંકોને મજબુત બનાવવા ઉલ્લેખ થયેલ અને તેની સાથોસાથ ઈ.સ.૧૯૨૭ માં નિયુકત થયેલ રોયલ કમિશન ઓન એગ્રીકલ્ચર દ્વારા પણ અન્ય મુદ્દાઓની સાથોસાથ કૃષિધિરાણ ક્ષેત્રે સહકારી મંડળીઓ એ ખરો ઉપાય છે તેવી ભલામણ કરેલ.

ઈ.સ.૧૯૨૯ માં વિશ્વવ્યાપી મંદીની શરૂઆત અમેરિકાથી થઈ અને સમગ્ર વિશ્વમાં તેની અસરો થઈ. આ મહામંદીની ભારતની કૃષિશાખ પ્રવૃતિ ઉપર ઘણી પ્રતિકુળ અસર થઈ હતી. ખેતીના પાકોની કિંમતમાં ભારે ઘટાડો થયો. ખેડૂતોને પોતાના ઘરખર્ચને પહોંચી વળવા જેટલા નાણા પણ ન મળતા તેઓએ ખેતીની જમીન પાણીના મુલે વેચવા માંડી અથવા તો એ જમીન ઉપર ખેડૂતો મોટા પ્રમાણમાં કરજ લેવા લાગ્યા. ખેડૂતોની આવક ઓછી થતા મોટા ભાગની સહકારી મંડળીઓના ખેડૂત સભાસદો મંડળીઓમાંથી લીધેલું ધિરાણ પરત કરી શકયા ન હતા. પરિણામે ઘણી સહકારી કૃષિધિરાણ મંડળીઓ આર્થિક કટોકટીમાં ફસાઈ ગઈ.

ઈ.સ.૧૯૩૧ માં મધ્યસ્થ બેંકિંગ તપાસ સમિતિએ કરેલી ભલામણ અનુસાર ઈ.સ.૧૯૩૫ માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ જેમાં કૃષિધિરાણ માટે અલગ વિભાગ સ્થાપવામાં આવ્યો, જે સહકારી કૃષિધિરાણ પ્રવૃતિના વિકાસ માટે એક સંગીન પરીબળ બની રહ્યુ. ઈ.સ ૧૯૨૮ સુધી સહકારી મંડળીઓની સંખ્યા ૯૪,૦૦૦ની હતી જે વધીને ઈ.સ.૧૯૩૮ માં ૧.૧૧ લાખની થઈ હતી.

આ સમય દરમિયાન મુંબઈ સરકારે ઈ.સ.૧૯૩૭ માં નીમેલી બે સભ્યોની શ્રી વી.એલ.મહેતા અને શ્રી એમ.ડી.ભણસાલી સમિતિએ ગ્રામ ધિરાણ મંડળીઓને બદલે વિવિધ કાર્યલક્ષી મંડળીઓ સ્થાપવા કરેલી ભલામણ એ ગ્રામ્ય ધિરાણ પ્રવૃતિ માટે નવી દિશાનો વળાંક હતો. આ ભલામણને સરકારે અમલમાં મુકતાં તે વખતના મુંબઈ પ્રાંતમાં વિવિધ કાર્યકારી સહકારી મંડળી અસ્તિત્વમાં આવવાનો પ્રારંભ થયો હતો.

ઈ.સ.૧૯૩૯ના સપ્ટેમ્બરમાં બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળતાં દેશના સમગ્ર અર્થતંત્રમાં તેજીનું મોજું ફરી વળ્યું ખેતીનાં ઉત્પાદનોનો મોટો ભાગ અને બીજી જરૂરી સામ્રગી સરકારે લડાઈના કાર્ય માટે એકઠી કરવા માંડી. બીજીબાજુ પરદેશથી થતી આયાતો પર જુદા – જુદા અંકુશો મુકાયા. સમગ્ર અર્થતંત્રમાં તેમજ સહકારી પ્રવૃતિ અને ખાસ કરીને સહકારી કૃષિધિરાણ પ્રવૃતિ પર તેજીને પરિણામે સાનુકુળ અસર થઈ હતી.ઈ.સ.૧૯૩૭–'૩૮ માં મુદત વીતી ધિરાણ બાકીની ટકાવારી જે ૬૩ % હતી તે પ્રતિવર્ષ ક્રમશ : ઘટીને ઈ.સ.૧૯૪૫–'૪૬ના વર્ષે ૩૯ % એ પહોંચી હતી.

ઈ.સ.૧૯૪૨ માં કવીટ ઈન્ડિયાનું આંદોલન થતા દેશને સ્વતંન્ત્રા મેળવવાનું આંદોલન વેગવાન બન્યું. ઈ.સ.૧૯૪૪ માં ડો.ડી.આર.ગાડગિલ ના અધ્યક્ષપદે ખેતી વિષયક ધિરાણ અંગે એક સમિતિ નિમાવામાં આવી, જેની એક અગત્યની ભલામણ એવી હતી કે સહકારી કૃષિપ્રવૃતિ જે પ્રદેશોમાં સફળ નીવડી ન હોય ત્યાં રાજયની મૂડી ભાગીદારી વાળા કૃષિશાખ નિગમો સ્થાપવા જોઈએ. શ્રી આર.જી.સરૈયાના અધ્યક્ષપદે તા. ૧૮–૧–૧૯૪૫ માં એક સમિતિના નિમણુક કરવામાં આવી. આ સમિતિએ સહકારી પ્રવૃતિના વિકાસ અર્થે કરેલી સંખ્યાબંધ ભલામણોમાંથી સહકારી કૃષિધિરાણને લગતી અગત્યની ભલામણો પૈકી બે ભલામણો (૧) ગ્રામ્ય ધિરાણ સહકારી મંડળીઓ ' એક કાર્યકારી ' મંડળીને બદલે ' વિવિધ કાર્યકારી ' સહકારી મંડળી હોવી જોઈએ અને (૨)

આગામી ૧૦ વર્ષમાં દેશના કુલ ગામડાઓનાં ૫૦ ટકા જેટલા ગામો અને દેશની કુલ ગ્રામ્ય વસ્તીના ૩૦ ટકા જેટલી વસ્તીને સહકારી પ્રવૃતિએ આવરી લેવી જોઈએ. આ બે ખુબ મહત્વની ભલામણો હતી.

સરૈયા સમિતિનો અહેવાલ અમલમાં મુકાય તે દરમિયાન હિંદની રાજકિય પરિસ્થિતીએ પલટો લીધો. હિંદના ભાગલા પડયા.વસ્તીના ફેરબદલીના પ્રશ્ને આ મામલો વધુ તંગ બન્યો. તેને લીધે ધંધા, રોજગારી, વેરવિખેર થઈ ગયા. અનાજની અછત, રહેઠાણના પ્રશ્નો વિ.અનેક બાબતોએ ભારત સરકારને ચારે બાજુએથી ઘેરી લીધી. દેશના આગેવાનોની બનેલી સરકાર અનેક રીતે આ પ્રશ્નોના ઉકેલમાં લાગી પડી.કોંગ્રેસ સરકારે સહકારી પ્રવૃતિને આ દરેક પ્રશ્નના ઉકેલ માટે ઉચિત ધારી અને સરૈયા સમિતિની ભલામણો તાત્કાલિક અમલમાં મુકવાની સુચના અપાઈ. સરકારે સામુદાયિક તંત્રનો સિધ્ધાંત સ્વીકાર્યોઅને દરેક આર્થિક ક્ષેત્રમાં સહકારને અગ્રસ્થાન મળ્યું અને તે રીતે આજે સહકારી પ્રવૃતિ અનેક ક્ષેત્રમાં વિકસી રહી છે.

## <u>૧.૧૧ સ્વતંત્ર્તા પછી ભારતમાં સહકારી પ્રવૃતિ :-</u>

૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ નાં રોજ ભારતને સ્વતંત્ર્તા મળી. આ પછીનો સમય દેશ વિકાસ માટે મહત્વનો કહી શકાય.દેશ ગામડાનો બનેલ છે અને તેથી જ ગ્રામ્યક્ષેત્રના વિકાસમાં શરૂઆતથી જ સરકારે ધ્યાન આપ્યું વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ ગ્રામીણ વિકાસ ઉપર વિશેષ ભાર મુકયો. દેશમાં પ્રજાસતાક સરકારની રચના થતાં સહકારી પ્રવૃતિને વિશેષ વેગ મળવાનો માર્ગ મોકળો થયો. ઈ.સ.૧૯૪૮ માં રાષ્ટ્રીય કોંગ્રેસે પણ આર્થિક કાર્યક્રમ સમિતિની રચના કરેલ જે સમિતિએ પણ સહકારી પ્રવૃતિને વધારે વેગવાન બનાવવા ઉપર ભારે મુકયો.

દેશને સ્વતંન્ત્રા મળ્યા પછી પ્રજાસતાક સરકારે દેશનો આર્થિક વિકાસ આયોજીત રાહે કરવાના હેતુથી ઈ.સ.૧૯૫૧ માં પ્રથમ પંચવર્ષિય યોજના ઘડેલ, તેમાં પણ અન્ય હેતુઓની સાથોસાથ સહકારી પ્રવૃતિના વિકાસ ઉપર પણ ઝોક આપવામાં આવ્યો અને ગ્રામીણ ધિરાણના સમગ્ર પશ્નનો અભ્યાસ કરી ભલામણો કરવા માટે ઓગષ્ટ ૧૯૫૧ માં ભારતીય રિઝર્વ બેંકે શ્રી એ.ડી.ગોરવાલાના અધ્યક્ષપદે અખિલ ભારતીય ગ્રામધિરાણ સર્વેક્ષણ સમિતિની નિમણુક કરી હતી. આ સમિતિએ ગ્રામીણ ધિરાણ, કૃષિ અર્થતંત્ર અને સહકારી પ્રવૃતિનો વ્યાપક અભ્યાસ કરી તારણો કાઢી વ્યાપક ભલામણો ઈ.સ.૧૯૫૪ માં કરેલ જે સહકારી પ્રવૃતિના વિકાસ માટે સીમારૂપ દસ્તાવેજ બની રહેલ. આ સમિતિએ સુગ્રથિત ધિરાણ પધ્ધતિ ઉપર ખાસ ભાર મુકેલ તેમજ સરકારે તેમાં સક્રિય ફાળો આપવો જોઈએ, એવો મત વ્યકત કર્યો.

દ્વિતીય પંચવર્ષિય યોજનામાં સહકારી પ્રવૃતિના વિકાસ માટે વિશાળ લક્ષ્યાંકો નકકી કરવામાં આવ્યા. આ સમય દરમિયાન સહકારી પ્રવૃતિનો વિકાસ થતો જતો હતો અને તેની સાથે કેટલાક નવા પ્રશ્નો પણ ઉપસ્થિત થતા જતા હતા. સહકારી પ્રવૃતિનો વ્યવસ્થિત વિકાસ થાય તે હેતુથી સરકારે એનું પરિક્ષણ કરવા, તપાસ કરવા અને સલાહ આપવા વખતોવખત સમિતિઓની નિમણુક કરી. ઈ.સ.૧૯૫૭ માં શ્રી માલ્કમ ડાર્લિંગને સહકારી પ્રવૃતિના વિકાસની તપાસ કરી સરકારને યોગ્ય માર્ગદર્શન આપવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું, તેમણે દેશભરની સહકારી પ્રવૃતિ નિહાળી પોતાના લાંબા અનુભવને આધારે કેટલીક ઉપયોગી ભલામણ કરતો અહેવાલ સરકારને આપ્યો. એમના અભિપ્રાય મુજબ સહકારી પ્રવૃતિના સંખ્યાત્મક વિકાસ પર વધુ પડતો ભાર ન મુકતા તેનાં ગુણાત્મક વિકાસ પર જરૂરી લક્ષ આપવું જોઈએ અને સાધેલ વિકાસને સ્થિર કરવા માટે ભલામણ કરી, નહિતર રેતીનાં પાયા પર આખું ચણતર થવાનો ભય ઉભો થશે એ વાત તરફ ધ્યાન દોર્યું. આ ઉપરાંત, ભારતમાં

ખેડૂતોને ખેતીવિષયક ધિરાણ આપવા માટે ' લેન્ડ ઈમ્પ્રુવમેન્ટ લોન્સ એકટ ' અન્વયે રેવન્યુ રાહે તગાવી અપાતી, પરંતુ આવું ધિરાણ અપૂરતું તથા વિલંબથી મળતું. ઈ.સ.૧૯૫૮ માં બી.પી.પટેલ કમિટિએ તગાવી ધિરાણ બંધ કરી તેને જિલ્લા સહકારી બેન્કો તથા લેન્ડ મોર્ગેજ બેન્કો દ્વારા આપવાની ભલામણ કરતાં,તેનો સૌ પ્રથમ અમલ ગુજરાતમાં થયેલ.તેના પરિણામે સહકારી કૃષિધિરાણ પ્રવૃતિને વેગ મળ્યો.

સહકારી પ્રવૃતિના વિકાસ માટે વખતોવખત જુદા-જુદા નિર્ણયો લેવાયેલ પરંતુ સહકારી પ્રવૃતિ અંગે નિતિ વિષયક ઠરાવ થયેલ નહી. સૌ પ્રથમ ઈ.સ.૧૯૫૮માં સહકારી નીતિ અંગે કેન્દ્ર સરકારની વિકાસ પરિષદે ઠરાવ કરી સહકારી નીતિ જાહેર કરેલ અને ગ્રામીણ અર્થકારણના વિકાસમાં સહકારી પ્રવૃતિને યથાયોગ્ય સ્થાન અપાવેલ.

ઈ.સ.૧૯૫૮ માં શ્રી કે.આર.દામેલના અધ્યક્ષપદે નીમેલી સમિતિએ કૃષિધિરાણ પ્રવૃતિ અંગે મહત્વના સુચનો કર્યા. જુલાઈ ૧૯૫૯ માં મૈસુર ખાતે સહકાર ખાતાના રાજય મંત્રીઓની મળેલ પરિષદે કૃષિ સહકારી શાખાનો પ્રશ્ન તપાસવા અંગે કરેલી ભલામણ અનુસાર સપ્ટેમ્બર ૧૯૫૯ માં ભારત સરકારે શ્રી વી.આર.મહેતાના અધ્યક્ષપદે ૧૩ સભ્યોની સમિતિની નિમણુક કરી હતી.આ સમિતિએ તેનો અહેવાલ મે,૧૯૬૦ માં રજુ કર્યો હતો, જેમાં કૃષિ ધિરાણ સંબંધમાં કરેલ ભલામણો પૈકી અગત્યની ભલામણો નીચે પ્રમાણેની હતી.

(૧) સ્થગિત મંડળીઓને પુન : શક્તિશાળી બનાવવા માટેનો પધ્ધતિસરનો કાર્યક્રમ ઘડી કાઢવો જોઈએ.

(૨) ભાવિ સહકારી વિકાસનો મુખ્ય હેતુ સહકારી અર્થક્ષમ એકમોનું પ્રવર્તન હોવું જોઈએ. અને તે માટે શાખ મંડળીઓ પાસે પુરેપુરા સમય માટેનો પગારદાર મંત્રી હોવો જોઈએ અને ત્રણ વર્ષના ગાળામાં નાણાકિય રીતે આત્મનિર્ભર બની રહેવી જોઈએ.

(૩) પ્રાથમિક કૃષિધિરાણ મંડળીઓનો વિસ્તાર ચાર માઈલની ત્રિજયાથી વધુ હોવો જોઈએ નહી અને આવી મંડળી ૬૦૦ ગ્રામ્ય કુટુંબો અથવા ૫૦૦ ખેડૂત કુટુંબો અથવા ૩૦૦૦ થી વધુ વસ્તીને આવરી લેતી ન હોવી જોઈએ. આમ છતાં, આ સ્વરૂપ અંતિમ નથી પણ તે અંગેનો છેવટનો નિર્ણય રાજયસરકાર, મંડળીના સભાસદો અને સ્થાનિક પરિસ્થિતીના આધારે લેવાનો રહેશે.

(૪) ફકત અર્થક્ષમ મંડળીઓના પ્રવર્તન માટે જ રાજય સરકાર નાણાકિય સહાય શેરમુડી અથવા મદદના રૂપમાં નકકી કરેલા ધોરણે આપશે.

(૫) શકય તે તમામ રીતે સમગ્ર દેશમાં શાખના વેચાણ સાથેના સંકલનની વ્યવસ્થા સંગીન બનાવવી જોઈએ. આ માટેની વ્યવસ્થાને અસરકારક બનાવવા પ્રાથમિક ધિરાણ મંડળીઓને ગોદામની વ્યવસ્થા પુરી પાડવી જોઈએ કે જેથી તેઓ વેચાણ મંડળીઓના પુરક તરીકે કામ કરી શકે.

(૬) નાના અને મધ્યમ વર્ગના ખેડૂતોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વ્યકિતદિઠ ધિરાણ ઉપર એવી ટોચ મર્યાદા બાંધવી જોઈએ કે કોઈપણ સભ્ય તેની ભરપાઈ થયેલી શેરમૂડીની ૮ થી ૧૦ ગણી રકમ કરતાં વધારે ધિરાણની રકમ લઈ ન શકે.

(૭) ભારતીય રિઝર્વ બેંક તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ તેમની કૃષિધિરાણ નીતિમાં ઉદાર વલણ અપનાવવું જોઈએ.

ઈ.સ.૧૯૬૧—'૬૬ ના સમયગાળા દરમિયાન એટલે કે તૃતિય પંચવર્ષિય યોજનાના સમયગાળા દરમિયાન સહકારી પ્રવૃતિના સ્વરૂપ અને વિકાસને સ્પર્શે એવા કેટલાક બનાવો બન્યા સહકારી ધિરાણ ઉત્પાદકિય હેતુઓ માટે જ વપરાય તે માટે સહકારી મંડળીઓને ખાસ અનુરોધ કરવામાં આવ્યો. સહકારી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય સ્તરે નેશનલ કો—ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરવાનો અને તે માટે પાર્લામેન્ટમાં ઈ.સ.૧૯૬૩ માં આ અંગે કાયદો કરવાનો નીતિવિષયક નિર્ણય પણ આ સમયગાળામાં અગત્યનો બની રહેલ છે. સહકારીક્ષેત્રની જુદી—જુદી અનેક વિધ પ્રવૃતિના વિકાસ માટે નેશનલ કો—ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું યોગદાન વિશિષ્ટ રહેલ છે.

ખેડૂતોને જુદા—જુદા હેતુઓ માટે ટુંકી તથા મધ્યમ મુદતનું તેમજ લાંબીમુદતનું કૃષિ ધિરાણ મળી રહે તે માટે રાષ્ટ્રીય સ્તરે નાણાકિય સંસ્થાની રચના માટે ઈ.સ.૧૯૬૩ માં 'એગ્રીકલ્ચર રીફાઈનાન્સ કોર્પોરેશન ' ની સ્થાપના કરવામાં આવી. સહકારી પ્રવૃતિના વહિવટ અને સંચાલન સુધારવા માટે ઈ.સ. ૧૯૬૫ માં મિરઘા કમિટીની રચના થયેલ જે સમિતિએ સહકારી સંસ્થાઓમાં સ્થાપિત હિતો દુર કરવા માટે અને વહિવટ સુધારણા માટે ભાર મુકેલ. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જુલાઈ ૧૯૬૬ માં શ્રી બી.વેંકટપૈયાના અધ્યક્ષપદે અખિલ ભારતીય ગ્રામધિરાણ સમીક્ષા સમિતિ રચવામાં આવી. આ સમયમાં સહકારી પ્રવૃતિનો સારો એવો વિકાસ થયો. રાજય સહકારી બેંકો તેમજ જિલ્લા સહકારી બેંકોના કામકાજમાં ઉતરોતર વધારો થવાથી અને લોકો પાસેથી ડિપોઝીટ એકત્ર કરવામાં તથા કૃષિક્ષેત્રે અને અન્ય ધિરાણ આપવાના આ બેંકોના કામકાજમાં વધારો થતો ગયો. આ બેંકોને સહકારી કાયદો લાગુ પડતો અને રજિસ્ટ્રારના નિયમનમાં રહેતી જયારે બેંકિંગ અંગેના કોઈ કાયદા લાગુ પડતા નહી, બેંકીગ કામકાજ અંગે તેઓ રિઝર્વ બેંકના નિયમનમાં રહે તે

જરૂરી જણાતા ઈ.સ.૧૯૬૫–'૬૬ થી આ બેંકોને બેંકિંગ રેગ્યુલેશન એકટની અમુક જોગવાઈઓ લાગુ પાડવામાં આવી, અને આ બેંકો રિઝર્વ બેંકના નિયમનો નીચે આવી. એસ.એલ.આર.તથા સી.આર.આર.ના નિયમનો તથા ધિરાણ ઉપરના અંકુશો વિગેરે સહકારી બેંકોને પણ લાગુ પડયા, બેંકિંગ લાયસન્સ લેવાનું પણ ફરજીયાત બન્યું.

ઈન્દિરા ગાંધીએ ૧૯ જુલાઈ ૧૯૬૯ ના રોજ રૂા. ૫૦ કરોડ કે તેથી વધુ મુડી ધરાવતી દેશની ૧૪ વેપારી બેંકોનુ રાષ્ટ્રીયકરણ કર્યુ આમ, ગ્રામધિરાણ ક્ષેત્રે નવા સંગઠિત ક્ષેત્રનો પ્રવેશ થયો. ઈ.સ. ૧૯૭૦ માં એગ્રીકલ્ચર રીફાઈનાન્સ કોર્પોરેશનની રચના કરવામાં આવી.

કૃષિધિરાણ ક્ષેત્રે મુદતવીતી બાકીનો પ્રશ્ન તીવ્ર બનતા ઈ.સ.૧૯૭૩ માં શ્રી દાતેના પ્રમુખપણા હેઠળ ઓવરડયુ કમિટીની રચના થયેલ જે કમિટીએ કડક રીતે વસુલાત કરવા ઉપર તેમજ ડીફોલ્ટરને મતથી વંચિત કરવા ઉપર તથા વસુલાત આવે તેવા ચોખ્ખા ખાતેદારને જ ધિરાણ કરવા ઉપર ભાર મુકેલ. ઈ.સ.૧૯૭૪માં જમીન વિકાસ અંગે માધવદાસ કમિટીની રચના થયેલ અને ઈ.સ.૧૯૭૬ માં પ્રો.દાંતવાલા ના પ્રમુખ સ્થાને ગ્રામીણ ધિરાણ અંગેની તુટ પુરી કરવા અભ્યાસ થયેલ જેના પરિણામે મલ્ટી એજન્સી એપ્રોચ સ્વીકારાયેલ તેમજ ગ્રામીણ બેંકોની રચના કરવા ભાર મુકતાં ગ્રામીણ બેંકોની રચના થવા લાગી.

ઈ.સ.૧૯૮૧ માં ક્રાફીકાર્ડ કમિટીની રચના શ્રી શિવરામનના પ્રમુખસ્થાને થયેલ આ કમિટીએ કૃષિ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે નાબાર્ડની રચના કરવા સુચવ્યું. ઈ.સ. ૧૯૮૨ માં નાબાર્ડ ( નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ) ની સ્થાપના થયેલ. ઈ.સ. ૧૯૮૬ માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી સહકારી કૃષિધિરાણ અંગે સમીક્ષા કરવા ડો.એ.એમ.ખુશરોના અધ્યક્ષપદે એક સમિતિ નિમવામાં આવી હતી,

ઈ.સ.૧૯૮૯ માં પ્રસિધ્ધ થયેલ. આ અહેવાલનું નામ " એ રીવ્યુ ઓફ ધી એગ્રિકલ્ચર ક્રેડિટ સિસ્ટમ ઈન ઈન્ડિયા " હતું. આ અહેવાલની ભલામણો પૈકી સહકારી કૃષિધિરાણ અને સહકારી કૃષિ મંડળીઓને લાગુ પડતી અગત્યની ભલામણો નીચે આપવામાં આવી છે. આ સમિતિએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે,આ અહેવાલ દ્વારા કૃષિ અને ગ્રામીણ ધિરાણની સમસ્યાઓ કેવી છે, તે બાબતમાં તેમનો અભિગમ અહેવાલ દ્વારા દર્શાવ્યો અને અહેવાલમાં કૃષિ ધિરાણના માળખામાં સુચિત સુધારો કેવા પ્રકારનો હોવો જોઈએ તે અંગે પણ રજુઆત કરી.

### ખુશરો સમિતિની અગત્યની ભલામણો :-

(૧) દેશમાં અમારા અંદાજ મુજબ કૃષિ ધિરાણની માંગ ૧૯૮૯-'૯૦ માં જે રૂા.૨૭,૫૫૧ કરોડની હતી તે વધીને ૧૯૯૪-૯૫ ના વર્ષમાં રૂા. ૫૭,૩૧૬ કરોડ પહોંચશે અને ૧૯૯૯-૨૦૦૦ માં તે વધીને રૂા. ૧,૧૦,૮૭૩ કરોડ પહોંચશે. તે સામે બેંકિંગ ક્ષેત્રમાંથી જે સાધનો મળવાપાત્ર છે તે અનુક્રમે આ વર્ષ દરમિયાન રૂા. ૨૮,૬૯૪ કરોડ, રૂા. ૫૧,૮૨૯ કરોડ અને રૂા. ૮૯,૪૪૭ કરોડના હશે. પરિણામે ૧૯૯૪-'૯૫ અને ૧૯૯૯-૨૦૦૦ ના વર્ષમાં જે રૂા.૫,૪૮૭ કરોડની અને ૨૧,૪૨૬ કરોડની ખાધ રહેશે તેને પહોંચી વળવા માટે બેંકિંગક્ષેત્રે થાપણવૃધ્ધિકરણની દિશામાં જોરદાર ઝુંબેશ ઉપાડવાની રહેશે એટલે કે થાપણવૃધ્ધિકરણની દિશામાં સહકારી બેંકોએ વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે.

(૨) અમે માનીએ છીએ કે, સહકારી પ્રવૃતિને કદી પણ અસરકારક રીતે કામ કરવા દેવામાં આવી નથી અને વધુ પડતા અધિકારીકરણને લીધે નિષ્ક્રિય બનાવી દેવાઈ છે. આ પ્રવૃતિ પાસે વિશિષ્ટ સેવાઓ પુરી પાડવા તેમજ ધિરાણ માટેની કામગીરી કરવાની વિશાળ શકયતાઓ રહેલી છે.

(૩) સહકારી પ્રવૃતિ જેવી હોવી જોઈએ તેવો અસલ સ્વરૂપની બનાવવા માટે સરકારે તેમાં હસ્તક્ષેપ કે બિનજરૂરી દખલગીરી પાછી ખેંચી લેવી જોઈએ. રાજય સહકારી બેંકોમાં અને અન્ય સહકારી સંસ્થાઓમાં બેસતા સરકાર નિયુકત પ્રતિનિધિઓને પાછા ખેંચી લેવા જોઈએ તેમજ સંચાલક મંડળ અને સંસ્થાઓના હોદ્દેદારોની ચૂંટણી સમયસર થવી જોઈએ. હકીકતમાં

સરકારી કાયદામાં એવા સુધારા કરવા જોઈએ કે જેમાં સંચાલક મંડળની બરતરફી લંબાવવાની બાબતે તેમજ સહકારી સંસ્થાઓનો વહીવટ સંભાળી લેવાની બાબતે અશક્ય બનાવી શકાય. અમો ભલામણ કરીએ છીએ કે, સહકારી કાયદામાં આ માટેના વિવિધ ફેરફારો વહેલીતકે લાવવામાં આવે અને તે પ્રમાણે સહકારી કાર્યપધ્ધતિ અને વ્યવહારમાં પણ ફેરફારો કરવા જોઈએ, અને એ બાબતની ચોકસાઈ રાખવી જોઈએ કે કોઈપણ સંજોગોમાં કે પરિસ્થિતિમાં રજિસ્ટ્રારશ્રીની સતા કે અધિકાર વધુ પડતા ન હોય. સહકારી સંસ્થામાં નિર્ણય લેવાની બાબત તેમજ પ્રવૃતિ ઉપર દેખરેખ રાખવાનું પણ સહકારી સંસ્થાઓને સોંપવાનું રહેશે. સહકારી સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવા ઉપલી કક્ષાની સહકારી સંસ્થાઓ જેવી કે, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, રાજય સહકારી બેંકો અને રાજય જમીન વિકાસ બેંકોને સુપ્રત કરી શકાય.

(૪) સંચાલક મંડળની બિનજરૂરી બરતરફી કે સરકારી દખલગીરી ઉપરાંત સહકારી પ્રવૃતિમાં એક કાયમી સમસ્યા રહેલી છે અને તે પ્રાથમિક સહકારી કૃષિમંડળીઓમાં મંત્રીઓની પસંદગી, તાલીમ, જવાબદારી,ફરજો, ઉતરદાયિત્વ અને તેમની કામગીરી બાબતની છે. અમે ભલામણ કરી છે કે પ્રાથમિક જમીન વિકાસ સહકારી બેંકોના મેનેજરો ઉચ્ચ શૈક્ષણિક લાયકાતવાળા હોવા જોઈએ. કેડર પધ્ધતિને બદલે તેમની પસંદગી પ્રાથમિક એકમોની વ્યવસ્થા સમિતિ દ્વારા થવી જોઈએ. આમ થશે તો સહકારી સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓની જવાબદારી નકકી કરી શકાશે તેમજ પ્રવૃતિને સ્વાવલંબી અને સ્વનિર્ભર બનાવી શકાશે.

(૫) પ્રાથમિક સહકારી મંડળીના મંત્રી/મેનેજરોના પગાર બાબતમાં અમે ભલામણ કરીએ છીએ કે, તેમને માટે બે ભાગમાં પગારનું માળખું હોવું જોઈએ. એટલે કે એક તો તેઓ ઉચ્ચતર અને મોભાદાર જીવન જીવી શકે અને ફુગાવાને આવરી લેવા માટે તેમનો પગાર યોગ્ય રીતે પ્રમાણસર વિગતે રહે. પરંતુ અમારી સૌથી મહત્વની ભલામણ એ છે કે વ્યાજબી બેઝિક પગાર ઉપરાંત તેમને પ્રોત્સાહન વેતન મળવું જોઈએ અને આવું વેતન કામના વિવિધ પ્રકારના ચોકકસ કામો માટે ઠરાવેલ હોય : દા.ત. (૧) થાપણવૃધ્ધિકરણ, (૨) ધિરાણનું કામકાજ, (૩) વસુલાત, (૪) જીવનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ અને (૫) મંડળીનો નફો. આ બાબતો સાથે તેમની કામગીરી સાંકળવી જોઈએ, અને તેને અનુલક્ષીને પ્રોત્સાહક પગાર વધારો મળવો જોઈએ.

(૬) પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓના મંત્રીઓ માટે વિવિધ કક્ષાએ સહકારી મંત્રી/મેનેજરોની તાલીમ અને નવચેતન તાલીમ બાબતે શ્રેણીબધ્ધ પગલાંઓની અમે ભલામણ કરેલ છે. તેમજ વધુમાં સંચાલક મંડળના સભ્યોની તાલીમની પણ અમે ભલામણ કરીએ છીએ. સહકારી મંડળીએ પસંદ કરેલા, તાલીમ પામેલા, સારા વેતન મેળવતા અને પ્રોત્સાહક વેતન મેળવતા આવા મંત્રી/મેનેજરો મંડળીને જવાબદાર રહે. એવી વ્યવસ્થા અને પરિસ્થિતી સહકારી મંડળીઓની કામગીરી તેમજ નફાકારકતામાં વિશેષ સુધારો લાવી શકાશે.

(૭) ગ્રામ કક્ષાએ કામ કરતી સહકારી સંસ્થાઓ પ્રાથમિક દ્રષ્ટિએ બેંક જેવી પણ લાગતી નથી. તેમની પ્રતિભા મહદઅંશે બદલવી જોઈએ અને તેમને માટે મકાન બેંકિંગના કાઉન્ટર સાથેનું તેમજ અન્ય સાધનોથી સુસજજ કરવું પડશે, જેથી કરીને હાલની અને ભવિષ્યની મંડળીઓના સભાસદોમાં, મંડળીઓ માટે વિશ્વસનિયતા પેદા કરી શકાય.

(૮) સહકારી મંડળીઓમાં કામ કરતા કર્મચારીઓની પ્રતિભા અને મોભો ઊંચો લાવીને તેમજ તેમને તાલીમબધ્ધ કરવા માટે સહકારી ક્ષેત્રના ભંડોળો અપૂરતા રહેશે, પરંતુ આ પ્રવૃતિ ઘણા વર્ષોથી ચાલતી હોઈ અમારા મતે સરકાર તેમજ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ જેવી કે નાબાર્ડ તેમજ રાજય/ જિલ્લા સહકારી બેંકોમાંથી આ હેતુ માટે જરૂરીટેકો અને સાધનો મળી રહેવાં જોઈએ. એટલે કે આ જવાબદારી ત્રણે કક્ષાની સહકારી સંસ્થાઓની સંયુકત જવાબદારી સમજવી જોઈએ.

(૯) અમારા અહેવાલ મુજબ ભારતની સહકારી ધિરાણ પધ્ધતિની પાયાની નબળાઈ કે ખામી એ છે કે, તેઓ પૂરતા પ્રમાણમાં થાપણો અને નાની બચતો આકર્ષી શકયા નથી, તેથી તેઓ ઉપલી કક્ષાની નાણાકીય સંસ્થાઓમાંથી ભંડોળો મેળવવા ઉપર આધાર રાખેછે, પરિણામે એક બાજુ આ સંસ્થાઓ સ્વાવલંબી થઈ શકી નથી અને બીજી બાજુ સભ્યપદ કક્ષાએ મંડળીઓ ઉપર યોગ્ય દેખરેખ કે તકેદારી રાખવામાં આવી નથી. અમારી એક અગત્યની ખાસ ભલામણ એ છે કે, સહકારી બેંકિંગ પધ્ધતિને તમામ કક્ષાએ વિશ્વાસ કેળવવાનો રહેશે, જેથી કરીને તેઓ મોટા પ્રમાણમાં થાપણો અને નાણાકીય સાધનો એકઠાં કરી શકે, બહારના સાધનો અને સહાય ઉપર આધાર રાખવો ન પડે અને શાખને પુનઃસક્રિય કરવાની પ્રક્રિયાને સુધારી શકાય.

(૧૦) રાષ્ટ્રીય કક્ષાએ સહકારી ધિરાણ પ્રવૃતિની નેતાગીરી હાલમાં નબળી અને ખામીયુકત જણાઈ છે. પૂરતાં નાણાકીય સાધનો સાથે આવી નેતાગીરી પુરી પાડવા માટે રાષ્ટ્રીય કક્ષાએ ભારતીય સહકારી બેંક " નેશનલ કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા" (એન.સી.બી.આઈ.) એટલે કે રાષ્ટ્રીય બેંકની સ્થાપના કરવાની અમે ભલામણ કરીએ છીએ.

(૧૧) રાજય સહકારી ધિરાણ સંસ્થાઓ જેટલી છે તેટલી રાજય કક્ષાની અન્ય સહકારી સંસ્થાઓ પણ છે, પરંતુ બન્ને પ્રકારની સહકારી સંસ્થાઓ વચ્ચ પરસ્પર કોઈ જોડાણ, સમન્વય કે સંબંધ નથી. ટોચની એક સહકારી સંસ્થાના ફાજલનાણા બીજી સંસ્થામાં વાળવા માટે કોઈ અંતર્ગત વ્યવસ્થા નથી. ભારતીય સહકારી બેંકની રચના થશે તો તે ' સમતુલા કેન્દ્ર ' તરીકે અસરકારક કામગીરી કરશે. હાલમાં બીજા બેંકિંગ ક્ષેત્રે જે ધંધો ચાલ્યો જાય છે તે સહકારી ક્ષેત્રે ટકાવી રાખી શકાશે તેમજ ઈફકો, ક્રૃભકો જેવા રાષ્ટ્રીય સહકારી સાહસોનાં ભંડોળો સ્વીકારી તેમને જરૂરી નાણા પુરા પાડવાનું કામ આ બેંક કરશે.

(૧૨) ભારતમાં સહકારી પ્રવૃતિએ અનેકવિધ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે એટલું જ નહીં પરંતુ અનેક અવરોધો અને મુશ્કેલીઓ વચ્ચે તેમણે પ્રગતિ જાળવી રાખી છે. આમ છતાં એ હકીકત છે કે, દેશના જુદા-જુદા રાજયોમાં સહકારી પ્રવૃતિનો ઉદ્દભવ, વૃધ્ધિ-વિકાસ અને સિધ્ધિઓ એકસરખા કે સમાન નથી, પરિણામે પંજાબ અને કેરલ જેવા રાજયોમાં આ પ્રવૃતિ સંગીન છે, જયારે ઘણા રાજયોમાં અપેક્ષિત સપાટીએ પહોચવામાં પણ તે નિષ્ફળ ગયેલ છે. આ પ્રવૃતિના વિવિધ પાસાંઓ પૈકી સહકારી કૃષિ ધિરાણ જેવા મર્યાદિત ક્ષેત્રની પરિસ્થિતી જોઈએ તો ૩૫ વર્ષ પહેલાં ગ્રામ ધિરાણ તપાસ સમિતિએ જે વિધાન કર્યું હતું કે," સહકારી પ્રવૃતિ નિષ્ફળ ગયેલી છે પરંતુ સહકારી પ્રવૃતિ સફળ થવી જોઈએ" આ વિધાન આજેપણ એટલુંજ સાચું, વ્યાજબી અને યથાર્થ જણાયું છે.

(૧૩) જાપાન, દક્ષિણ કોરિયા, નેધરલેન્ડ અને પશ્ચિમ જર્મની જેવા દેશોએ હરીફાઈયુક્ત સમાજ વ્યવસ્થામાં પણ ગણનાપાત્ર સફળતા મેળવી છે જ્યારે ભારતની પ્રવૃતિમાં કેટલીક નબળાઈઓ છે. ભારતની સહકારી પ્રવૃતિ વિશે એમ કહેવાયું છે કે, વૃધ્ધિવિકાસ સાધવામાં પ્રવૃતિ નિષ્ફળ ગઈ છે કારણકે તે રાજય સરકાર પ્રેરિત અને રાજય સરકારની કૃપા હેઠળ છે. ગ્રામ ધિરાણ તપાસ સમિતિની ભલામણોનો સ્વીકાર થતાં રાજયોની ભાગીદારીના સિધ્ધાંતોનો અમલ કરવાની સાથે સહકારનો સાચો આત્મ – જુસ્સો મરી પરવાર્યો છે – હણાઈ ગયો છે – તેનો અંત આવ્યો છે. આ માટે રાજય સરકારની ભાગીદારી કારણભુત બની છે. સહકારી સંસ્થાઓના કામકાજમાં સરકારની વધુ પડતી દખલગીરીને કારણે સહકારી વહીવટ અને બિનસરકારી નેતાગીરી અદશ્ય થયેલી છે. લોકોના વહીવટને બદલે સરકારનો અંકુશ દાખલ થયો છે. સહકારી પ્રવૃતિ સરકારની મદદ આધારિત હોય, મોટી સરકારી કચેરીમાં તેમના ચપરાશી સાથે બેઠાં બેઠાં આ બાબતનું સંચાલન કરે અને તેના ઉપર અંકુશ રાખે એવું બનવું જોઈએ નહીં, તેમ થાય તો તે ઘણું જ વાંધાજનક ગણાય. સહકારમાં પરસ્પર સહાયનું તત્વ છે. સાથીપણાની લાગણી છે અને આ લાગણી એવી છે કે, કોઈપણ સામાન્ય ખેડૂત કોઈ પણ અધિકારીથી ડર્યા સિવાય દોડી આવે અને સંસ્થા પાસે મદદ મેળવે.

(૧૪) સહકારી સંસ્થાઓના સભ્યો તેમના હકકોથી સભાન થાય, સમગ્ર સહકારી ધંધાના ભાગરૂપે કામ કરે અને સ્વાવલંબી બને તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ઉપલી કક્ષાની સહકારી સંસ્થાઓએ પ્રાથમિક મંડળી પ્રત્યે માત્ર સંસ્થા તરીકેનો ભાવ રાખી વર્તવું જોઈએ. હાલમાં રજિસ્ટ્રારશ્રીની જે સતાઓ અને અધિકારો છે તે ઉપલા સ્તરની સંસ્થાઓને ટ્રાન્સફર કરવા જોઈએ. નીચલી કક્ષાની સંસ્થાના હોદ્દેદારો માટે, મંત્રીઓ/મેનેજરો માટે યોગ્ય પ્રકારની તાલીમ વ્યવસ્થા ઉપલી કક્ષાની સંસ્થાએ કરવાની રહેશે.

(૧૫) પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની પુન:રચના અગાઉ તેનો વહીવટ ચૂંટાયેલ વ્યવસ્થાપક સમિતિ દ્વારા અને મુખ્યત્વે અર્ધ સમયના મંત્રીઓ અને માનદમંત્રીઓ દ્વારા થતો હતો. માત્ર બહુ થોડી મંડળીઓમાં પૂર્ણ સમયના મંત્રીઓ હતા. તા.૩૦/૬/૮૪ ના રોજ (PACS) ની કુલ સંખ્યા પૈકી ૨૩૫૨૫ મંડળીઓમાં એટલે કે ૨૫.૭ ટકા મંડળીઓમાં પૂર્ણ સમયના પગારદાર મંત્રી/મેનેજરો ન હતા, અને ત્યારપછી પણ લાંબા સમય સુધી તેમાં ગણનાપાત્ર સુધારો થયો નથી. વધુમાં પેકસના ૫૦ ટકા મંત્રીઓએ કોઈ પણ પ્રકારની તાલીમ લીધી નહોતી, તેનાં કારણો નાણાકીય સાધનોની તંગી અને તાલીમ દરમિયાન અવેજીમાં નીમવા માટે કર્મચારીઓનો અભાવ, પ્રત્યેક મંડળીમાં તેના દરરોજના કામકાજ માટે ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના કર્મચારીની જરૂરિયાત બાબતે વધુ કહેવાનું હોય નહીં. આવા કર્મચારીની મદદ સિવાય ચૂંટાયેલ વ્યવસ્થાપક સમિતિ માટે મંડળીનું કામકાજ ચલાવવું અને વ્યવસ્થિત દફતર રાખવાનું શકય નથી.

(૧૬) છેલ્લા બે દાયકામાં તમામ કક્ષાએ સામૂહિક રીતે સહકારી સંસ્થાઓના વહીવટકર્તાઓની બરતરફીની ઘટના એક વાર્તા બની ચૂકી છે. અને લોકશાહી ઢબે ચૂંટાયેલા સંચાલકોના સ્થાને સરકારી અધિકારીઓ અને બિનઅધિકારીઓને સરકારે આ સંસ્થાનો વહીવટ સંભાળવા માટે નિયુકત કર્યા છે. જુનિયર કક્ષાના અધિકારીને નીચલી કક્ષાની સહકારી સંસ્થામાં અને સિનિયર અધિકારીને ઉપલા સ્તરની સહકારી સંસ્થાઓમાં નિયુકત કરવામાં આવ્યા છે, પરિણામે નીચલી કક્ષાની સહકારી સંસ્થાઓ મદદનીશ રજિસ્ટ્રારની સમવાય સંસ્થાઓ બની રહી અને ઉપલી કક્ષાએ તેઓ ડેપ્યુટી રજિસ્ટ્રારની સમવાય સંસ્થાઓ બની થઈ અને આ સંસ્થાઓ આખરે રજિસ્ટ્રાર અને તેમના સમકક્ષ અધિકારીઓની રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ બની ગઈ છે. એટલું જ નહીં

પરંતુ જ્યાં સંચાલકમંડળ ને બરતરફ કરવામાં ન આવે ત્યાં પણ સરકારે સતાનો દુરુપયોગ કરીને ચૂંટણીઓ પાછી ઠેલવીને સરકારે વહીવટ કર્યાના દાખલા બનાવા પામ્યા છે. પરિણામે સમવાયી સંસ્થાઓ વાસ્તવમાં સરકારના આદેશથી ચાલતી સરકારી અંકુશવાળી અને સરકારના નિયંત્રણ હેઠળ ચાલતા કામકાજવાળી સરકારી સંસ્થાઓ બની ગઈ છે.

(૧૭) સહકારી કાયદા હેઠળ સરકાર તેમજ રજિસ્ટ્રારને વધુ પડતા અધિકારો આપવામાં આવ્યા છે અને નિર્ણયો કરવાની સતા વ્યવસ્થાપક સમિતિ પાસેથી ઝૂંટવાઈ ગઈ છે. દા.ત.લાભાંશ મંજૂર કરવા સહકારી સંસ્થાઓએ રજિસ્ટ્રારની અગાઉથી મંજૂરી લેવી પડે, યોગ્ય લાગે તો સરકાર સહકારી સંસ્થાઓની ચૂંટણી અટકાવી શકે, સહકારી સંસ્થાઓ ઉપર મેનેજિંગ ડિરેકટરની નિમણૂક કે નિયુક્તિ કરવાનો અધિકાર સરકારને છે, સંચાલક મંડળના જે નિર્ણયો હોય તેના ઉપર સરકારના પ્રતિનિધિઓ વિટો પાવર વાપરી શકે એટલે કે સંચાલક મંડળે લીધેલ લોકશાહી નિર્ણયને સરકાર અટકાવી શકે, સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિકે પેટા–સમિતિઓની સભાઓની કાર્યવાહીને રદબાતલ કરાવી શકે, અમુક કામ કરવા કે ન કરવા બાબત સરકાર સહકારી મંડળીઓને આદેશ આપી શકે. આવી રીતે લોકશાહી સંસ્થાઓ ઉપર કાબુ મેળવવા માટે સરકાર દ્વારા સતાનો દુરઉપયોગ થઈ રહ્યો છે. આ બાબતમાં સહકારી કાર્યકરો તરફથી સભાઓ અને પરિષદોમાં અવારનવાર રજુઆતો કરવામાં આવે છે અને તેને દૂર કરવા ભલામણો કરી છે એટલું જ નહી પરંતુ મોડેલ કો–ઓપ.સોસાયટીઝ એકટમાં લોકશાહીકરણ અને વ્યવસાયીકરણ લાવવાના હેતુ માટે દૂરોગામી જોગવાઈઓ સુચવવામાં આવી છે.

(૧૮) સહકારી સંસ્થાઓમાં અધિકારીકરણને કારણે આ સંસ્થાઓ સરકારના આદેશયુકત સંસ્થાનો બની ગઈ છે.સ્વશાસન, સ્વાયતતા અને સમવાયપણાના સિધ્ધાંતને બાજુએ મુકી દેવાયા છે. છેલ્લા બે દાયકામાં પ્રવૃતિનું રાજકીયકરણ કરવાથી આ પ્રવૃતિને પારાવાર નુકશાન થયું છે.

(૧૯) સહકારી બેંકિંગપધ્ધતિમાં રાજકીયકરણ, અધિકારીકરણ, મોટા પાયે બરતરફીઓ વ્યવસાયીકરણનો અભાવ વિગેરે પરિબળોને કારણે સહકારી સંસ્થાઓમાં બિનકાર્યક્ષમતા મોટા પ્રમાણમાં જોવા મળે છે. એટલું જ નહી પરંતુ મંડળીઓની સેવાઓ બિનકાર્યક્ષમ બની છે. કરજનું પ્રમાણ ઊંચુ ગયું છે. અને નફાકારકતા ઘટતી થઈ છે. પ્રાથમિક ધિરાણ મંડળીઓની કક્ષાએ બિનઅર્થક્ષમતા વ્યાપક છે, જેથી પ્રાથમિક કક્ષાનું માળખું સંગીન બનાવવાની તાતી જરૂરિયાત છે. એટલે ઉપલા સ્તરની સંસ્થાઓ તરફથી જરૂરી પ્રેરણા અને ટેકો મળી રહે તે આવશ્યક છે.

(૨૦) અમો માનીએ છીએ કે, કૃષિ ક્ષેત્રે વિવિધ પ્રકારની અને રોજબરોજની વધતી જતી જરૂરિયાતોને પુરી પાડવા માટે સહકારી સંસ્થાઓ સિવાય અન્ય કોઈ વધુ સારી, વધુ જવાબદારી અને વધુ અસરકારક શાખ ધિરાણ પધ્ધતિ નથી. એટલે કે સહકારી પ્રવૃતિનો અન્ય કોઈ વિકલ્પ નથી.

(૨૧) પેકની ( PACS ) કુલ સંખ્યામાં વધારો થયો છે આમ છતાં ધિરાણ લેનાર સભાસદોની સંખ્યા બાબતમાં મિશ્ર વલણ જોવા મળ્યું છે, તેને માટે સહકારી સંસ્થાઓની આર્થિક નબળાઈઓ જવાબદાર છે. ધિરાણની વસૂલાતમાં કસૂરદાર ના ઊંચા દરને કારણે ધિરાણ લેનાર સભાસદોની વૃધ્ધિને અટકાવી દીધી છે .

(૨૨) ૧૯૮૧–'૮૨ ના વર્ષ માટેની આંકડાકીય માહિતી દર્શાવે છે કે, નફો કરતી મંડળીઓની સંખ્યા ઓછી થતી જાય છે. દા.ત. આસામ (૧૪.૬%), તામિલનાડુ (૩૫.૮%), પશ્ચિમ બંગાળ (૪૪.૭%), કર્ણાટક (૪૬.૧%), બિહાર( ૫૦.૧%), મહારાષ્ટ્ર (૫૧.૪%), અને કેરળ (૧.૯%) જયારે અખિલ ભારતની ટકાવારી ૫૬.૫ % કરતાં નીચી હતી. પંજાબ, રાજસ્થાન,ઓરિસ્સા, ઉતરપ્રદેશના રાજયોમાં PACS ની કુલ મંડળીઓ પૈકી નફો કરતી મંડળીઓ ૬૭ ટકા હતી.

(૨૩) વહીવટનું વ્યવસાયીકરણ એ પણ એક ક્ષેત્ર છે, જેમા વખતોવખત વિગતે ચર્ચાવિચારણા થઈ હોવા છતાં સહકારી સંસ્થાઓ આ દિશામાં પ્રગતિ કરવામાં લગભગ નિષ્ફળ ગઈ છે. આ બાબતે મહદ્ અંશે રાજયોની સરકારો જવાબદાર છે, જેઓ મંડળીઓ ઉપર બાહ્ય અંકુશ ધરાવે છે. સરકારે સહકારી સંસ્થાઓને તેમનો પોતાનો વહીવટ કરવા બાબતમાં ભાગ્યે જ તેમનો અવાજ ઉઠાવવા દીધો છે. સહકારી સંસ્થાઓનો વહીવટ કર્મચારીઓની તાલીમ, સહકારી પ્રવૃતિનો વ્યાપ, વિકાસ, વિસ્તરણ અને વૈવિધ્ય સાથે કદમ મિલાવે તે આવશ્યક છે.

(૨૪) ત્રણ સ્તરનું સહકારી કૃષિ ધિરાણ માળખું ધિરાણ પૂરું પાડવાના ખર્ચમાં વધારો કરે છે અને તેથી જ એક સ્તરનું માળખું નાબુદ કરવાની અવારનવાર રજુઆત થઈ છે. આ સૂચનને આ કમિટીએ તપાસ્યું છે અને તે સાથે સમિતિ સંમત થતી નથી. પ્રાથમિક કક્ષાએ સહકારી મંડળીઓએ તેના સભાસદોની શકય તેટલી વધુ નજીક રહેવું જોઈએ, અને તેથી તેનું કાર્યક્ષેત્ર સિમીત રહેવું જોઈએ. આથી ત્રણે સ્તરો પૈકીના કોઈપણ એકને નાબૂદ કરવામાં કોઈ લાભ દેખાતો નથી, ઉલટું હાલમાં જે માળખું અસ્તિત્વમાં છે તે ત્રણ સ્તરના માળખાને ચાલુ રાખવામાં હકારાત્મક ફાયદા રહેલા છે.

(૨૫) ઘણા ખરા રાજયોમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની ( પેક્સ ) પુનઃરચના થવા છતાં મોટી સંખ્યામાં મંડળીમાંથી કરજ લેનાર સભ્યોની સંખ્યા ઓછી રહેવા પામી છે. મંડળીઓના ધંધાનું પ્રમાણ પણ ઓછું છે, પરંતુ તેમની મુદતવીતી બાકીનું પ્રમાણ વધ્યું છે, જેને કારણે મંડળીઓની ખોટમાં વધારો થતો રહ્યો છે. આ મંડળીઓ હજુ પણ મોટી સંખ્યામાં બિનકાર્યક્ષમ એકમ તરીકે કામ કરી રહી છે. દેશની ૯૨,૦૦૦ મંડળીઓ પૈકી માત્ર ૬૮,૦૦૦ મંડળીઓમાં પૂર્ણ સમયના મંત્રી છે. કુલ મંડળીઓ પૈકી જૂન–૮૫ ના અંતે ૫૬.૫ ટકા મંડળીઓ નફામાં કામ કરતી હતી. તમામ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ જેઓ રૂા. ૧૦ લાખના ધિરાણના કામકાજમાં પહોચીં ન હોય તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરી તેમના લક્ષ્યાંકો સુધી પહોંચાડવી જોઈએ. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોએ આવી મંડળીઓ માટે ધંધાકીય વિકાસ કાર્યક્રમ ( બીઝનેસ ડેવલપમેન્ટ પ્લાન ) તૈયાર કરવો જોઈએ. પ્રત્યેક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓના ધંધાકીય વિકાસ કાર્યક્રમમાં ખાસ કરીને ધિરાણનું પ્રમાણ વધારવા, નફાકારક બિન–ધિરાણ પ્રવૃતિઓ વિકસાવવા, નાણાકીય સાધનો – થાપણોમાં વૃધ્ધિ કરવી અને મુદતવીતી બાકીનું પ્રમાણ ઘટાડવું વિગેરે પ્રવૃતિઓ હાથ ધરવી જેથી નિયત કરેલ ધિરાણો સુધી પહોંચી શકાય.

(૨૬) પ્રત્યેક પ્રાથમિક કૃષિધિરાણ મંડળીમાં ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના પગારદાર અધિકારી એટલે કે મંત્રી હોવો જોઈએ, જે નિયમિત રીતે મંડળીઓમાં કામકાજ અને પ્રવૃતિઓ ચલાવી શકે. જે મંડળીઓમાં પૂર્ણ સમયના મંત્રીઓ છે તેમા ઘણા ખરા મંત્રીઓનો પગાર એટલો ઓછો હોય છે કે, તેમણે અન્ય કામગીરી હાથ ઉપર લેવી પડે છે, અને હકીકતમાં તેઓ અર્ધસમયના મંત્રીથી વધુ સારી સ્થિતિમાં હોતા નથી.

(૨૭) પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓમાં હાલમાં જે મંત્રી કેડર પધ્ધતિ હેઠળ પસંદ કરેલા છે, તેઓ પ્રોત્સાહિત હોતા નથી તેમજ મર્યાદિત આવડતવાળા, મર્યાદિત શૈક્ષણિક લાયકાતવાળા હોયછે, અને આવા મંત્રીઓ સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિ પ્રત્યે વફાદાર હોતા નથી પણ તેઓ કેડરને જવાબદાર હોય છે. કૃષિધિરાણ મંડળીમાં મંત્રી અગત્યની વ્યકિત છે. તે યોગ્ય, સમર્થ,ગતિશીલ અને પ્રતિબધ્ધ હોવા જોઈએ ,જેથી કરીને સહકારી મંડળીના વિકાસ માટે અને વખતોવખત જરૂરી સુધારા લાવવા માટે તે આવશ્યક વ્યકિત બની રહે. નિમણૂકની શરૂઆતથી જ મધ્યસ્થ સહકારી બેંકે મંત્રીઓને તાલીમ આપવી જોઈએ અને વારંવાર જુદા-જુદા પ્રકારની તાલીમ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. મંત્રીને બઢતીની તકો પણ મળી રહે તે જોવું જોઈએ,જેથી તે વફાદારી પૂર્વક મંડળીને વળગી રહે. ટૂંકમાં, ખુશરો સમિતિનો અહેવાલ,છેલ્લા દાયકામાં કૃષિધિરાણના ઉપસતા ચિત્રનો ખ્યાલ આપે છે.

ઈ.સ.૧૯૮૭ માં સહકારી સંસ્થાઓમાં લોકશાહીકરણ અને વ્યવસાયિકરણ ઉપર ઝોક મુકવા માટે શ્રી અર્ધનારીશ્વરન સમિતિની રચના થયેલ. તેમણે સહકારી મંડળીઓમાં બીઝનેસ ડેવલપમેન્ટ પ્લાન બનાવવા ઉપર ભાર મુકયો. ઈ.સ. ૧૯૮૯ માં ખુશરો કમિટીએ પ્રાથમિક સહકારી મંડળઓ વધારે કાર્યક્ષમ બની ધંધાકીય રીતે નફાકારક થઈ સુદ્રઢ બને તેમજ ધિરાણ અને અન્ય કૃષિ સાધનોનું વ્યવસ્થિત આયોજન કરવાની ભલામણ કરી હતી. સહકારી સંસ્થાઓની સ્વાયતતા જળવાઈ રહે અને જરૂર સિવાયના સરકારી નિયંત્રણો દુર થાય તે માટે સહકારી મંડળીઓના કાયદામાં સુધારો કરવા ચૌધરી બ્રહમપ્રકાશ કમિટીએ ઈ.સ.૧૯૯૦ માં કોમન સહકારી કાયદાઓ અંગેનો મુસદો તૈયાર કરી દરેક રાજયને મોકલ્યો, જે મોડેલ કો – ઓપરેટિવ એકટ તરીકે ઓળખાય છે,

પરંતુ થોડા રાજ્યો સિવાય તેને પ્રતિસાદ મોળો મળ્યો છે. આ ઉપરાંત, નાણાકિય સંસ્થાઓ તથા બેંકિંગ સંસ્થાઓ વિષે અભ્યાસ કરવા નરસિંહમ કમિટી પ્રથમની ઈ.સ.૧૯૯૦ માં રચના થયેલ.

ઈ.સ.૧૯૯૧ થી ઈ.સ.૨૦૦૪ દરમિયાન સહકારી ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા ઉપર ભાર મુકવામાં આવ્યો. આ સમય દરમિયાન નાણાકિય ક્ષેત્રે સુધારો કરવા માટે સેકન્ડ નરસિંહમ કીમટીની રચના થયેલ, તેમણે વ્યાપક સુધારાઓનો દોર ચાલુ રાખવા સુચવેલ ધિરાણ માળખાને સુદ્રઢ બનાવવા જગદીશ કપુર કમિટીની રચના થયેલ. નાબાર્ડના સ્તરે બેન્કોના ઈન્સ્પેકશન માટે ઓફ સાઈટ સર્વેલન્સ કાર્યક્રમો તૈયાર થયા અને એન.પી.એ.ના નોર્મસ સખ્ત રીતે ચુસ્ત બનાવતાં સહકારી બેંકોની નફાકારકતાને અસર પડવા લાગી સાથોસાથ કેપીટલ એડીકવસી રેશીયાના નોર્મ પણ દાખલ કરવા માટે નવા નોર્મ તૈયાર થયા આ બધાને પરિણામે સહકારી પ્રવૃતિની નબળાઈઓ દુર કરી તેને વધારે સુદ્રઢ કરવાનું મહત્વ સ્વીકારાયેલ છે.

## ૧.૧૨ રાષ્ટ્રીય સહકારી નીતિઃ-

## ( નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાની ગવર્નિંગ કાઉન્સિલે જાહેર કર્યા મુજબ )

ભારતમાં સહકારી પ્રવૃતિના વિકાસ માટે તેમજ સહકારી પ્રવૃતિને સંગીન, સ્વાશ્રયી, લોકશાહી પધ્ધતિએ, સભ્યો દ્વારા સંચાલિત, તેમજ સભાસદોની ભાગીદારીવાળી સરકારી સંસ્થાઓ બનાવવા માટે દેશની નીતિ કેવી હોવી જોઈએ તે બાબતમાં નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઇન્ડિયાની ગવર્નિંગ કાઉન્સિલે મુસદ્દો તૈયાર કરી ભારત સરકારને તેનો સ્વીકાર કરવા તેમજ તેના અમલીકરણ માટે ભલામણ કરેલ છે જે નીચે મુજબ છે :

(૧) દેશની સહકારી પ્રવૃતિ સ્વાયત, સ્વાશ્રયી અને બહારના કોઈપણ જાતના હસ્તક્ષેપ કે આધિપત્ય અને કાબુ અથવા રાજકીય દખલગીરીથી પર હોવી જોઈએ. સહકારી સંસ્થાઓ પોતાનાં સ્વકીય સાધનોની વૃધ્ધિ કરીને, ગ્રામીણ તેમજ નાગરિક વિસ્તારમાંથી બચતો મેળવીને તેમજ બહારની નાણાકીય સંસ્થાઓ અને સરકાર પરનો આધાર ઓછો કરીને સ્વાયત બની રહેશે.

(૨) સહકારી સંસ્થાઓની સભ્યસંખ્યા વધારીને, તેમની ભાગીદારી વધારીને તેમજ સ્થાપિત હિતોનું આધિપત્ય દૂર કરીને સહકારી સંસ્થાઓને સંગીન અને સધ્ધર બનાવવાની રહેશે.

(૩) સહકારી સંસ્થાઓને આર્થિક વિકાસ માટેની, રોજગારલક્ષી અને ગ્રામલક્ષી સંસ્થાઓ બનાવી લોકશાહી વિકેન્દ્રીકરણનું અગત્યનું સાધન બનાવવાનું રહેશે.

(૪) સહકારી પ્રવૃતિને નબળાની ઢાલ તરીકે વિકસાવવાની રહશે. નાના અને સિમાંત ખેડૂતો, ખેતમજૂરો, કારીગરો તેમજ સામાન્ય વપરાશકાર જેઓ મધ્યમ અને નીચલા વર્ગના છે તેમને સહકારી કાર્યક્રમોમાં વધુ સંખ્યામાં ભાગીદાર બનાવી લાખો લોકોને સહકારી પ્રવૃતિમાં સામેલ કરવા માટેના ઘનિષ્ટ પ્રયાસો કરવામાં આવશે.

(૫) આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનના આયોજન માટેની પ્રક્રિયામાં સહકારી સંસ્થાઓને દરેક કક્ષાએ સંયોજિત કરવામાં આવશે.

(૬) સહકારી વિકાસને રાષ્ટ્રીય ધોરણે પ્રયોજિત કરવામાં આવશે અનેસહકારી વિકાસમાં રહેલ પ્રાદેશિક અસમતુલા ક્રમશઃ નાબૂદ કરવામાં આવશે.

(૭) ભારત સરકાર, રાજયોની સરકારો તેમજ જાહેર સાહસોએ તેમની ધંધાકીય તેમજ વિકાસને લગતી વિવિધ પ્રવૃતિઓમાં સહકારી સંસ્થાઓને પસંદગી આપી અગ્રતાક્રમે મૂકવામાં આવશે.

(૮) ગ્રામીણ વિસ્તારમાં સંગીન, અર્થક્ષમ અને સંકલિત સહકારી પધ્ધતિ બનાવીને સર્વગ્રાહી ગ્રામીણ વિકાસ માટે પુરસ્કૃત કરવામાં આવશે અને ઉતરોતર ધિરાણ, કૃષિ સામગ્રીનો પૂરવઠો, કૃષિઉત્પાદન અને તેની આનુષંગિક પ્રવૃતિઓ જેવી કે, ડેરી, મરઘાંઉછેર,મત્સ્યોદ્યોગ વિગેરે તેમજ ગ્રાહક ચીજોનું વેચાણ અને વિતરણનું સંકલન સહકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે.

(૯) ઉત્પાદકો અને વાપરનારાઓને પોષણક્ષમ આર્થિક લાભો આપવા માટે કૃષિરૂપાંતર અને ઔદ્યોગિક એકમોમાં સહકારી સંસ્થાઓને પસંદગી આપવામાં આવશે.

(૧૦) જાહેર વિતરણ પધ્ધતિને સંગીન બનાવવા માટે ગ્રાહક સહકારી સંસ્થાઓનો સરકાર દ્વારા ઉપયોગ કરવામાં આવશે, જેથી કરીને ભાવની સપાટી જાળવી શકાય અને જયારે આ રીતે તેમનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે સંસ્થામાં જે કાંઈ નુકશાન થાય તે સરકારે ભરપાઈ કરી આપવું જોઈએ અથવા નાણાકીય સહાય આપવી જોઈએ.

(૧૧) સરળ સહકારી કાયદો અને તર્કબધ્ધ વહીવટી પધ્ધતિ સાથે સહકારી સંસ્થાઓને કાર્યક્ષમ સંસ્થા તરીકે વિકસાવવામાં આવશે.

(૧૨) માનવસાધનોના વિકાસ માટે સહકારી સંસ્થાઓને મદદ કરવામાં આવશે. સહકારી સંસ્થાઓમાં યોગ્ય માણસોની ભરતીના કાર્યક્રમ દ્વારા તેમજ તેમને પધ્ધતિસર તાલીમ આપીને મંડળીની કાર્યક્ષમતા વધારી સભાસદોની ભાગીદારીવાળી સહકારી સંસ્થાઓ બનાવવા વ્યવસાયી વ્યવસ્થા પધ્ધતિ ગોઠવવામાં આવશે.

(૧૩) આર્થિક વિકાસના તમામ ક્ષેત્રે લાભદાયી રીતે રોજગારી આપી શકાય તે માટે સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવામાં આવશે.

(૧૪) સહકારી સંસ્થાઓએ તેમના વ્યાપાર માટે સહકારી સંસ્થાઓને પસંદગી અને અગ્રતા આપવાની રહેશે.

(૧૫) આવાસ વગરના લોકોને ઘરોની સગવડો પુરી પાડવા માટે ગૃહનિર્માણ મંડળીઓને પ્રોત્સાહન આપી સંગીન બનાવવામાં આવશે.

(એન.સી.યુ.આઈ.તરફથી ૧૨મી ભારતીય સહકારી કોંગ્રેસ પ્રસંગે રજુ કરેલ "Trends is Co-operative Development Since Last Congres (નામની પુસ્તિકા પર આધારિત)

## સહકારી સંસ્થાઓ અને આચારસંહિતા :-

## પ્રાથમિક મંડળીઓ માટે :

(૧) સહકારી સંસ્થાઓ તેમના સભ્યોના સામાજિક – આર્થિક ઉત્કર્ષ માટે સ્વાશ્રય અને પરસ્પર સહાયના ધોરણે સહકારના સિધ્ધાંતો પર આધારિત રહીને કામગીરી બજાવશે.

(૨) સહકારી સંસ્થાઓ તેમની પ્રવૃતિઓ અને વ્યવસ્થામાં સભાસદોની ભાગીદારીને પ્રોત્સાહન આપશે.

(૩) સભાસદોને તેમના હકકો અને મંડળીની સાચી માહિતી અંગે સમજ આપીને નિર્ણયો લેવામાં તેમજ તેના લાભો મેળવવામાં સહકારી સંસ્થાઓ મદદ કરશે.

(૪) સભાસદોના હિતોને અગ્રતા આપી સહકારી સંસ્થાઓ તેની પ્રવૃતિઓને નવેસરથી ગોઠવશે.

(૫) સહકારી સંસ્થાઓ તેમના પેટા–કાયદા મુજબ યોગ્ય વ્યકિતને સભાસદ તરીકે દાખલ કરશે.

(૬) સહકારી સંસ્થાઓ બિનસભ્યો સાથે કેવો વ્યવહાર કરશે તે અંગે પેટા–કાયદામાં  જોગવાઈ  કરશે.

(૭) કોઈ વ્યક્તિ મંડળીમાં સભ્યપદ ક્યારે મેળવી શકે તે અંગે સહકારી સંસ્થાઓ સમય    મર્યાદામાં નકકી કરશે.

(૮) કોઈપણ સભાસદ વર્ષ દરમિયાન મંડળી સામે ઓછામાં ઓછા કેટલા વ્યવહારો કરશે એટલે કે તેની સેવાઓનો ઉપયોગ, નાણાકીય વ્યવહારો અને સભાઓમાં ભાગ લેવો  તે અંગેના ધોરણ મંડળીઓ નકકી કરશે.

(૯) સહકારી સંસ્થાઓ પોતાની સંસ્થાકીય સ્વાયતતતા સિધ્ધ કરવા પ્રયત્નશીલ રહેશે,એટલે કે પોતાની અગ્રતાઓ મુજબ તેઓ વહીવટ કરવા હકકદાર ગણાશે.

(૧૦) સહકારી સંસ્થાઓ સ્થાનિક પરિસ્થિતિ અનુસાર યોગ્ય વહીવટી વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરશે.

(૧૧) નવી નેતાગીરી ઉભી કરવા અને વિકસાવવા સહકારી સંસ્થાઓ તંદુરસ્ત પ્રણાલિકાઓ પાડશે.

(૧૨) સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી મંડળી સમયસર કરશે.

(૧૩) સહકારી સંસ્થાઓ તેમની વાર્ષિક સાધારણ સભા અને વ્યવસ્થાપક સમિતિની સભાઓ સમયસર યોજશે.

(૧૪) સહકારી મંડળીઓ સરકાર પાસેથી સામાન્ય સંજોગોમાં શેર ભાગીદારી મેળવશે નહીં. સહકારી સંસ્થાઓ પોતાના જરૂરી નાણાકીય સાધનો ઉભાં કરવા પ્રયત્નો કરશે. ખાસ કરીને સભાસદો પાસેથી શેરભંડોળ મેળવશે.

(૧૫) બહારની નાણાકીય સંસ્થાઓ અથવા સરકાર પાસે ખાસ હેતુ માટે કઈ શરતો હેઠળ નાણાકીય સહાય મેળવશે તે અંગે સહકારી સંસ્થાઓ ચોકકસ નીતિ નકકી કરશે.

(૧૬) સહકારી સંસ્થાઓ સ્થાનિક સાધનોમાંથી નાણા ભેગા કરવા પ્રયત્નો કરશે, જે મંડળીની મુખ્ય કામગીરી ગણાશે

(૧૭) જે સંસ્થાઓના ઉદ્દેશો રાજકીય કે ધાર્મિક હોય તેવી સંસ્થામા સહકારી સંસ્થાઓ કોઈપણ પ્રકારનો ફાળો આપશે નહી.

(૧૮) સહકારી સંસ્થાઓ દર વર્ષે નકકી કરેલ સમય મર્યાદામાં તેમણે નિયુક્ત કરેલ ઓડિટર મારફતે તેમના હિસાબો ઓડિટ કરાવી દેશે.

(૧૯) સહકારી સંસ્થાઓ તેમની વ્યવસ્થાપક સમિતિના સભ્યો, હોદ્દેદારો અને સભ્યો માટે આચારસંહિતા નકકી કરશે.

(૨૦) સહકારી સંસ્થાઓ નિર્બળ વર્ગના લોકોને મોટી સંખ્યામાં સભ્યો બનાવી પ્રોત્સાહન આપશે.

(૨૧) સભાસદોની જાગૃતિ વધારવા સહકારી સંસ્થાઓ શિક્ષણ કાર્યક્રમો યોજશે તેમજ સભ્યો તથા ભાવિ સભ્યો માટે સહકારી શિક્ષણ અને તાલીમના કાર્યક્રમો યોજવા જરૂરી નાણાની જોગવાઈ કરશે.

(૨૨) સહકારી સંસ્થાઓ તેમના ધંધાકીય વિકાસ માટે આયોજિ વિકાસની પધ્ધતિ અપનાવશે.

(૨૩) સહકારી મંડળીઓ તેમના વિસ્તારમાં આવેલ લોકોના સ્વાશ્રયી જૂથો રચશે અને તેમના વિકાસ માટે સામૂહિક પ્રયત્નો કરશે.

(૨૪) સહકારી સંસ્થાઓને ગતિશીલ બનાવવા માટે તેઓ યુવકોને સહકારી સંસ્થાઓમાં સામેલ કરશે અને તેમને જરૂરી તાલીમ આી ભાવિ નેતાગીરી તૈયાર કરશે.

(૨૫) સહકારી સંસ્થાઓ તેમનો ધંધો યોગ્ય રીતે ચલાવવા માટે વ્યવસાયી અને લાયકાતવાળા કર્મચારીઓની પસંદગી કરશે .

## સહકારી સંસ્થાઓના સભ્યો માટે :-

(૧) સભાસદો તેમની મંડળીઓની સેવાઓનો ઉપયોગ કરશે અને તેમની સભાસદ તરીકેની જવાબદારીઓ સ્વીકારી અદા કરશે .

(૨) સહકારી મંડળીઓએ નકકી કરેલ સેવાઓ અને નાણાકીય વ્યવહારોના ધોરણ મુજબ સભાસદો મંડળીની સેવાઓનો ઉપયોગ કરી સભાસદ તરીકે ચાલુ રહેશે.

(૩) સભાસદો મંડળીના તમામ વ્યવહારોમાં તેમજ મંડળીની સભાઓમાં સક્રિય રીતે ભાગીદાર બનશે.

(૪) સભાસદો પેટા–કાયદામાં જણાવ્યા મુજબ તેમની ફરજો બજાવશે અને મતાધિકારનો ઉપયોગ કરશે.

(૫) સભાસદો સહકારી શિક્ષણ કાર્યક્રમોમાં જોડાઈ તાલીમ લેશે, જેથી કરીને સહકારી મંડળીનું સંચાલન લોકશાહી પધ્ધતિએ થાય. મંડળીમાં સભાસદોની ભાગીદારી વધે, મંડળીની સેવાઓ, નીતિનિયમો, પધ્ધતિઓની કદર કરી તેઓ તેમની જવાબદારીઓ અદા કરશે.

(૬) મંડળી વતી નિર્ણયો લેવા માટે સભાસદો પોતાની કાર્યશકિત વિકસાવશે તેમજ મંડળીની કામગીરી ગોઠવવામાં તેમજ તેની રોજબરોજની પ્રવૃતિઓ ચલાવવા અને તેની અન્ય બાબતો ઉપર કાબુ રાખવા નિર્ણયો લેશે.

(૭) મંડળીના વાર્ષિક અહેવાલનું વિશ્લેષણ કરી તે ઉપરથી મંડળીની કામગીરીનું મૂલ્યાંકન કરશે અને તેમની પોતાની અપેક્ષાઓ મુજબ સેવાઓ અને ગુણવતાવાળો માલ તેમને તથા લોકોને મળે છે કે નહી તે અંગે સમીક્ષા કરશે.

(૮) સભાસદો મંડળીના ભંડોળ અંગે સમીક્ષા કરશે અનેજરૂર પ્રમાણે તેમાં વધારો કરવા મદદરૂપ થશે.

(૯) મંડળીની અર્થક્ષમતા વધારવા માટે સભાસદો મંડળીને વધુને વધુ ટેકો આપશે.

(૧૦) મંડળીમાં જે કાંઈ દેવું હશે તેમાં સભ્યો ભાગીદાર રહેશે નહીં અને તે ભરપાઈ કરી આપશે.

(૧૧) મંડળીના હિત વિરૂધ્ધમાં સભાસદો કોઈ કૃત્ય કરશે નહીં.

(૧૨) મંડળીના ધંધાના હિત વિરૂધ્ધ હોય તેવી કોઈ પ્રવૃતિઓ સભાસદો દ્વારા થશે નહીં.

**સહકારી સંસ્થાઓના હોદ્દેદારો / સંચાલક મંડળના સભ્યો માટે :-**

(૧) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો સહકારના સિધ્ધાંતોથી માહિતગાર થશે અને મંડળીના કામકાજમાં અને વ્યવહારમાં તેનો અમલ કરશે.

(૨) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો સહકારી મંડળી અને સભાસદોના હિતો જાળવીને કામકાજ કરશે.

(૩) સહકારી મંડળીના હોદ્દેદારો તેમના હકકો અને જવાબદારીઓથી વાકેફ રહેશે. તેમજ મંડળીના ઉદ્દેશો અને હિતો બરાબર સમજશે.

(૪) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો સહકારી સંસ્થાના પ્રતિનિધિ તરીકે કેવી પ્રતિભા ઉપસાવી રહયા છે તેનાથી તેઓ સભાન હશે.

(૫) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો સભાસદોને જવાબદાર રહેશે.

(૬) સંચાલક મંડળના સભ્યો જુદા-જુદા અગત્યના દસ્તાવેજો સમજી તેનું વિશ્લેષણ કરશે. દા.ત. વાર્ષિક અહેવાલ, સરવૈયું, ઓડિટ અને તપાસણી રિપોર્ટ વિગેરે. તેઓ બોર્ડની તમામ સભાઓમાં હાજર રહી ભાગ લેશે.

(૭) જે સભ્યો સંચાલક મંડળીની ચૂંટણીમાં ઉભા રહેનાર હોય તેઓ મંડળી જે પ્રકારનો ધંધો કરતી હોય તે પ્રકારનો ધંધો કરતા હોવા જોઈએ નહીં.

(૮) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો તેઓ એક સંસ્થામાં હોદ્દેદાર તરીકે કેટલી મુદત સુધી રહી શકે તેમજ એકી સાથે કેટલી સહકારી સંસ્થાઓમાં હોદ્દો ધારણ કરી શકે તે અંગે તેઓ પોતે જ નીતિ અને મર્યાદા નકકી કરશે. તેમજ તેનો ચુસ્તપણે અમલ કરશે.

(૯) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો તેમની સંસ્થાઓનો ઉપયોગ કોઈપણ જાતના રાજકીય હેતુ માટે કરશે નહીં.

(૧૦) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો મંડળીની ચૂંટણી દરમિયાન તેઓ ઉમેદવાર તરીકે ઉભા હોય એ સમય દરમિયાન સંસ્થાનાં સાધનો, વાહનો અને માણસોનો ઉપયોગ કરશે નહીં.

(૧૧) સહકારી સંસ્થાઓના હોદ્દેદારો મંડળી પાસેથી કોઈ પણ જાતના બિનજરૂરી નાણાકીય લાભો અને ફાયદા ઉઠાવશે નહીં.

(૧૨) સંચાલક મંડળના સભ્યો મંડળી સાથે સંબંધ ધરાવતી કોઈ વ્યકિત કે સંસ્થા પાસેથી આર્થિક લાભ સ્વીકારશે નહીં.

(૧૩) સંચાલક મંડળીના તમામ સભ્યો બોર્ડની તમામ સભાઓમાં હાજર રહી સક્રિયપણે ભાગ લેશે.

(૧૪) સંચાલક મંડળના સભ્યો મંડળી સાથે સંબંધ ધરાવતી કોઈ પાર્ટી કે વ્યક્તિઓના હિત માટે તેની તરફેણમાં કોઈ પણ જાતના વ્યવહારમાં બિનજરૂરી લાગવગનો ઉપયોગ કરશે નહીં.

**સહકારી ફેડરેશનો માટે :-**

(૧) સહકારી ફેડરેશનોએ સહકારના સિધ્ધાંતોનો સ્વીકાર કરી તેઓ તેમજ તેમના સંયોજિત સભાસદો તેનું પાલન કરે તે જોવાનું રહેશે.

(૨) સરકાર તેમજ સહકારી સંસ્થાઓ વચ્ચે માહિતી–સંચાર માટે સહકારી ફેડરેશનોએ અસરકારક માધ્યમ તરીકેની કામગીરી બજાવવાની રહેશે.

(૩) સહકારી ફેડરેશનોએ સહકારી સંસ્થાઓ સાથેના સંબંધો વિકસાવવા માટે તેમજ અસરકારક સહકારી પધ્ધતિ ઉભી કરવા માટે, અને અસરકારક સંબંધો દ્વારા એકતા અને સંકલન કરવાનું રહેશે.

(૪) સહકારી ફેડરેશનોએ સહકારી ફિલસૂફીને મહત્વ આપી સભ્ય સહકારી સંસ્થાઓ માટે નમૂનાના પેટા–કાયદા તૈયાર કરવાના રહશે.

(૫) સહકારી ફેડરેશનોએ તેમનાસભાસદોને મદદ કરી તેમના સાધનો, ટેકનોલોજી અને પ્રચારવ્યવસ્થા પૂરી પાડવામાં સહાયભૂત બનવાનું રહેશે.

(૬) સહકારી ફેડરેશન તેમજ તેમની સભાસદ સંસ્થાઓએ તેમના સંચાલક–મંડળ ની ચૂંટણીઓ અને હિસાબોનું ઓડિટ સમયસર કરાવશે.

(૭) સહકારી ફેડરેશનો તેમની સભાસદ સંસ્થાઓના ધંધાકીય વિકાસ આયોજન તૈયાર કરવા મદદ અને માર્ગદર્શન પૂરું પાડશે, જેથી કરીને તેઓ અર્થક્ષમ એકમ બની શકે.

(૮) સહકારી ફેડરેશન તેમની સાથે સંયોજિત સહકારી સંસ્થાઓની કામગીરી ઉપર જરૂરી દેખરેખ અને સમીક્ષા માટેની પધ્ધતિ ગોઠવશે.

(૯) સહકારી ફેડરેશન તેમની સભાસદ સંસ્થાઓને જરૂરી વૈધાનિક સહાય અને સલાહ પૂરાં પાડશે.

(૧૦) સહકારી ફેડરેશન અને સભ્ય સંસ્થાઓના સભાસદો, હોદ્દેદારો, કર્મચારીઓ માટે શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા ઉભી કરશે.

(૧૧) સહકારી ફેડરેશન તેમની સભાસદો સંસ્થાઓની સિધ્ધીઓનો પ્રચાર અને પ્રસારણ કરશે.

## સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર માટે માર્ગદર્શક સુચનો :-

(૧) સહકારી મંડળીઓનું બંધારણ, સંચાલન અને તેમની ધંધાકીય કામગીરી અંગેની  કાર્યવિધિની સમીક્ષા કરી તેને સરળ બનાવશે.

(૨) સહકારી મંડળીઓ કરકસર અને બચતની ટેવને ઉતેજન આપે તે માટે રજિસ્ટ્રારે તેમને પ્રોત્સાહિત કરવાની રહેશે.

(૩) સભાસદો–ખાસ કરીને ગ્રામીણ ગરીબોને સહકારી મંડળીઓ દ્વારા વિવિધ પ્રકારની સેવાઓ મળી રહે તે માટે આવી સંસ્થાઓ વચ્ચે યોગ્ય સંકલન ગોઠવશે.

(૪) સહકારી મંડળીઓને પેટા–કાયદા બનાવવામાં રજિસ્ટ્રાર મદદ કરશે.

(૫) સહકારી નીતિને લગતા મુદાઓ બાબતમાં રજિસ્ટ્રાર સહકારી પ્રવૃતિના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરશે.

(૬) સહકારી મંડળીઓના પેટા–કાયદાના સુધારા અને મંડળીના જોડાણ ફરજિયાત રીતે રજિસ્ટ્રાર કરશે નહીં.

(૭) સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિએ પસાર કરેલ ઠરાવોને રજિસ્ટ્રાર રદબાતલ કરશે નહીં.

(૮) સમવાયી સંસ્થાઓ સાથે પરામર્શ કર્યા સિવાય જાહેર હિતમાં રજિસ્ટ્રાર સહકારી સંસ્થાઓને કોઈ જાતના આદેશો આપશે નહીં.

(૯) તમામ સહકારી સંસ્થાઓમાં ચૂંટણીઓ સમયસર નિયમિત રીતે થાય તે માટે અને કોઈપણ સંજોગોમાં ચૂંટણીઓ મુલતવી કે રદબાતલ ન થાય તે માટે રજિસ્ટ્રાર ખાસ ધ્યાન રાખશે.

(૧૦) સહકારી મંડળીઓનું ઓડિટ નિયત સમયમર્યાદામાં પૂરું થાય અને તે અંગે મંડળીઓ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે રજિસ્ટ્રાર ખાસ ધ્યાન રાખી ખાતરી રાખશે.

## સરકાર માટે આચારસંહિતા :-

(૧) ભારતના બંધારણમાં નિર્દેશ કર્યા મુજબ રાજયોની નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો પરિપૂર્ણ કરવા માટે સહકારી મંડળીઓને સામાજિક ન્યાયના અને આર્થિક વિકાસના સાધન તરીકે મહત્વ આપવા સરકાર સહકારી પ્રવૃતિ અંગે પોતાની નીતિ જાહેર કરશે.

(૨) સહકારી સંસ્થાઓના સંચાલન અને કાર્યવાહીમાં સરકાર કોઈપણ જાતનો હસ્તક્ષેપ કે દખલગીરી કરશે નહીં. આ હેતુ સિધ્ધ કરવા તેમજ સહકારી સંસ્થાઓને સભાસદોના આર્થિક – સામાજિક ઉત્કર્ષ માટેની, સભાસદોની માલિકીની, સભાસદો સંચાલિત, પરસ્પર સહાયના ધોરણે ચાલતી લોકશાહી સંસ્થા તરીકે સહકારી સંસ્થાઓને સરકાર માન્ય રાખશે.

(૩) સહકારી સંસ્થાઓ પોતાનાં સાધનો ઉભા કરે તેમજ તેમાં વધારો કરી શકે તે માટે સરકાર તેમને મદદ કરશે.

(૪) સહકારી સંસ્થાઓ સ્વાયત અને અર્થક્ષમ આર્થિક એકમો બની શકે તે માટે સરકાર તેમને મદદ કરશે.

(૫) સરકાર સહકારી કાયદામાં સુધારા કરશે અને સહકારી સંસ્થાઓની સ્વાયતતા ઉપર કાપ મુકે તેવી તમામ જોગવાઈઓ દુર કરશે.

(૬) સરકાર સહકારી સંસ્થાઓને ભાવોની સપાટી જાળવી રાખવા, ગ્રાહકોને સુરક્ષા આપવા અને જાહેર વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટેના સાધન તરીકે સહકારી સંસ્થાઓને માન્યતા આપશે.

(૭) સહકારી સંસ્થાઓની કાર્યક્ષમતામાં સુધારો લાવી શકાય તેમજ સભાસદોની ભાગીદારી વધારી શકાય તે હેતુથી તેમના માનવ–સાધનોનો વિકાસ કરવામાં સરકાર સહકારી સંસ્થાઓને સહાય કરશે.

(૮) સમગ્ર સહકારી સંસ્થાઓ અને ફેડરેશનો સાથે પરામર્શ કર્યા સિવાય સરકાર સહકારી સંસ્થાઓને કોઈ પણ બાબતમાં આદેશ આપશે નહીં.

(૯) સહકારી મંડળીઓના રજિસ્ટ્રારના અધિકારો સરકાર ઝૂંટવી લેશે નહીં.

( બારમી ભારતીય સહકારી કોંગ્રેસ (માર્ચ–૯૩) સમક્ષ નેશનલ કો–ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા તરફથી રજૂ કર્યા મુજબ )

## ૧૨મી ભારતીય સહકારી કોંગ્રેસ :-

નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીના ઉપક્રમે ૧૨મી ભારતીય સહકારી કોંગ્રેસ નવી દિલ્હી મુકામે મળી ગઈ,જેનું ઉદ્દઘાટન ભારતના રાષ્ટ્રપતિ ડો.શંકરદયાલ શર્માએ કર્યું હતું. નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ શ્રી બી.એસ.વિશ્વનાથન કોંગ્રેસના પ્રમુખપદે હતા. કોંગ્રેસમાં ભારતની સહકારી પ્રવૃતિના વિકાસની સમીક્ષા કરવાની સાથે તેના પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી. ખાસ કરીને સહકારી સંસ્થાઓને અર્થક્ષમ, સ્વાશ્રયી અને લોકશાહી સંસ્થાઓ બનાવી સાચા સ્વરૂપની સહકારી પ્રવૃતિ ચલાવી શકાય, તેમજ સરકારી નિયંત્રણોમાંથી મુક્ત બનાવી શકાય અને રજિસ્ટ્રારની સતાઓ માત્ર મંડળ ીની નોંધણી, દેખરેખ અને ઓડિટ પૂરતી મર્યાદિત રહે, તેમજ સમવાયી ફેડરેશનોને વધુ સક્રિય બનાવી ફેડરેશનને તબદીલ કરવા અને તે રીતે સહકારી સંસ્થાઓનું સંચાલન સભાસદોના હાથમાં રહે તે દિશામાં કોંગ્રેસમાં વિચારણા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. ઉપરાંત આયોજનપંચે ઘડેલ મોડેલ કો-ઓપરેટિવ સોસાયટીઝ એકટની ઉપર વિચારવિમર્શ કરી મોડેલ એકટના ધોરણે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એકટ તેમજ રાજ્યોના સહકારી કાયદામાં ફેરફાર કરવા અને મોડેલ કો-ઓપરેટિવ એકટનો સ્વીકાર કરવા કોંગ્રેસે ભલામણ કરી છે.

ઉપરોકત ચર્ચાને અનુલક્ષીને નીચેના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

(૧) દેશમાં આર્થિક સુધારા, નવી આર્થિક નીતિ અને ઉદારીકરણના પરિપ્રેક્ષ્યમાં સહકારી સંસ્થાઓને સ્પર્શતી વિવિધ બાબતો તપાસી સૂચનો અને ભલામણો કરવા રાષ્ટ્રીય સહકારી કમિશન (નેશનલ કમિશન ઓન કો-ઓપરેટિવ્ઝ)ની નિમણૂક કરવા કોંગ્રેસે ભલામણ કરી છે. ૧૨મી

કોંગ્રેસે કરેલ વિવિધ ભલામણો પૈકી આ સૌથી અગત્યની ભલામણ છે.વધુમાં કોંગ્રેસે એ પણ જણાવ્યું કે, ઉદારીકરણના પગલાના સંદર્ભમાં સહકારી પ્રવૃતિ સમક્ષ આવી પડેલ નવાપડકારોનો સામનો કરવા આ કમિશન યોગ્ય ભલામણો કરે તે ખાસ જરૂરી છે.

(૨) આઠમી પંચવર્ષીય યોજનામાં સહકાર ઉપર ખાસ પ્રકરણ રાખવામાં આવ્યું નથી, તેની કોંગ્રેસે નોંધ લીધી હતી અને યોજનાના પુસ્તકમાં સહકારી ક્ષેત્રનો સમાવેશ થાય તે મહત્વનું હોઈ તે માટે સરકારને અરજ કરવામાં આવી છે કારણકે ખાનગી અને જાહેર ક્ષેત્ર બાબતમાં જોગવાઈ કરવામાં આવી છે, જયારે સહકારી ક્ષેત્ર અંગે કોઈ જોગવાઈ નથી.

(૩) દેશમાં જુદા-જુદા આર્થિક સુધારાના અમલીકરણથી અર્થતંત્રમાં નવી હવા અને વાતાવરણ ઉભું થયું છે અને બદલાયેલ પરિસ્થિતિમાં સહકારી સંસ્થાઓએ જો હરીફાઈમાં ટકવું હશે તો તેમનું પાયાનું માળખું સક્ષમ અને મજબૂત બનાવવું જોઈશે. તેમ કરવા સહકારી કાર્યકરોને અનુરોધ કરવામાં આવેલ છે.

(૪) કોંગ્રેસમાં ચર્ચાનો મુખ્ય વિષય હતો અર્થક્ષમ, સ્વાશ્રયી અને લોકશાહી સહકારી સંસ્થાઓ. આ વિષયના સંદર્ભમાં સહકારી નેતાગીરીનો વિકાસ, સ્થાપિત હિતોની નાબૂદી, રાજકારણ અને સહકારી નેતાગીરી, સહકારી નેતાગીરી અને પ્રોફેશનલ મેનેજરો, સહકારી કાયદામાં સુધારાની આવશ્યકતા – મોડેલ કો – ઓપરેટિવ સોસાયટીઝ એકટ, આંતર સહકારી સંબંધો, સહકારી ફેડરેશનનું મહત્વ, જુદી-જુદી ચીજોની આયાત નિકાસ, સહકારી સંસ્થાઓએ ભજવવાનો ભાગ, ટેકનોલોજી વિકાસ અને સહકારી

રૂપાંતર એકમો, સહકારી સંસ્થાઓનું વ્યવસાયીકરણ અને માનવ સાધનોનો વિકાસ એ વિષયો ઉપર ખાસ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સહકારી ક્ષેત્રે યુવકો અને મહિલાઓને સક્રિય બનાવી સહ–ભાગીદાર બનાવવા, ગ્રામીણ ગરીબો માટે સહકારી સંસ્થાઓ વિગેરે બાબતો ઉપર ઠરાવો કરવામાં આવ્યા હતા.

(૫) નેશનલ કો–ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા તરફથી નેશનલ કો–ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયાની રચના કરવા માટેની નોંધણી દરખાસ્ત ઘણા લાંબા સમયથી ભારત સરકાર સમક્ષ પડેલ છે, તેને હજુ સુધી મંજુરી મળી નથી, તે બેંકની રચના માટેની દરખાસ્તને બનતી ત્વરાએ મંજૂર કરવા ભલામણ કરવામાં આવી છે.

(૬) સહકારી સંસ્થાઓનું લોકશાહીકરણ કરવાના સંદર્ભેમાં કોંગ્રેસે એવી ભલામણ કરી છે કે, સરકારે બંધારણમાં સુધારો કરી સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ પંચાયતીરાજ સંસ્થાઓના ધોરણે કરવામાં આવે તેવી જરૂરી જોગવાઈ કરવા ભલામણ કરી છે.

(૭) કોંગ્રેસે રાજયોની સરકારોને પણ ભલામણ કરી તેમના સહકારી કાયદા મોડેલ કો–ઓપરેટિવ સોસાયટીઝ એકટના ધોરણે સુધારવા વિનંતી કરી છે.

દેશની સહકારી પ્રવૃતિનું પ્રવર્તમાન ચિત્ર, આર્થિક સુધારા અને ઉદારીકરણની નીતિ તેમજ ૨૧મી સદીના પડકારોને ઝીલવા સહકારી સંસ્થાઓ પાસે જે આશા–અપેક્ષાઓ રાખવામાં આવે છે. તે સંદર્ભમાં કોંગ્રેસન ભલામણો અને ઠરાવો ખુબજ મહત્વનાં છે.

## ૧.૧૩. રાષ્ટ્રીય સહકારી પ્રવૃતિનું વિહંગાવલોકન

### ૧.૧૩.૧ રાષ્ટ્રીય સહકારી પ્રવૃતિનું વિહંગાલોકન દર્શાવતું કોષ્ટક

### વર્ષ ૨૦૦૨-'૦૩

| અ.નં | વિગત | સંખ્યા (લાખમાં ) |
|---|---|---|
| ૧ | સહકારી મંડળીઓની સંખ્યા (દરેક ક્ષેત્ર) | 5.49.119 |
| | અ. પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ | 1.45.928 |
| | બ. પ્રાથમિક બિનધિરાણ મંડળીઓ (દરેક) | 3.99.934 |
| ૨ | તમામ પ્રકાર અને સ્તરની સહકારી મંડળીઓની કુલ સભાસદ સંખ્યા | 229.510 લાખ |
| | અ. પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓઓની સભાસદ સંખ્યા | 150.553 લાખ |
| | બ. પ્રાથમિક બિનધિરાણ મંડળીઓની સભાસદ સંખ્યા | 64.827 લાખ |
| ૩ | તમામ પ્રકાર અને સ્તરની સહકારી મંડળીઓનું કુલ શેરભંડોળ | 2239444.0 |
| | અ. પ્રાથમિક કૃષિધિરાણ મંડળીઓનું શેરભંડોળ | 102791.8 |
| | બ. પ્રાથમિક બિનધિરાણ મંડળીઓનું શેરભંડોળ | 56655,5 |
| | ક. પ્રાથમિક કૃષિધિરાણ મંડળીઓમાં સરકારશ્રીની ભાગીદારી (%) | 5.76 % |
| ૪ | કાર્યકારી ભંડોળ<br>(પ્રાથમિક કૃષિધિરાણ ત્ર બિન કૃષિધિરાણ ) | 3827496.4 |
| ૫ | અનામત ભંડોળ | 300504.0 |

| | | |
|---|---|---|
| ૬ | થાપણો | 1975633.1 |
| ૭ | આવરી લીધેલ ગ્રામ્ય કુટુંબો | 71 % |
| ૮ | સહકારી પ્રવૃતિથી આવરી લીધેલ ગામો | 100 % |
| ૯ | રાષ્ટ્રીય કક્ષાના સહકારી સમવાય સંઘો | 19 |
| ૧૦ | રાજય કક્ષાના સહકારી સમવાય સંઘો | 367 |
| ૧૧ | જિલ્લા કક્ષાના સહકારી સમવાય સંઘો | 2890 |

| | ઉત્પાદકીય કૃષિધિરાણ | | કિંમત (લાખમાં) |
|---|---|---|---|
| | | ૨૦૦૧–૦૨ | ૨૦૦૨–'૦૩ |
| અ | ટુંકી મુદત કૃષિ ધિરાણ | 208151.7 | 235436.2 |
| બ | મધ્યમ મુદત કૃષિ ધિરાણ | 34237.1 | 52833.8 |
| ક | રોકાણકીય લાંબી મુદત ધિરાણ | 28361.8 | 31027.3 |
| ડ | કુલ ધિરાણ | 270750.6 | 319297.3 |

**સ્ત્રોત : સહકારી શતાબ્દી – ૨૦૦૪ સ્મૃતિ સંચયિકા**

## ૧.૧૪ રાષ્ટ્રીય અર્થકારણમાં સહકારી પ્રવૃતિ

### ૧.૧૪.૧ રાષ્ટ્રીય અર્થકારણમાં સહકારી પ્રવૃતિ દર્શાવતું કોષ્ટક
### ૨૦૦૨-'૦૩

| અ.નં | વિગત | સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૧ | ગ્રામ્ય નેટવર્ક – સહકારી પ્રવૃતિ નીચે આવરી લીધેલ ગામોની સંખ્યા | ૧૦૦ % |
| ૨ | સહકારી ક્ષેત્ર દ્વારા વિતરણ કરવામાં આવેલ કૃષિધિરાણ | ૪૨.૮ % |
| ૩ | ખાતર વિતરણ (૬.૦૪૯ લાખ ટન) | ૩૬.૧૭ % |
| ૪ | ખાંડ ઉપ્તાદન (૧૦.૧૬૪ લાખ ટન) | ૫૦.૫ % |
| ૫ | ખાંડ કારખાનાઓની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ | ૯૯.૮ % |
| ૬ | ઘંઉની પ્રાપ્તિ (પ્રોક્યોરમેન્ટ) (૬.૯૨૬ લાખ ટન) | ૩૩.૮ % |
| ૭ | પશુ આહાર ઉત્પાદન અને વેચાણ | ૫૦ % |
| ૮ | છુટક વાજબી ભાવોની દુકાનો (ગ્રામ્ય ત્ર શહેરી) | ૨૦.૩ |
| ૯ | તેલનું ઉત્પાદન (બ્રાન્ડેડ) | ૫૦ % |
| ૧૦ | સક્રિય મત્સ્યપાલન | ૨૧.૦ % |
| ૧૧ | ગ્રામ્ય પ્રાથમિક કૃષિધિરાણ મંડળીઓની ગોડાઉન સગવડ | ૬૪.૫ % |

| | | |
|---|---|---|
| ૧૨ | રબર ઉત્પાદન અને વેચાણ | ૧૮.૫ % |
| ૧૩ | કાજુ ઉત્પાદન અને વેચાણ | ૧૫ % |
| ૧૪ | સહકારી ક્ષેત્ર દ્વારા સીધી રોજગાર પ્રાપ્તિ | ૧.૧૫ લાખ |
| ૧૫ | વ્યક્તિગત સ્વ–રોજગારીની પ્રાપ્તિ | ૧૪.૭૯ લાખ |
| ૧૬ | મીઠાનું ઉત્પાદન (૧૮૨૬૬ મે.ટન) | ૭.૬ % |

**સ્ત્રોત : સહકારી શતાબ્દી સ્મૃતિ સંચયિકા – ૨૦૦૪**

## <u>૧.૧૫ સહકારનું અંતિમ લક્ષ્ય :–</u>

સહકારનું ધ્યેય આર્થિક,શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસનું છે. સહકારથી આર્થિક સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે. સહકારી પ્રવૃતિ દ્વારા લોકોને અર્થવ્યવસ્થાનું સાચું શિક્ષણ અપાય છે. આધુનિક જીવનમાં જે વિષમતાઓ, કલહ, વેરઝેર પ્રર્વેતે છે તેને દુર કરીને સમાન ધ્યેય સિધ્ધ કરવા સાથે મળી કામ કરવાથી સમાજમાં સાચી શાંતી સ્થાપિત કરવામાં સહકારી પ્રવૃતિ મદદગાર થાય છે. સહકારી પ્રવૃતિ વિશ્વવ્યાપી હોવાથી જુદા–જુદા દેશોના લોકો વચ્ચે વિચાર–વિનીમય સાધવામાં મદદગાર થાય છે, એકજ પ્રકારની વિચારસરણી ધરાવતા જુદા–જુદા દેશના લોકો ભેગા મળે છે, ત્યારે તેઓનો સંપર્ક વધુ ગાઢ બને છે.

હરીફાઈવાળા મુડીવાદી અર્થવ્યવસ્થામાં નૈતિકમુલ્યો ઓછા થતાં જાય છે. જયારે સહકારી પ્રવૃતિમાં ન્યાયી વ્યવસ્થાને કારણે લોકોની નીતિમતા વધે છે. સહકારી જીવન પધ્ધતિથી મનુષ્યના શ્રેષ્ઠ ગુણો આગળ આવે છે અને આ પ્રવૃતિ તેને જીવનના ઉંચ્ચા સ્તરે મુકી દે છે. નાણાં કરતા માનવ મુલ્યોને વધારે ઉંચ્ચે સ્થાને રાખીને સહકારી પ્રવૃતિ આજના માનવીને શ્રેષ્ઠ સ્થાન આપે છે. માનવ જયારે સહકારી પ્રવૃતિમાં એકાકાર બને છે, ત્યારે વ્યકિત તરીકેનું માનવનું અસ્તિત્વ વિશ્વમાનવમાં લીન થઈ જાય છે.

## ૧.૧ ૬સહકારી ક્ષેત્રના વિકાસ માટે શિક્ષણ અને તાલીમની જરૂરીયાત :-

સહકારી પ્રવૃતિને પાયામાંથીજ સંગીન બનાવવા અને તેને કાયમી સ્વરૂપ આપવા સહકારી શિક્ષણ અગત્યનું છે. સહકારી પ્રવૃતિ અને સહકારી શિક્ષણ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલ છે. સહકારી પ્રવૃતિનો ઉદેશ તેના સભ્યોની સામાજીક–આર્થિક સ્થિતી સુધારવાનો છે, તેવીજ રીતે સહકારી પ્રવૃતિના તંદુરસ્ત વિકાસ માટે તેમાં પ્રાણ સીંચવા માટે અને તેના સભ્યો જેઓ મંડળીઓના માલિક છે, તેમનામાં જાગૃતિ લાવવા તેમજ મંડળીનો વહિવટ કાર્યક્ષમ રીતે ચલાવવા સહકારી શિક્ષણ આવશ્યક છે. સહકારી સંસ્થાઓ લોકશાહી સંસ્થાઓ છે. આ લોકશાહી સંસ્થાઓનો વહિવટ અસરકારક બને તે માટે તેના મોટાભાગના સભ્યો તેમની ફરજ પ્રત્યે જાગૃત રહે. મંડળીના આર્થિક વ્યવહારો વ્યવસ્થિત રીતે ગોઠવાય અને મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં લાયક વ્યકિતઓ ચુંટી કાઢવામાં આવે તે દ્રષ્ટીએ પણ સભ્યશિક્ષણ જરૂરી છે. જાગૃત અને ક્રિયાશીલ સભ્યો તેમજ સક્રિય હોદેદારો મંડળીનું હીત જળવાય અને મંડળી વિકાસ પામે તે રીતે મંડળીનો વહિવટ કરે છે.

વિદેશમાં સહકારી પ્રવૃતિના અભુતપૂર્વ વિકાસનું મુખ્ય કારણ એ છે કે, તે લોકોની જરૂરિયાતમાંથી ઉદભવી છે. શરૂઆતથીજ તેમને સહકારી શિક્ષણની અગત્યતા સમજાઈ હતી.

સહકારી શિક્ષણનો મુખ્ય ઉદેશ સહકારી પ્રવૃતિને સંગીન, સ્વાશ્રયી અને લોકશાહી ઢબે સંચાલીત બનાવવાનો છે, જેથી તે ખાનગી સાહસોની સાથે હરિફાઈમાં ટકી શકે અને તેનું સામાજિક–આર્થિક ધ્યેય સિધ્ધ કરી શકે. ઈ.સ.૧૯૧૫માં મેકલેગન સમિતિએ જણાવ્યું હતું કે સહકારી મંડળીઓમાં જે ખામીઓ અને નબળાઈઓ જોવા મળી છે તેનું કારણ એ છે કે મંડળીની નોંધણી થયા પહેલાં અને પછી શિક્ષણનો અભાવ છે. ઈ.સ.૧૯૫૪માં ગ્રામધિરાણ સમિતિએ જણાવ્યું હતું કે સહકારી પ્રવૃતિની સફળતાનો આધાર બે મુખ્ય બાબતો ઉપર અવલંબે છે.

૧. પ્રવૃતિના સંચાલન માટે યોગ્ય માણસો અને

૨. આવા માણસોને જરૂરી યોગ્ય તાલીમ આપવી

## ૧.૧૭સહકારી શિક્ષણ અંગે સિધ્ધાંતો :-

સહકાર ના સિધ્ધાંતો અંગે આંતરરાષ્ટ્રિય સહકારી સંઘે નીમેલ પંચે ૧૯૬૬માં રિપોર્ટ બહાર પાડયો, તેમાં સહકારી શિક્ષણનાં સિધ્ધાંતો બાબતે પંચે ભલામણ કરી છે કે," તમામ સહકારી સંસ્થાઓએ તેમના સભ્યો, અધિકારીઓ અને આમજનતા માટે સહકારી શિક્ષણની જોગવાઈ કરવી જોઈએ, અને તેમને સહકારના સિધ્ધાંતો અને કાર્યપધ્ધતિ તેમજ આર્થિક અને લોકશાહી બાબતો અંગે જરૂરી શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ અને તાલીમ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા છે,અને એકબીજા ઉપર આધારિત છે. શિક્ષણએ માણસોની બૌધિક કક્ષાનો વિકાસ કરે છે, અને તેના જ્ઞાનમાં વૃધ્ધિ કરે છે, જયારે તાલીમ એ તે માટેની કાર્યપધ્ધતિ શીખવે છે. શિક્ષણ દ્વારા તેની બુધ્ધી અને દ્રષ્ટિનો વિકાસ થાય છે, અને ચારિત્રનું ઘડતર થાય છે, જયારે તાલીમ તેને વ્યવહારમાં અમલી બનાવે છે, અને શિક્ષણને વિસ્તૃત બનાવે છે. સહકારી મંડળીઓ માટે શિક્ષણ અને તાલીમ બને જરૂરી છે. સહકારી પ્રવૃતિની સફળતા તેના સભ્યોનું શિક્ષણ અને કર્મચારી તાલીમ ઉપર અવલંબે છે. ખાસકરીને અર્ધવિકસીત અને અલ્પવિકસીત દેશોમાં જયાં નિરક્ષરતાનું પ્રમાણ ઓછુંછે અને નેતાગીરી જાગૃત અને જવાબદાર નથી, તેવા દેશો માટે સહકારી શિક્ષણ અને તાલીમનું મહત્વ ઘણું વધુ રહે છે, અને તેથી સહકારી સંસ્થાની રચના થયા બાદ તેમના હોદેદારો અને સભ્યોને સહકારી સિધ્ધાંતો અને કાર્યપધ્ધતિનું શિક્ષણ આપવું જરૂરી છે.

કોઈપણ ધંધાકિય એકમની પ્રગતિમાં તેમાં કામ કરતાં કર્મચારીઓ પર તેની સફળતાનો આધાર રહે છે. નિષ્ઠાવાન અને કાર્યદક્ષ કર્મચારીઓ સંસ્થાના વિકાસમાં શૂન્યમાંથી સર્જન કરી શકે છે. કર્મચારીઓની કાર્યદક્ષતા અને કાર્યકુશળતા માટે તેઓને યોગ્ય તાલીમ મળે તે જરૂરી છે.સહકારી સંસ્થાઓમાટે શિક્ષણ એટલે સહકારી પ્રવૃતિ સાથે સંકળાયેલા લોકોને સહકારના સિધ્ધાંતો, ઉદેશ, સહકારી કાર્યપધ્ધતિ, સહકારનીભાવના,સહકારી સંસ્થાઓ પ્રત્યે વફાદારી અને ભેગામળીને કામકરવાની કાર્યશકિતનો વિકાસ કરવો. સહકારી શિક્ષણના માધ્યમ દ્વારા સહકારના સિધ્ધાંતોને વ્યવહારમાં અમલમાં મુકી શકાય છે. સહકારી સંસ્થા લોકશાહી પધ્ધતિએ ચલાવી શકાય તે હેતુથી તેના સભ્યો જાગૃત હોય અને સક્રિય ભાગીદાર બની રહે તે આવશ્યક છે, તેમજ તેઓ લોકશાહી સંસ્થાના મુલ્યો સમજી શકે તે જરૂરી છે અને મંડળીના સંચાલનમાં મૂલ્યોની જાળવણી કરી સિધ્ધાંતો ઉપર આધારિત લોકશાહી પધ્ધતિમાં સંચાલન થાય તે સહકારી પ્રવૃતિની હાર્દ છે.

લોકશાહી સહકારી સંસ્થાના પાયામાં સભાસદોની વફાદારી અને જાગૃતિ રહેલી છે. જેથી તેઓના સભ્યોને સ્થાપિત હિતોની પકડમાંથી છોડાવીને પ્રવૃતિના લાભો અપાવી તેનો સામાજિક–આર્થિક ઉત્કર્ષ કરી શકાય. આ ઉપરાંત, સહકારી સંસ્થાઓ સ્વનિયંત્રીત બને તે વાત ઉપર ખાસ ભાર મુકવો જરૂરી છે, જેથી બહારની કોઈ સંસ્થાઓ કે પરિબળો બિનજરૂરી હસ્તક્ષેપ કરી શકે નહી. સહકારી પ્રવૃતિનું અંતિમ ધ્યેય એની સાથે સંયોજિત થયેલા લોકોને સામાજિક અને આર્થિક લાભો અપાવી તેમનો ઉત્કર્ષ કરવો એટલે સામાજિક, આર્થિક ધ્યેય સિધ્ધ કરવા માટે સહકારી સંસ્થાએ અસરકારક અને ઉપયોગી એવું લોકશાહી માધ્યમ છે.

સહકારી મંડળીના સભાસદો માટે તેમજ સહકારી પ્રવૃતિના વિકાસ માટે સહકારી શિક્ષણ આવશ્યક છે, જેથી કરીને સભ્યોમાં તેમના અધિકારો અને જવાબદારી સમજાવી શકાય છે, તેઓ સભ્યોના હિતમાં સાચા નિર્ણયો

સમયસર લઈ શકે અને કુશળતાથી મંડળીનું સંચાલન કરી શકે. સહકારી સંસ્થા માત્ર વ્યાપારી એકમ નથી પરંતુ એક નૈતિક સંગઠન છે, જેથી તેની સફળતા માટે ચારિત્રના ઉચ્ચ મુલ્યો જરૂરી છે. સહકારી પ્રવૃતિના વિકાસ અને વિસ્તરણ માટે વફાદારી અને જાગૃત પૂર્વ શરત ગણાવી જોઈએ. પ્રવૃતિના ઉદેશો, આદર્શી અને સિધ્ધાંતોના અમલ માટે સભાસદ શિક્ષણ જરૂરી છે. અને તેથીજ સહકારી પ્રવૃતિના વિકાસમાં શિક્ષણનું મહત્વ ઉંચું આંકવમાં આવે છે.

આ ઉપરાંત, સહકારી સંસ્થાઓની સફળતા માટે અગત્યની શરત એ છે કે તેની પાસે શકિતશાળી, નિષ્ઠાવાન અને પ્રામાણિક નેતાગીરી હોવી જોઈએ. સહકારી પ્રવૃતિ દ્વારા માનવસેવા કરવી છે, નવા વિચારોનો પ્રચાર કરવો છે અને સભાસદોની સાથે રહી કામ કરવાની તમન્ના છે એવા સૌ કોઈ માટે સહકારી પ્રવૃતિ વિશાળ તકો પુરી પાડે છે. સહકારી નેતાઓને સહકારી ક્ષેત્રે કામ કરવામાં ઉત્સાહ રહે અને પ્રેરણા મળે તે માટે તેમજ સહકારી સંસ્થાઓના સાચા માર્ગદર્શક બને તેવી જોગવાઈ સહકારી પ્રવૃતિના ભાવિ વિકાસ માટે મહત્વના બની રહેશે.

સહકારી શિક્ષણ અંગે નવેમ્બર,૧૯૬૦માં ભારત સરકારેશ્રી એસ.ડી.મીશ્રા ના અધ્યક્ષપદે એક કમિટી નિમેલ હતી. તેમણે સહકારી શિક્ષણ અને તાલીમ અંગે વર્તમાન વ્યવસ્થાનો અભ્યાસ કરી સમગ્ર તાલીમ વ્યવસ્થા સહકારી પ્રવૃતિના વિકાસને અનુરૂપ બનાવવા ભલામણો કરી હતી.

મીશ્રા કમિટીએ એપ્રિલ ૧૯૬૧માં તેમનો અહેવાલ સુપ્રત કર્યો જેની મુખ્ય ભલામણો નીચે મુજબ છે.

(૧) સહકારના વિષયને શાળા અને કોલેજના અભ્યાસક્રમમાં મહત્વનું સ્થાન આપવું જોઈએ. પ્રાથમિક શાળાઓમાં સહકારનો વિષય શિખવવો જોઈએ.

સ્નાતકકક્ષાએ સહકાર અને તેના આનુષંગિક વિષયોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

(૨) ૧૯૬૦–'૬૧ દરમિયાન નેશનલ કો–ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાએ સહકારી સંસ્થાઓના સભ્યો, કમિટી સભ્યો તેમજ અન્ય સંકળાયેલા સભ્યોને શિક્ષણ આપવા માટે જે યોજના ઘડી હતી તેને યોગ્ય ગણાવી તે માટે યોગ્ય શિક્ષકો અને ઉત્સાહી અધ્યાપકો નીમવા સુચનો કર્યા હતાં.

(૩) સહકારી ખાતું તેમજ સહકારી સંસ્થાઓના તાલીમ આપવા જુદા–જુદા અભ્યાસક્રમો રચવા જોઈએ, અને જુદા–જુદા પ્રકારની સહકારી સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓને તેમની કામગીરીને અનુરૂપ તાલીમ માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ, આવી તાલીમ વધુ વ્યવહારૂ હોવી જોઈએ.

(૪) ભારત સરકારે એક નેશનલ કમિટી ફોર કો–ઓપરેટિવ ટ્રેઈનિંગની સ્થાપના કરી, તેનો મુખ્ય ઉદેશ સહકારી તાલીમનો જુદી જુદી કક્ષાએ વિકાસ કરવો અને તે અંગે નીતિ ઘડવાનો હોવો જોઈએ.

(૫) આ ઉપરાંત, સહકારી શિક્ષણ અને તાલીમ વ્યવસ્થાને વિકેન્દ્રિત કરી રાજય સહકારી સંઘો અને જિલ્લા સહકારી સંઘો મારફતે તેનો અમલ કરવા ભલામણ કરી હતી.

આ કમિટીના અહેવાલ પછી સહકારી શિક્ષણ અને તાલીમના ક્ષેત્રે વ્યવસ્થિત આયોજનથી કાર્યક્રમો રચવા નેશનલ કાઉન્સિલ કો–ઓપરેટિવ ટ્રેઈનિંગની રચના કરીને વિવિધ શિક્ષણ સંસ્થાઓનો વિકાસ કરવામાં આવ્યો છે.

## ૧.૧૮ સહકારી ક્ષેત્રે મહિલાઓ :-

ભારતમાં સહકારી પ્રવુતિના વિકાસમાં મહિલાઓએ પણ ફાળો આપેલ છે.ભારતમાં મહિલાઓની સહકારી મંડળીઓ રચાઈ છે. ઈ.સ.૧૯૮૯-૯૦માં લગભગ ૫૫૦૦ મહિલાઓની સહકારી મંડળીઓ કામ કરી રહી છે. જેની સભ્ય સંખ્યા લગભગ ૫.૫૦ લાખ જેટલી થવા જાય છે આ મંડળીઓ મુખ્યત્વે ઉત્પાદક મંડળીઓ એટલે કે ખાદ્યપદાર્થો બનાવવા શિવણ અને ભરતગુંથણ, હસ્તકલા,કારીગરી,ડેરી,પશુપાલન વિગેરે મંડળીઓ બનેલી છે.આ પ્રકારની મંડળ ીઓ સભાસદ બને છે અને ભેગા મળીને ઉત્પાદનનું કામ કરે છે તેમજ રોજગારી મેળવે છે. આ મંડળીઓનું સંચાલન મહિલાઓ પોતે જ સહ-ભાગીદાર બનીને સ્વાશ્રય અને પરસ્પર સહકારના સિધ્ધાંતો ઉપર કરે છે.

જુદા-જુદા પ્રકારની સહકારી મંડળીઓમાં કામ કરતી મહિલા કર્મચારીઓને સંસ્થાકિય તાલીમ આપવા માટેની જોગવાઈ છે.નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાની સહકારી શિક્ષણ યોજના મુજબ સભ્યશિક્ષણ અને નેતાગીરી તાલીમ યોજના હેઠળ દેશમાં ૧૯૬૬-૬૭ના વર્ષથી કેટલાક રાજયોમાં આવા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે.અને તે માટે મહિલાઓના શિક્ષણ વર્ગો,સેમિનાર,પરિષદો,શિબિરો વિગેર યોજવામાં આવે છે જેથી કરીને મહિલાઓમાં સહકારની ફિલસુફિ,સિધ્ધાંતો,કાર્યપધ્ધતિ અને મહિલાઓની ભાગીદારી અંગે તેમનામા સાચી સમજ કેળવાય અને જાગુતિ લાવી શકાય. નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા,રાજય સહકારી સંઘો અને જિલ્લા સહકારી સંઘો મારફતે મહિલા શિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરવાની સાથે આવા કાર્યક્રમોનું આયોજન કરવાની સાથે તે ક્ષેત્રે થયેલ વિકાસની સમીક્ષા કરે છે.

મહિલાઓ માટેની રાષ્ટ્રીયપંચની ભલામણો નીચે મુજબ છે.

(૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો અને જિલ્લા સહકારી બેકોએ હાથશાળાા મંડળીઓ માટેના ધંધાકિય વિકાસ કાર્યક્રમો સંયુકત રીતે મળીને તેના સભ્યો ખાસ કરીને મહિલાઓ સાથે પરામર્શ કરીને તૈયાર કરવો જોઈએ.

(૨) ધંધાકિય વિકાસ કાર્યક્રમને લક્ષમાં લઈ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોએ તે માટેના જરૂરી ફંડ માટે સરકાર,બેન્કો અને નાબાર્ડ સમક્ષ જરૂરી નાણાકીય માંગણી અગાઉથી મુકવી જોઈએ.

(૩) મહિલાઓને રોજગારી અને આવક પુરી પાડવા માટે વિવિધ પ્રોજેકટ અને યોજનાઓ તૈયાર કરવી જોઈએ.

(૪) મહિલાઓને વણાટકામમાં ટેકનિકલ તાલીમ આપવી જોઈએ,જેથી કરીને તેઓ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે તેમજ તેઓ રોજગારી માટે બહાર જઈ શકે તે હેતુ માટે ઘોડિયાઘર જેવી સુવિધાઓ પુરી પાડવી જોઈએ,શકય હોય ત્યાં મહિલાઓની વણકર સહકારી મંડળીઓની રચના કરવી જોઈએ.

(૫) પંચની ભલામણ મુજબ,મહિલાઓનું યોગ્ય સંગઠન કરવામાં ન આવે ત્યાં સુધી તેમને રોજગારી મેળવવા માટેની પરિસ્થિતીમાં સુધારો લાવી શકાય તેમ નથી.આ દ્રષ્ટીએ સ્વાશ્રયી બહેનો માટે

મહિલાઓની સહકારી મંડળી   અગત્યનું ફોરમ અને માધ્યમ ગણાવું જોઈએ અને આ મંડળી ગરીબ મહિલાઓ માટે કામ કરે તેવી જ રીતે તેની રચના થવી જોઈએ.

(૬) સહકારી પ્રવુતિએ નવા ક્ષેત્રોને ખાસ કરીને ખેતમજુરો,કારીગરો રૂપાંતર  પ્રક્રિયા કરતા મજુરો,ઘાસ,બળતણ અને વૃક્ષઉછેર જેવા ખેતી આધારિત મહિલાઓની મંડળીઓ ઉભી કરવી જોઈએ.

(૭) હાલની મંડળીઓમાં એવી પરિસ્થિતી જોવા મળે છે કે,મહિલા મંડળીઓ કોઈ જાતની અસ્કયામતો કે મિલકત જેવી કે જમીન, હાથશાળ, ઢોરઢાંખર વિગેરેની  માલીકી ધરાવતી હોતી નથી જોકે તે અંગેની તમામ   કામગીરી મહિલાઓ કરતી હોય છે.આ પરિસ્થિતીમાં મહિલાઓને સહકારી મંડળીના સભાસદ બનાવતા નથી.આ સંદર્ભમાં પંચે એવી ભલામણ કરી છે કે,જે કિસ્સામાં એક જ કુંટુબના પુરૂષ અને મહિલાઓ સંયુકત રીતે કામ કરતા હોય તેવા કિસ્સામાં(પતિ-પત્ની) બન્નેને મંડળીના સભાસદ બનાવવા જોઈએ.આવી રીતે મહિલાઓની મંડળીઓ રચના માટે પ્રોત્સાહન આપવું જોઈએ અને મિશ્ર પ્રકારની મંડળીમાં (સ્ત્રી-પુરૂષના સભ્યપદવાળા) મહિલાઓને હોદેદાર તરીકે પણ પરિસ્થિતી નિવારવા પંચે એવી ભલામણ કરી છે કે જેવી રીતે ધિરાણ માટે જીલ્લા કક્ષાએ ક્રેડિટ કેમ્પસ યોજવામાં આવે છે તેવી જ રીતે મંડળીઓની નોંધણી માટે રજીસ્ટ્રેશન કેમ્પસ યોજવા જોઈએ અને ત્યાં મંડળીઓના પ્રમોટરને નોધણીની દરખાસ્ત સાથે બોલાવવા જોઈએ,જેથી નોંધણી માટેની તમામ જરૂરીયાતો અને

વિધીની ચકાસણી કરી સ્થળ ઉપર નિર્ણય લઈ શકાય અને થોડા સમયમાં નોંધણી કરી શકાય અથવા કામચલાઉ નોંધણી કરી શાકય. પ્રોત્સાહન આપવું જોઈએ.

(૮) ઝુંપડપટી વાળા વિસ્તારની મહિલાઓની મંડળી રચના બાબતમાં એક વ્યવહારૂ મુશ્કેલી એવી આવે છે કે,આ વિસ્તારની બહેનોનું કાયમી સરનામું હોતું નથી. જેથી સતાવાળાઓએ તેમના મંડળીના સરનામાને માન્યતા આપી ઓળખાણ આપવી જોઈઓ જેથી તેઓ સભાસદ બની શકે.

(૯) સમગ્ર દેશમાં જુદા-જુદા સ્થળોએ પંચે મુલાકાત લીધી હતી ત્યાં સામાન્ય અનુભવ એવો થયો છે કે,ભ્રષ્ટાચાર અને અમલદાર શાહી તેમજ બિનજરૂરી વિલંબનીતિને કારણે મંડળીઓની નોંધણીમાં ૧ થી ૪ વર્ષ સુધીનો સમય લાગે છે અને નોંધણી માટેની વિધિ અટપટી અને આટીઘુંટીવાળી હોય છે.આ પરિસ્થિતી નિવારવા પંચે એવી ભલામણ કરી છે કે જેવી રીતે ધિરાણ માટે જિલ્લા કક્ષાએ ક્રેડિટ કેમ્પસ યોજવામાં આવે છે તેવી જ રીતે મંડળીઓની નોંધણી માટે રજિસ્ટ્રેશન કેમ્પસ યોજવા જોઈએ. અને ત્યાં મંડળીઓના પ્રમોટરને નોંધણીની દરખાસ્ત સાથે બોલાવવા જોઈએ, જેથી નોંધણી માટેની તમામ જરૂરીયાતો અને વિધિની ચકાસણી કરી સ્થળ ઉપર નિર્ણય લઈ શકાય અને થોડા સમયમાં નોંધણી કરી શકાય અથવા કામ ચલાઉ નોંધણી કરી શકાય.

(૧૦) મહિલાઓની મંડળીને અર્થક્ષમ એકમ બનાવી શકાય તે હેતુથી નાબાર્ડ,બેંકો અને અન્ય ધિરાણ સંસ્થાઓએ પુરતાં નાણાં લોન ધિરાણ દ્વારા આપવાં જોઈએ.

(૧૧) મહિલાઓની નાગરિક સહકારી બેંકોની કામગીરીનો અનુભવ એકંદરે ઉત્સાહ પ્રેરક રહયો છે,જેથી આગામી ૧૦ વર્ષ દરમિયાન દરેક જીલ્લાના મથકે ઓછામાં ઓછી એક મહિલા બેંક રચાય તેવું આયોજન સરકારે કરવું જોઈએ અને ગરીબ તથા ગ્રામીણ મહિલાઓને મોટી સંખ્યામાં પહોંચી વળી શકાય તે હેતુથી નીતિ નિયમો હળવા બનાવવા જોઈએ.

(૧૨) મહિલા મંડળીઓનું સંચાલન કાર્યક્ષમતાપુર્વક ચલાવી શકાય તે હેતુથી મંડળીના સંચાલન સાથે સંકળાયેલ સો કોઈ માટે મંડળીની રચના,હિસાબો અને મં વ્યવહારો,કામકાજ, સંભાળવા માટે વિશિષ્ટ તાલીમ વ્યવસ્થા પુરી પાડવી જોઈએ.

(૧૩) સહકારી સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધીત્વ વધારી શકાય તે હેતુથી પંચે નીચે જણાવેલ ભલામણો કરી છે.

(૧) તમામ સહકારી સંસ્થાઓ અને તેના જીલ્લા તથા રાજયકક્ષાના ફેડરેશનની વ્યવસ્થાપક સમિતી/સંચાલક મંડળી ઉપર મહિલાઓ માટે બે બેઠકો અનામત રાખવી જોઈએ અને પેટા કાયદામાં જરૂરી ફેરફાર કરી જોગવાઈ મુકવી જોઈએ.

(૨) જુદી–જુદી સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતી,બોર્ડ ઉપર સરકારના પ્રતિનિધી નીમવામાં આવે છે. આ બેઠકો ઉપર સરકાર મહિલાઓને નિયુકત કરવાની નીતિ નકકી કરે તે આવકાર દાયક ગણાશે એટલું જ નહી પરંતુ તેમ કરવાથી મહિલાઓ સહકારી સંસ્થાની વ્યવસ્થા અને સંચાલન અંગે અનુભવ મેળવશે.

(૩) નવી રચાતી મંડળીમાં એવી શરત મુકવી જોઈએ કે તે મંડળીમાં સભ્યપદે તેમજ વ્યવસ્થાપક સમિતીનાં સભ્યપદે ૫૦ ટકા મહિલાઓ હોવી જોઈએ.ખાસ કરીને ખેતી મંડળી,દુધ મંડળી, હાથશાળ મંડળીમાં આ શરત ખાસ મુકવી જોઈએ.

## ૧.૧૯સહકારી ક્ષેત્રે યુવા શકિત :-

કોઈપણ દેશે જો સાચા અર્થમાં સર્વાંગી વિકાસ કરવો હોય તો દેશના યુવાધન શકિત તેમજ તેના કૌશલ્યનો ઉપયોગ કરવો જોઈએ યુવાધનની સાચી દિશામાં કેળવણી,શિસ્ત અને સંસ્કારિતા ઉપર દેશની પ્રગતિ અને આબાદીનો આધાર છે. તેઓમાં ઉત્સાહ,કાર્યક્ષમતા અને કર્તવ્ય પરાણયતા વિગેરેનો સ્ત્રોત એટલો પ્રબળ હોય છે કે યુવાવસ્થા દરમિયાન તેમના માનસપટમાં ઝડપથી કોઈપણ કાર્ય અંગેના પ્રતિભાવો ઉભા થાય છે.આયોજીત પધ્ધતિએ સમયસર યુવાપ્રવાહને વાળવામાં આવે તો દેશની ભાવિપેઢીનો વિકાસ થાય છે જે દેશના વિકાસના વેગને ટકાવી રાખશે.જો યુવકોની શકિત રચનાત્મક ક્ષેત્રે વપરાય તો જ રાષ્ટ્રનો વિકાસ થઈ શકે.

સહકારી ક્ષેત્રે યુવકો સભાસદ તરીકે,હોદેદાર તરીકે,વ્યવસ્થાપક સમિતી સભાસદ તરીકે કે કોઈપણ રીતે આ ક્ષેત્રમાં જોડાય તો સહકારી સંસ્થાઓના સંચાલન માટે નિષ્ઠાવાન કર્મચારી મળી રહે.સહકારી ક્ષેત્રે કામ કરતા તેઓ તેમના વિચારો મુકતપણે રજુ કરી શકે છે અને સંસ્થાના વિકાસમાં પોતાની આવડત અને કૌશલ્ય ધ્વારા આગવું પ્રદાન કરી શકે છે.આ પ્રવુતિના સંચાલન માટે સતત નેતાગીરી પુરી પાડવામાંઆવે તે મહત્વનું છે.

સહકારી પ્રવૃતિના સફળ સંચાલન અને ભાવિ વિકાસ માટે નિષ્ઠાવાન નેતાની જરૂર છે. સહકારી ક્ષેત્રેને વિકાસાવવામાં યુવકોની બુધ્ધી અને આગવા વિચારોનો ઉપયોગ કરવો જોઈએ.નવી રચાતી સહકારી મંડળીઓમાં મંડળીની વ્યવસ્થા,સંચાલન એ તેના કામકાજમાં યુવકોને સક્રિયપણે સામેલ કરવાની બાબતને વધુ વધુ પ્રોત્સાહન મળવુ જોઈએ. સહકારી સંસ્થાઓ એ પોતાના કર્મચારીઓના તાલીમ કાર્યક્રમો યોજવા જોઈએ તેમજ નેતાગીરી વિકાસ તાલીમ કાર્યકમોમાં યુવકોને ખાસ નિમંત્રણ આપી દાખલ કરવા જોઈએ,જેથી તેમનામાં સહકારી ભાવના કેળવાય,પ્રવૃતિ પ્રત્યે વિશ્વાસ ઉભો થાય અને સહકારી ક્ષેત્રે કામ કરવા તેવો શકિતમાન બની શકે.

## ૧.૨૦ સમસ્યાકથન :-

ભારતની કૃષિ ઉત્પાદકતા વિકસીત રાષ્ટ્રો કરતા નીચી છે. કૃષિ ઉત્પાદકતા વધારવા ટેકનોલોજીકલ પરિવર્તનો જરૂરી છે, તેથી મુડીની જરૂરિયાત વધતી જાય છે, પરિણામે કૃષિધિરાણની જરૂરિયાત ઉભી થાય છે.

ભારતીય ખેતીનાં વર્તમાન માળખાને ધ્યાનમાં લેતા નીચેના સંજોગોમાં ખેડૂતોને કૃષિધિરાણની આવશ્યકતા રહે છે.

(૧) ખેતી પર વધતું વસ્તીનું ભારણ

(૨) ખેતીમાં આધુનિક ઓજારો, સુધારેલ બિયારણ, દવા, રાસાયણિક ખાતર, યંત્રો વિગેરે માટે વધારાની ધિરાણ જરૂરિયાત પુરી પાડવા માટે

(૩) કૃષિક્ષેત્રમાં અનિશ્ચિતતાઓ, જોખમો,સંગ્રહની મુશ્કેલી, સિંચાઈની મર્યાદા અને અનિશ્ચિત ભાવ માળખું

(૪) દુષ્કાળની પરંપરાને કારણે વધતું જતું દેવું અને વ્યાજ

(૫) ખેતીમાં વધતા જતા ઉત્પાદન ખર્ચને પહોંચી વળવા માટે

(૬) ખેતી માટે જરૂરી વિજળી, વાહન વ્યવહાર, પાઈપ લાઈન, જમીન સુધારા માટેના ખર્ચને પહોંચી વળવા માટે

(૭) પાક વિમા યોજના માટે

આમ ભારતમાં ખેતીએ પાયાનો વ્યવસાય હોવા છતાં તેમાં રહેલી રૂઢિઓ, પરંપરાઓ, શિક્ષણ અને તાલીમનો અભાવ, માત્ર કુદરત પર આધારિત ખેતમાળખું જેવા પ્રશ્નો જોવા મળે છે. ભારતીય ખેતીની નીચી ઉત્પાદકતા માટેના જવાબદાર કારણો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(૧) કૃષિ નિક્ષેપોનો અભાવ

(૨) સિંચાઈની અપુરતી સગવડો

(૩) ખેતપેદાશોની ખામી ભરેલી વેચાણ વ્યવસ્થા

(૪) ખેડૂતોની રૂઢિચુસ્તતા અને અજ્ઞાનતા

(૫) ખેડૂતોની નબળી આર્થિક સ્થિતી

(૬) ખેતીનો કુદરતી પરિબળો પર આધાર

(૭) પુરાણી અને પરંપરાગત ઉત્પાદન પધ્ધતિઓ

(૮) બિનઆર્થિક ખેડાણ ઘટકો

(૯) ખામીયુક્ત જમીન માલિકીની પધ્ધતિ

(૧૦) ધિરાણ મેળવવાની મુશ્કેલીઓ

(૧૧) ખેતીક્ષેત્રે પ્રોત્સાહનોનો અભાવ

(૧૨) જમીન સંરક્ષણ અને જાળવણી પ્રત્યે દુર્લક્ષ

ભારતીય ખેડૂતની આ સમસ્યાઓને ધ્યાનમાં લઈને ગ્રામ્યક્ષેત્રના વિકાસ માટે ગુજરાતનાં અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં " પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીઓના ધિરાણની લાભાર્થીઓ પર થયેલી આર્થિક અને સામાજીક અસરો" તપાસવાનો પ્રયાસ કર્યો છે.

# પ્રકરણ – ૨

## ૨.૧ કૃષિ ધિરાણની આવશ્યકતા

કોઈપણ ઉત્પાદક પ્રવૃતિ માટે મૂડી અનિવાર્ય છે. ખેતી પણ એક ઉત્પાદક પ્રવૃતિ હોવાથી તેના માટે મૂડીની જરૂર પડે છે. ભારતીય ખેડૂત પાસે કૃષિવિકાસને પહોંચી વળવા પુરતી મૂડી નથી. ખેતીક્ષેત્રે મૂડીની અછતને લીધે ઉત્પાદનમાં વધારો કરી શકાતો નથી.

ધિરાણ કોઈપણ ઉત્પાદક પ્રવૃતિ માટે સંજીવની સમાન છે. યંત્રોને ગતિ આપવા તથા ઘર્ષણ ઓછું કરવા ઓઈલ જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્વ આર્થિક વિકાસના યંત્રચક્રોને ગતિ પુરી પાડવામાં ધિરાણનું છે. ખેતધિરાણના સંદર્ભમાં તો કહેવામાં આવ્યું છે કે ભારત જેવા ગરીબ દેશમાં ખેડૂત સાથે દેવાનો સંબંધ જન્મથી મરણ સુધી હોય છે. ખેતીના આધુનીકરણ અને યાંત્રીકરણને પરિણામે ધિરાણની સંસ્થાઓનો વિકાસ અનિવાર્ય છે.

ભારતમાં ખેતી અસંગઠિત ક્ષેત્રનો વ્યવસાય ગણાય છે, તેની સફળતા અને નિષ્ફળતા મોટેભાગે કુદરતી પરિબળો જેવા કે વરસાદ, હવામાન, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વિગેરે ઉપર આધાર રાખે છે, આ મહત્વના કારણથી વાણિજય બેંકોને ખેતધિરાણ આપવામાં પૂરતો રસ રાષ્ટ્રીયકરણ પહેલા ન હતો. રાષ્ટ્રીયકરણ બાદ કૃષિક્ષેત્ર અગ્રીમક્ષેત્ર હોવાથી ધિરાણનું પ્રમાણ વધ્યું હતું. આ પરિસ્થિતીમાં ખેડૂતો દેશી શરાફો, શાહુકારો તથા ધિરધાર કરનારાઓ પાસેથી ઉંચા વ્યાજે નાણા મેળવતા હતા. ખેતી ભારતનો મુળભુત વ્યવસાય હોવાથી આ ક્ષેત્રને વધુને વધુ ધિરાણની આવશ્યકતા રહે છે.

કૃષિ ધિરાણની માંગ સામાન્ય રીતે નીચેના કારણોસર ઝડપથી વધવા લાગી.

(૧) પરંપરાગત ખેતસુધારણા

(૨) હરિયાળી ક્રાંતિ પછીની ખેતસુધારણા

(૩) શ્વેતક્રાંતિના ફળ મેળવવા

## (૧) પરંપરાગત ખેત સુધારણા

પ્રાચીનકાળથી ભારતમાં ખેતી પરંપરાગત ઢબથી થતી આવી છે. આઝાદી મળ્યા પછી પણ દોઢેક દાયકા સુધી ખેતીએ તેની પ્રાથમીક અવસ્થામાં જ ગાડું ચલાવ્યા રાખ્યું. આમ,છતાં કેટલાક રોકડિયા પાકોના બિયારણ માટે, ખાતર અને દવાઓ માટે, સિંચાઈના સાધનો માટે, જમીન સુધારણા માટે, તેમજ કૃષિ ઓજારોની ખરીદી માટે કૃષિધિરાણની માંગ ઉભી થઈ. આઝાદીથી હરીયાળી ક્રાંતિના સમય સુધી પરંપરાગત ખેતી માટે પણ ખેડૂતોને ધિરાણની જરૂરિયાત વધતી જ ગઈ.

## (૨) હરીયાળી ક્રાંતિ પછીની ખેતસુધારણા :–

દેશમાં પ્રથમ અને દ્વિતીય પંચવર્ષિય યોજનાઓ પુરી થયા પછી ખેતપેદાશોના અને ઔદ્યોગીક કાચામાલ માટેની વધતી જતી માંગને પહોંચી વળવા માટે ખેતપેદાશોના વૃધ્ધિદરમાં ઝડપી વધારો થાય તેવી આક્રમક વ્યુહરચનાની અનિવાર્યતા ભારતના ઘડવૈયાઓને જણાઈ. આ માટે ઈ.સ.૧૯૬૦–'૬૧માં સઘન ખેતી જિલ્લા કાર્યક્રમ તથા ઈ.સ. ૧૯૬૫–'૬૬ માં સઘન ખેતી વિસ્તાર કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ ઉપરાંત, ઈ.સ.૧૯૬૬–'૬૭ થી નવી કૃષિવિકાસ વ્યુહરચના અપનાવવામાં આવી, તેના સારા પરિણામો મળ્યા.ખેતીમાં નવા નિક્ષેપોનો મોટા પ્રમાણમાં વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉપયોગ શરૂ થયો. આ દ્વારા અભુતપૂર્વ ટેકનોલોજીકલ

ફેરફારો શરૂ થયા. જેમ કે નવા વધુ ઉત્પાદન આપતા હાઈબ્રીડ બિયારણો, રાસાયાણિક ખાતર, દવાઓ, અદ્યતન ખેતઓજારો તથા સિંચાઈની યોજનાઓ વિગેરે દ્વારા ખેત ઉત્પાદકતામાં સારો એવો વધારો થયો, આને હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે.

હરીયાળી ક્રાંતિનો લાભ લેવા ખેતીમાં વધુ મૂડીની જરૂરિયાત ઉભી થઈ. દેશની ખેતીમાં આધુનિક નિક્ષેપોની માંગ વધવા લાગી. બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, ખેત ઓજારો અને સિંચાઈની સગવડો તથા જમીન સમતલ કરવા ધિરાણની માંગ વધવા લાગી. આમ, કૃષિધિરાણની માંગ માટે મહત્વનું અને વિશેષ પરિબળ એ હરિયાળી ક્રાંતિને ગણાવી શકાય.

## (૩) શ્વેતક્રાંતિના ફળ મેળવવા :–

ભારતમાં સહકારી ધોરણે દુધના વ્યવસાયની શરૂઆત તા.૨૧–૧૨–૧૯૪૬ ના રોજ ગુજરાત રાજ્યમાં આણંદ ખાતે અમુલ બ્રાન્ડ હેઠળ શરૂ થઈ. ઈ.સ.૧૯૭૦ માં ઓપરેશન ફલડ–I ની શરૂઆત થઈ ત્યારથી દુધ વિકાસનાં વ્યવસાયને ' શ્વેતક્રાંતિ ' તરીકે ઓળવામાં આવે છે. શ્વેતક્રાંતિનો લાભ મેળવવા, નવા પશુઓ ખરીદવા, તેમના માટે શેડ બનાવવા ખેડૂતો વધુ નાણાંની માંગ કરતા થયા.

## <u>૨. ૨ કૃષિવિષયક ધિરાણના પ્રકારો :–</u>

લોનની મુદત તેમજ લોન લેવા પાછળના હેતુને આધારે કૃષિવિષયક ધિરાણના ત્રણ પ્રકારો પાડી શકાય.

### (૧) ટુંકાગાળાની લોન :–

જેની મુદત ૧૫ માસ કે તેથી ઓછી હોય છે અને ખાતર,બિયારણ જંતુનાશક દવાઓ વિગેરે માટે આ લોન લેવામાં આવે છે. સામાન્ય રીતે લણણી પછી તરત આ લોનની રકમ પરત કરવામાં આવે છે.

### (૨) મધ્યમગાળાની લોન :–

જેની અવધિ ૧૫ માસથી ૫ વર્ષ સુધીની હોય છે. અને જમીન સુધારણા માટે, ઢોર ખરીદવા માટે કે યંત્રસામગ્રી ખરીદવા માટે આ પ્રકારની લોન લેવામાં આવે છે.

### (૩) લાંબાગાળાની લોન :–

જેની મુદત ૫ વર્ષથી વધુ હોય છે અને વધુ જમીન ખરીદવા માટે, જમીનમાં શાશ્વત સુધારણા કરવા માટે કે ટ્રેકટર જેવા મોંઘા યંત્રો ખરીદવા માટે લાંબાગાળાની લોન લેવામાં આવે છે.

## ૨.૨.૧ ખેડૂત કુટુંબોનું સરેરાશ દેવું દર્શાવતું કોષ્ટક

| વર્ષ | દેવાંની રકમ ( રૂા.) |
|---|---|
| ૧૯૭૧ : | ૬૦૫ |
| ૧૯૮૧ : | ૮૦૩ |
| ૧૯૯૧ : | ૨૨૯૪ |

સ્ત્રોત : રિઝર્વ બેંક બુલેટિન, મે ૧૯૯૯

આ ઉપરાંત, સરકાર તરફથી જે કેટલાક ખાસ હેતુ માટે સહાય મળે છે, તેનો પણ મૂડી સ્ત્રોતના એક સાધન તરીકે સમાવેશ કરી શકાય.

## (૩) <u>રાજય સહકારી બેંક :-</u>

રાજય સહકારી બેંકએ સહકારી ધિરાણ માળખાની રાજય કક્ષાની સર્વોચ્ચ સંસ્થા છે. રાજયની સહકારી સંસ્થાઓને ધિરાણ પુરૂ પાડવાનું તથા સહકારી પ્રવૃતિનો વિકાસ સાધવાનું કાર્ય રાજય સહકારી બેંકોએ કરવાનું છે. રાજય સહકારી બેંકો, રિઝર્વ બેંક તથા નાણાં બજાર અને સહકારી સંસ્થા વચ્ચે કડીરૂપ છે. ગુજરાત રાજયની રચના થતાં રાજય કક્ષાની અને ટોચની સહકારી સંસ્થાઓની રચના કરવામાં આવી. અગાઉના મુંબઈ રાજયમાંથી નવું ગુજરાત રાજય થતાં મુંબઈ રાજય સહકારી બેંકનું વિભાજન કરવામાં આવ્યું, તે વખતે જુના સૌરાષ્ટ્ર રાજયની સૌરાષ્ટ્ર સેન્ટ્રલ કો-ઓપ.બેંક લિ.અસ્તિત્વમાં હતી,તે બેંકના પેટા કાયદા સુધારી ગુજરાત રાજય સહકારી બેંકમાં ફેરવવામાં આવી અને તે મુજબ ગુજરાત રાજય સહકારી બેંક લિ.એ તા.૧લી મે,૧૯૬૦ થી સહકારી ધિરાણની કામગીરી શરૂ કરી.

### રાજય સહકારી બેંકોના મુખ્ય કાર્યો આ પ્રમાણે દર્શાવી શકાય. :-

(૧) રાજય સહકારી બેંક જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની બેંક તરીકે કાર્ય કરે છે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને રાજય સહકારી બેંક ધિરાણ આપે છે, અને તેમની વધારાની નાણાકિય રકમ થાપણો તરીકે સ્વીકારે છે. રાજય સહકારી બેંક મધ્યસ્થ સહકારી બેંકોની ધિરાણ નિતિનું સંકલન કરે છે.

(૨) રાજય સહકારી બેંકો એક મહત્વના 'સમતુલન કેન્દ્ર' તરીકે કાર્ય કરે છે. રાજયમાંની પુરાંતવાળી મધ્યસ્થ સહકારી બેંકોની રકમો થાપણો તરીકે લઈને તે ખાધવાળી મધ્યસ્થ સહકારી બેંકોને ધિરાણ કરે છે.

(૩) રાજય સહકારી બેંકો શહેરી વિસ્તારોમાંથી થાપણો એકત્રિત કરીને સહકારી સંસ્થાઓને ધીરે છે.

(૪) બિનધિરાણ સહકારી મંડળીઓને પણ રાજય સહકારી બેંક ધિરાણ તથા નાણાકિય સહાય આપે છે.

(૫) રાજયમાંની મધ્યસ્થ સહકારી બેંકો અને પ્રાથમિક સહકારી મંડળીઓ પર દેખરેખ અને અંકુશ રાખે છે.

(૬) રાજય સહકારી બેંકો રાજય કક્ષાએ સહકારી પ્રવૃતિઓ, નિતિઓ અને કાર્યક્રમોનું સંકલન કરે છે.

## સભ્યપદ :-

રાજય સહકારી બેંક સમવાયી(ફેડરલ) સંસ્થા છે, તેથી માત્ર સહકારી સંસ્થાઓ તેના સભ્ય થઈ શકે છે.

**આ બેંકના સભ્યો નીચે મુજબ થઈ શકે.**

(૧) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો

(૨) રાજયની ટોચની સહકારી સંસ્થાઓ

(૩) નાગરિક સહકારી બેંકો અને બેન્કિંગ યુનિયનો, ઔદ્યોગિક સહકારી મંડળીઓ જેમનું ભરપાઈ થયેલ શેરભંડોળ અનુક્રમે રૂા. ૧લાખ અને રૂા. ૨ લાખથી ઓછું ન હોય તેવી

(૪) જે જિલ્લામાં મધ્યસ્થ સહકારી બેંક જે તે જિલ્લાની કોઈ સહકારી સંસ્થાને ધિરાણ પુરૂ પાડી શકે તેમ ન હોય તો તેવી સંસ્થા તેટલા સમય માટે આ બેંકના સભાસદ થઈ શકે છે.

(૫) રાજય સરકાર – વિશિષ્ટ સભાસદ.

આ સિવાય વ્યકિતઓ, મંડળીઓ, જોઈન્ટ સ્ટોક કંપનીઓ,પેઢીઓ કે બેંક સાથેના કામકાજને લઈને સંપર્કમાં આવનાર એકમો નોમિનલ સભાસદ થઈ શકે છે.તેમને બેંકના કામકાજમાં ભાગ લેવાનો કે મતઆપવાનો અધિકાર નથી.

## ૨. ૬ ગુજરાતમાં સહકારી ધિરાણ :-

ભારતમાં સહકારી પ્રવૃતિની વિધીવત શરૂઆત ઈ.સ.૧૯૦૪ના કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ એકટથી થયેલી છે, પરંતુ તે અગાઉ ઈ.સ. ૧૮૮૯માં ગુજરાતના વડોદરા શહેરમાં અન્યોન્ય પરસ્પર સહાય કરનારી સહકારી મંડળીની સ્થાપના કેટલાક મધ્યમવર્ગના મહારાષ્ટ્રીયન ભાઈઓએ કરેલી. બૃહદ મુંબઈ રાજયમાંથી ઈ.સ.૧૯૬૦માં અલગ ગુજરાત રાજયની રચના થતા સહકારી પ્રવૃતિના વિકાસ અને પ્રગતિમાં વધુ વેગ જોવા મળ્યો. આ સમયે બીજી પંચવર્ષિય યોજના પણ શરૂ થવાની હતી અને તેમાં સહકારી પ્રવૃતિના વિકાસને એક માધ્યમ તરીકે મહત્વનું સ્થાન મળતાં સહકારી પ્રવૃતિ વધુ વેગવાન બની.

ગુજરાતમાં સહકારી પ્રવૃતિએ અનેકવિધ ક્ષેત્રે પર્દાપણ કરીને ગુજરાતની આર્થિક અને સામાજીક કાયાપલટમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

| ક્રમ | સહકારી મંડળીનો પ્રકાર | ૧૯૬૧ | ૧૯૯૧ | ૨૦૦૪ |
|---|---|---|---|---|
| ૧ | રાજ્ય સહકારી બેંક | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૨ | જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો | ૨૧ | ૧૮ | ૧૮ |
| ૩ | રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૪ | પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ | ૭૪૪૧ | ૬૮૭૦ | ૭૮૦૫ |
| ૫ | નાગરિક સહકારી બેંકો | N.A. | ૨૯૬ | ૩૪૦ |
| ૬ | પ્રાથમિક બિન કૃષિધિરાણ સહકારી મંડળીઓ | ૮૪૧ | ૩૨૪૩ | ૫૧૩૩ |
| ૭ | વેચાણ સહકારી મંડળીઓ | ૩૦૭ | ૨૦૪૫ | ૧૭૯૮ |
| ૮ | રૂપાંતર પ્રક્રિયા સહકારી મંડળીઓ | ૫૫૫ | ૧૫૯ | ૩૧૩ |
| ૯ | દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ | ૩૧૫ | ૧૦૨૯૯ | ૧૧૪૫૦ |
| ૧૦ | ખેતી સહકારી મંડળીઓ | ૧૭૯ | ૫૦૯ | ૭૦૪ |
| ૧૧ | સિંચાઈ સહકારી મંડળીઓ | ૧૪૪ | ૯૮૬ | ૨૭૭૫ |
| ૧૨ | મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓ | ૫૭ | ૩૫૨ | ૫૩૯ |
| ૧૩ | ગ્રાહક સહકારી મંડળીઓ | ૪૯૫ | ૧૬૫૯ | ૨૧૧૨ |
| ૧૪ | ગૃહ નિર્માણ સહકારી મંડળીઓ | ૧૭૨૦ | ૧૩૭૫૨ | ૧૬૫૮૭ |
| ૧૫ | મજૂર બાંધકામ સહકારી મંડળીઓ | ૨૩૬ | ૨૧૮૩ | ૨૮૯૬ |
| ૧૬ | જંગલ કામદાર સહકારી મંડળીઓ | ૧૩૯ | ૧૫૩ | ૧૩૬ |
| ૧૭ | વાહન વ્યવહાર સહકારી મંડળીઓ | N.A. | ૮૭ | ૧૩૪ |
| ૧૮ | વિદ્યુત સહકારી મંડળીઓ | N.A. | ૦૨ | ૦૨ |
| ૧૯ | અન્ય બિનધિરાણ સહકારી મંડળીઓ | N.A. | ૪૮૧ | ૧૨૧૧ |
| ૨૦ | સહકારી સંઘો / સંસ્થાઓ | N.A. | N.A. | ૨૭ |
| ૨૧ | ખાંડ સહકારી મંડળીઓ | ૦૩ | ૨૨ | ૨૬ |
| ૨૨ | ઓદ્યોગીક સહકારી મંડળીઓ | ૮૯૫ | ૧૪૨૯ | ૪૪૮૮ |

સ્ત્રોત : સહકારી શતાબ્દી સ્મૃતિ સંચયિકા – ૨૦૦૪

## ૨.૭ પૂર્વ સંશોધન સમીક્ષા :-

કૃષિક્ષેત્રે થતા ધિરાણનું ઉત્પાદન, આવક,રોજગારી અને વિકાસ પરની અસરોના સંદર્ભમાં તથા ખેત ધિરાણની માંગ પુરવઠો અને તે સાથે સંકળાયેલા પ્રશ્નોને સમજવા કેટલાક અભ્યાસો હાથ ધરાયા છે.

(૧) ડી.એસ.શુક્લે ઈ.સ.૧૯૭૩ માં ઉતર પ્રદેશના ફતેપુર જિલ્લામાં એક મોજણી કરી હતી. તેમણે દર્શાવ્યું હતું કે, ખેડૂતોએ લીધેલ ધિરાણ રાસાયાણિક ખાતરો, સિંચાઈ અને બિયારણ માટે મેળવ્યું હતું, પણ વાસ્તવમાં જે રકમ બિયારણ ખરીદવા માટે વપરાવી જોઈએ તે લગ્ન અને અન્ય બિનઉત્પાદક હેતુઓ માટે વપરાઈ હતી .

સંદર્ભ :— Indian journal of Agriculture Economics vol - xxx 1975

(૨) એ.એન.અગ્રવાલે તેમના અભ્યાસમાં શોધી કાઢયું હતું કે, ધિરાણના ૮૭ % રકમ ઉત્પાદકિય હેતુ માટે અને ૧૩ % રકમ બિનઉત્પાદકિય ખર્ચ માટે વપરાઈ હતી. આ બિન ઉત્પાદકિય ખર્ચને કારણે સંગઠિત ક્ષેત્રોનો કામ કરવાનો ઉત્સાહ મંદ પડતો હતો. બીજી ચિંતાજનક બાબત એ હતી કે લોનની પરત ચુકવણી અસંતોષકારક હતી. વિશેષમાં અભ્યાસે બતાવ્યું હતું કે, સંસ્થાકિય ધિરાણ સવલતમાં નોંધપાત્ર વૃધ્ધિ થઈ હતી અને કૃષિધિરાણના પુરવઠાનો મોટો ભાગ વેપારી બેંકો તરફથી સુચના મુજબ મળી રહયો છે. તેમના સુચન મુજબ નવી ટેકનોલોજી અપનાવે તેવા ખેડૂતોને ધિરાણ પુરૂ પાડવું જોઈએ.

**સંદર્ભ :–** A . N. Agarwal :- " Instiutional Credit fot Agriculture in malwa Indian Journal of Agri Economics vol - 26 october, December 1971

(૩) કે.વી.આઠવલેના અભ્યાસમાં સહકારી ધિરાણનો ઉપયોગ મુખ્યત્વે બિયારણો, રાસાયાણિક ખાતરો અને જંતુનાશક દવાઓ માટે થયો હતો. અભ્યાસ હેઠળ ના રાયપુર અને ત્રિકમગઢ જિલ્લાઓમાં વપરાયેલ જંતુનાશક દવાઓનો સંપુર્ણ જથ્થો સહકારી ધિરાણથી મેળવાયો હતો. રાસાયાણિક ખાતરો માટે રાયપુર જિલ્લાના ખેડૂતો સંપુર્ણપણે સહકારી ધિરાણ પર આધાર રાખતા હતા,પણ ત્રિકમગઢ જિલ્લાના ખેડૂતો ધિરાણનો કેટલોક ભાગ પોતાના ફંડમાથી અને સ્થાનિક સંસ્થાઓ પાસેથી મેળવતા હતા.

સંદર્ભ :– K.V. Athavale " Green Reveolution and shottem
Co-Operative credit Astady in two district of madya Pradesh "
Indian Journal of Agri- economics vol-26 july-sep 1971

(૪) ભુપલ સિંઘ નેગીએ પોતાના અભ્યાસમાં દર્શાવ્યું કે ખેતી વિષયક ધિરાણનો ઉપયોગ ખેતી કરતાં બિન ઉત્પાદકિય બાબતોમાં વધુ થાય છે. ગ્રહવાલ હિમાલય પ્રદેશમાં ઈ.સ.૧૯૭૧ માં ૧૮૩૦.૦૯ લાખ રૂપિયાનું સહકારી ધિરાણ કરવામાં આવ્યું હતું, જે વધીને ઈ.સ.૧૯૭૫ માં ૩૦૨૭.૭૨ લાખ રૂપિયા થયું છે. આમ, ધિરાણમાં વધારો થયો છે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ થતો નથી, તેનો યોગ્ય ઉપયોગ કરવા ખેડૂતોનું નાના, મધ્યમ અને મોટા ખેડૂત વર્ગમાં વર્ગીકરણ કરવું જોઈએ. જરૂરિયાત મુજબના ધિરાણ અંગે યોગ્ય ગુણાંક નકકી કરવો જોઈએ. આ ઉપરાંત, ધિરાણ બે હપ્તે કરવું જોઈએ. પ્રથમ હપ્તો યોગ્ય રીતે વપરાયો છે કે નહી,તે જાણ્યા પછી જ બીજો હપ્તો મંજુર કરવો જોઈએ.

સંદર્ભ :– " Vtization of Agricultural Co-Operative Credit "
- Bhopal singh Negi - Deep Publications 1990

(૫) **શ્રી ગોપાલ જૈને પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીને કૃષિ સહકારી ચળવળ ના મુખ્ય અંગ તરીકે ઓળખાવતાં તેમના પુસ્તક રૂરલ ડેવલપમેન્ટમાં જણાવ્યું છે કે, સહકારી મંડળીઓની નોંધપાત્ર વૃધ્ધિ થવાની સાથે તેમના કાર્યોમાં પણ વિસ્તરણ જણાયું છે. તેમ છતાં, બહુ ઉદેશ્ય સહકારી મંડળીઓએ ધિરાણના કાર્યને વધારે મહત્વ આપતાં અન્ય કાર્યો પ્રત્યે દુર્લક્ષ્ય સેવ્યું છે.**

સંદર્ભ :– Dr. Gopallal Jain, Rural Development
Mangal Deep Publications Jaipur 1997-98

(૬) **વૈંકટપૈયા સમિતિએ વધતી જતી ટેકનોલોજીના ઉપયોગના અનુસંધાનમાં ધિરાણના પુરવઠાની વૃધ્ધિની વ્યવસ્થા વિચારી. આ ઉપરાંત સૌ પ્રથમવાર વહેંચણીના પ્રશ્નને પણ એટલું જ મહત્વ આપીને સંસ્થાકિય ધિરાણથી વંચિત રહી જતાં નબળા વર્ગના લોકો ખાસ કરીને કૃષિ શ્રમિક, જમીન વિહોણા મજૂર તથા સીમાંત ખેડૂતોના વિકાસ માટે સંસ્થાગત ધિરાણની હિમાયત કરી હતી.**

સંદર્ભ :– "All India Rural credit Review Commitee Report
R.B.I -1969 vol - 2

(૭) **ઓલ ઈન્ડિયા ડેબ્ટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સર્વેએ જણાવ્યું હતું કે, લગભગ બધા સંપતિ જુથોમાં કૃષિ માટે લીધેલ ધિરાણમાંથી ૧૩.૫ % ખેતીના ચાલુ ખર્ચ માટે, ૪૬.૬ % ઘરખર્ચ માટે અને બાકીનું જુનું દેવું ભરવા કે કોર્ટના દાવાના ખર્ચ માટે વપરાયું હતું . આ દેશમાં ધિરાણનો કૃષિ સાથેનો સીધો સંબંધ લાગતો નથી.**

સંદર્ભ :– "R.B.I. Bulletions vol-IV "-1969

(૮) નાગ બિશ્વાસ અને ચક્રવર્તીએ તેમના અભ્યાસમાં શોધી કાઢયું હતું કે, લીધેલ કુલ લોનના ૫૦ ટકા લોન બિનખેતી વિષયક હેતુઓ માટે વપરાઈ હતી, અને બાકીની લોન ખેતીના હેતુ માટે વપરાઈ હતી.

સંદર્ભ :– Nagbiswas and chakravarti " Institutional credit for Agriculture"District of west Bengal "
Indian journal of Agriculture economics vol xxvI 1971

(૯) ઈ.સ.૧૯૭૭ માં લેવિનિઆએ ઉતર પ્રદેશના સહરાનપુર જિલ્લામાં વેપારી બેંકોમાંથી ધિરાણ મેળવનાર અને ધિરાણ નહી મેળવનાર વચ્ચેના તફાવત જાણવા અભ્યાસ હાથ ધરેલો. આ અભ્યાસે દર્શાવ્યું કે ડાંગર, શેરડી, મકાઈ, અને ઘંઉ જેવા ચાર પાકોમાં સરેરાશ પેદાશ ખુબ ઊંચી રહી હતી.

સંદર્ભ :– Lavania " Commercial Bank Finance to Agri in Uttar Pradesh"
Indian Co-operative Review - vol xIv April 1977

(૧૦) પી.એન.મિશ્રા અને સિંઘે જણાવ્યું હતું કે, ત્રણ હેકટર જમીન ધરાવતા કિસાન જુથમાં સિંચાઈ માળખા પરનું મુડીરોકાણ સૌથી ઊંચુ ૪૧ ટકા હતું. બે – ત્રણ હેકટર જમીન ધરાવતા મધ્યમ જુથમાં ટુંકાગાળાના ધિરાણના ૩૧.૧૮ ટકા રકમ બિયારણો, ખાતરો માટે ખર્ચાઈ હતી. એક હેકટરથી ઓછી જમીન ધરાવતા જુથોમાં ધિરાણની લગભગ ૩૬ ટકા રકમ જુના દેવાની પરત ચુકવણી માટે વપરાઈ હતી.

સંદર્ભ :– P.N.Mishra And Singh " Institutional Credit and Farmer "Productivity "vol-26 October- December 1971.
Indian Journal Agri,economics

**(૧૧) આર.બી.આઈ.કમિટીના અહેવાલ મુજબ ૧૯૮૯–'૯૦ માં ખેત ધિરાણની જરૂરિયાત ૨૭,૫૫૧ કરોડ રૂા., ૧૯૯૪–'૯૫ માં ૫૭,૩૧૬ કરોડ રૂા. તથા ૧૯૯૯–૨000 માં ૧,૧૦,૮૭૩ કરોડ રૂા. થઈ છે.**

સંદર્ભ :– "Co-operative credit system " R.B.I 2001

**(૧૨) જી.આર.સૈનીના અભ્યાસ મુજબ હરીયાળી ક્રાંતિના આગમનની સાથે સાથે ખેડૂતોની આર્થિક પરિસ્થિતીમાં સુધારો થયો છે. મોટા ખેડૂતોને નિક્ષેપો સહેલાઈથી પ્રાપ્ત થાય છે. ઉપરાંત, આ ખેડૂતો મોટી જમીન ધારણ કદનાં કારણે યોગ્ય ઉપયોગ પણ કરી શકે છે. બીજા શબ્દોમાં એકરદિઠ ઉત્પાદકતા જમીન ધારણ કદ સાથે સમસંબંધ ધરાવે છે.**

સંદર્ભ :– " Green Revolution and the Distribution of farm Incomes "G.R.saini

Economic and Political Weekly - March 1976

# પ્રકરણ – ૩


PAKISTAN
Rajasthan
Madhya Pradesh
Maharastra
Banaskantha
Patan
Mehsana
Sabarkantha
Gandhi Nagar
Kheda
Panchmahal
Dahod
Vadodara
Anand
Ahmedabad
Narmada
Bharuch
Surat
Dangs
Navsari
Valsad
Dadra Nagar Haveli
Daman
Gulf of Khambhat
Bhavnagar
Surendranagar
Little Rann of Kuchchh
Rann of Kuchchh
Kuchchh
Amreli
Diu
Rajkot
Jamnagar
Junaghad
Porbandar
Gulf of Kuchchh
Arabian Sea
State of Gujarat, INDIA


અમરેલી

## ૩.૧ અમરેલી જિલ્લાના એકમ અભ્યાસનું આર્થિક અને સામાજિક પરિપેક્ષમાં સંક્ષિપ્ત અવલોકન

### ૩.૧.૧ ભૌગોલીક સ્થાન :

અમરેલી જિલ્લો ભૌગોલીક રીતે ૨૦.૪૫ " થી ૨૨.૧૫ " ઉતર અક્ષાંક્ષ અને ૭૦.૧૩ " થી ૭૧.૪૫ " પુર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. અમરેલી જિલ્લાનો કુલ વિસ્તાર ૮૩૧૮.૭૫ ચો.કી.મી. છે. અમરેલી જિલ્લામાં કુલ ૧૧ તાલુકા આવેલા છે. તેમજ કુલ ગામોની સંખ્યા ૬૨૭ છે. જિલ્લામાં આવતી મુખ્ય નદીઓ નીચે મુજબ છે.

### ૩.૧.૧ અમરેલી જિલ્લામાં આવતી મુખ્ય નદીઓ દર્શાવતું કોષ્ટક

| | | |
|---|---|---|
| ૧ | અમરેલી | વડી,ઠેબી, શેત્રુંજી |
| ૨ | બાબરા | કાળુભાર, વસાવડી, ઘેલો |
| ૩ | લાઠી | ગાગડીયો, રંઘોળી |
| ૪ | લીલીયા | શેત્રુંજી, ગાગડીયો |
| ૫ | વડીઆ | સાકરોલી |
| ૬ | બગસરા | સાતલી, ખારી |
| ૭ | સાવરકુંડલા | સુરજવડી, શેલ,નાવલી,શેત્રુંજી |
| ૮ | ખાંભા | ઘાતરવડી,દેદુમલ |
| ૯ | ધારી | શેત્રુંજી,નતાલીયો, ઢેઢયા |
| ૧૦ | રાજુલા | રાયડી,ઘાતરવડી |
| ૧૧ | જાફરાબાદ | રાયડી,ઘાતરવડી, રૂપેણ |

## ૩.૧.૨ અમરેલી જિલ્લો : ૧૯૯૫ થી ૨૦૦૫ સુધીની વરસાદની વિગત

### ૩.૧.૨ વરસાદની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | તાલુકો | સરેરાશ વરસાદ મી.મી. | વર્ષ ૧ ૯૯૫ | વર્ષ ૧ ૯૯૬ | વર્ષ ૧ ૯૯૭ | વર્ષ ૧ ૯૯૮ | વર્ષ ૧ ૯૯૯ | વર્ષ ૨ ૦૦૦ | વર્ષ ૨ ૦૦૧ | વર્ષ ૨ ૦૦૨ | વર્ષ ૨ ૦૦૩ | વર્ષ ૨ ૦૦૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | 627 | 350 | 548 | 415 | 709 | 414 | 234 | 509 | 591 | 667 | 413 |
| ૨ | લાઠી | 536 | 423 | 499 | 475 | 525 | 395 | 396 | 400 | 607 | 703 | 603 |
| ૩ | લિલીયા | 714 | 667 | 736 | 514 | 563 | 280 | 347 | 644 | 592 | 542 | 433 |
| ૪ | બાબરા | 540 | 343 | 497 | 580 | 540 | 677 | 408 | 400 | 597 | 668 | 651 |
| ૫ | વડીયા | 572 | 400 | 681 | 500 | 632 | 438 | 326 | 402 | 472 | 709 | 644 |
| ૬ | ધારી | 576 | 476 | 552 | 436 | 621 | 273 | 188 | 535 | 566 | 481 | 708 |
| ૭ | રાજુલા | 627 | 390 | 496 | 670 | 637 | 232 | 195 | 465 | 680 | 884 | 520 |
| ૮ | ખાંભા | 600 | 528 | 610 | 622 | 784 | 446 | 216 | 697 | 401 | 768 | 678 |
| ૯ | જાફરાબાદ | 665 | 543 | 707 | 632 | 833 | 244 | 302 | 448 | 746 | 805 | 616 |
| ૧૦ | સાવરકુંડલા | 703 | 447 | 762 | 870 | 1198 | 648 | 451 | 758 | 509 | 506 | 591 |
| ૧૧ | બગસરા | 612 | 909 | 515 | 809 | 893 | 431 | 290 | 442 | 401 | 624 | 653 |

## ૩.૧.૩ અમરેલી જિલ્લો : જન સંખ્યા

## ૩.૧.૩ ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે તાલુકાવાર વસ્તી અને વસ્તી ગીચતા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકો | વિસ્તાર (ચો.કી.મી.) | કુલ વસ્તી | વસ્તી ગીચતા દર ચો.કી.મી. દિઠ |
|---|---|---|---|---|
| ૧ | કુકાવાવ–વડીઆ | 545.82 | 95891 | 176 |
| ૨ | બાબરા | 793.17 | 123178 | 155 |
| ૩ | લાઠી | 632.80 | 132140 | 209 |
| ૪ | લીલીયા | 395.00 | 60741 | 154 |
| ૫ | અમરેલી | 838.50 | 217500 | 259 |
| ૬ | બગસરા | 350.57 | 38300 | 223 |
| ૭ | ધારી | 2035.05 | 106245 | 132 |
| ૮ | સાવરકુંડલા | 1079.60 | 5228440 | 212 |
| ૯ | ખાંભા | 632.74 | 84516 | 134 |
| ૧૦ | જાફરાબાદ | 355.70 | 90726 | 255 |
| ૧૧ | રાજુલા | 659.80 | 145618 | 221 |
| | જિલ્લાનુ કુલ | 8318.75 | 1393295 | 2130 |

સ્ત્રોત : વસ્તી ગણતરી પુસ્તિકા – ૨૦૦૧

## ૩.૧.૪ વસ્તીનું વ્યવસાયિક વર્ગીકરણ

## ૩.૧.૪ અમરેલી જિલ્લામાં વસ્તીનું વ્યવસાયિક વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકો | કુલકામ કરનારા | ખેડૂત | ખેત મજૂર | ગૃહઉદ્યોગ ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયેલા | અન્ય કામ કરનાર | સિમાંત કામ કરનારા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કુકાવાવ | 44502 | 16162 | 6051 | 569 | 9155 | 12565 |
| ૨ | બાબરા | 55828 | 19340 | 7985 | 699 | 14059 | 13745 |
| ૩ | લાઠી | 63944 | 15824 | 7230 | 1175 | 23662 | 16053 |
| ૪ | લીલીયા | 28808 | 8518 | 5690 | 314 | 8181 | 179 |
| ૫ | અમરેલી | 87787 | 18402 | 10607 | 1067 | 40654 | 17057 |
| ૬ | બગસરા | 27021 | 11062 | 4272 | 512 | 11177 | 6246 |
| ૭ | ધારી | 49989 | 20591 | 12488 | 666 | 16344 | 9699 |
| ૮ | સાવરકુંડલા | 92900 | 25669 | 14939 | 1533 | 31405 | 19354 |
| ૯ | ખાંભા | 39292 | 14454 | 9450 | 406 | 5714 | 9268 |
| ૧૦ | જાફરાબાદ | 34796 | 7005 | 6477 | 203 | 12959 | 7352 |
| ૧૧ | રાજુલા | 59905 | 16311 | 18062 | 416 | 18784 | 33321 |
|  | S|, | 584772 | 174138 | 103251 | 7560 | 192094 | 244839 |

**:+lT 0 J:TL U6TZL VCJF, v**
**Z__!**

## 3.1.5. VDZ ,L IH< ,FGL HDLGG JUL'SZ^ NXFJT SIQ*S

| SD | TF,SII | HDLGGF p5 IIIUDF CTT VG VCJF, 5FT YIF DHAGII IJ:TFZ | HU,II | pHH) VG B)L G XSFI TJL HDLG | ALGBTL IJ IQFS p5 IIIUDF ,JFI ,L HDLG | SFIDL UFRZ VG RZ^GL HDLG | B)L XSFI TJL 5)TZ HDLG | 5SL^I J!FII VG hF)II C(/GL HDLG | RF, 5)TZ | Vg I5)TZ | RIbBII JFJTZ IJ:TFZ | VS SZTH JW JBT JFJTZ SZ, IJ:TFZ | V J IJ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | VDZ,L | 82228 | 0 | 389 | 2598 | 7203 | 362 | 0 | 1220 | 0 | 70456 | 4000 | 7 |
| 2 | AFAZF | 79300 | 1923 | 7547 | 3634 | 5899 | 566 | 0 | 1221 | 0 | 58510 | 1191 | 5 |
| 3 | WFZL | 103449 | 18626 | 1580 | 7572 | 4705 | 2080 | 0 | 1201 | 50 | 67665 | 2157 | 6 |
| 4 | HFOZFAFN | 35471 | 277 | 3394 | 3183 | 3057 | 172 | 0 | 1312 | 200 | 23876 | 165 | 2 |
| 5 | BFEF | 61114 | 8753 | 1411 | 2736 | 6200 | 1750 | 0 | 2163 | 100 | 380041 | 457 | 3 |
| 6 | AU;ZF | 33562 | 71 | 396 | 1801 | 2900 | 150 | 0 | 290 | 125 | 27829 | 1430 | 2 |
| 7 | SSFJFJ | 5557 | 21 | 800 | 2108 | 3500 | 1750 | 0 | 1373 | 480 | 47369 | 127 | 4 |
| 8 | ,F(L | 63377 | 282 | 1979 | 0 | 3655 | 860 | 0 | 891 | 0 | 52135 | 1142 | 5 |
| 9 | ,L,LIF | 39500 | 135 | 668 | 2063 | 3641 | 150 | 0 | 897 | 65 | 31881 | 239 | 3 |
| 10 | ZFH,F | 64734 | 1068 | 3011 | 4504 | 3955 | 2050 | 0 | 6124 | 0 | 44022 | 1950 | 4 |
| 11 | ;FJZS),F | 120910 | 4800 | 2881 | 12792 | 9578 | 3742 | 0 | 6259 | 142 | 80716 | 1950 | 8 |
|  | S, | 739202 | 35956 | 24056 | 42991 | 54293 | 13632 | 0 | 22951 | 1162 | 542460 | 14808 | 55 |

## ૩.૧.૬ સાધનાવાર ચોખ્ખો સિચિત વિસ્તાર

### (૨૦૦૨-૦૩)

## ૩.૧.૬ સાધનાવાર ચોખ્ખો સિચિત વિસ્તાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકો | કુલ ચોખ્ખો સિંચિત વિસ્તાર | ચોખ્ખા વાવેતર વિસ્તારની સામે ચોખ્ખો સિંચિત વિસ્તાર ટકાવારી | સાધનવાર સિંચાઈ | | | સાધનવાર સિંચાઈ | | એક કરતા વધુ વખત સિંચિત વિસ્તાર | એકં સિંચિ વિસ્ત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સરકારી નહેરો | ખાનગી પંચાયત નહેરો | તળાવ | કુવા | અન્ય | | |
| ૧ | અમરેલી | 14185 | 20.13 | 0 | 0 | 0 | 18010 | 0 | 3825 | 180 |
| ૨ | કુંકાવાવ | 3892 | 8.21 | 0 | 0 | 0 | 4019 | 0 | 1271 | 401 |
| ૩ | બગસરા | 4419 | 15.87 | 0 | 0 | 0 | 4849 | 0 | 430 | 481 |
| ૪ | ખાંભા | 4547 | 11.96 | 0 | 0 | 0 | 5004 | 0 | 457 | 500 |
| ૫ | જાફરાબાદ | 1301 | 5.44 | 0 | 0 | 0 | 1466 | 0 | 165 | 146 |
| ૬ | ધારી | 8392 | 12.40 | 0 | 0 | 0 | 10492 | 0 | 2100 | 104 |
| ૭ | બાબરા | 18962 | 32.40 | 0 | 0 | 0 | 20153 | 0 | 1191 | 201 |
| ૮ | રાજુલા | 5528 | 12.55 | 0 | 0 | 0 | 7928 | 0 | 1900 | 742 |
| ૯ | લાઠી | 7923 | 15.19 | 0 | 0 | 0 | 9065 | 0 | 1142 | 906 |
| ૧૦ | લીલીયા | 8887 | 27.87 | 0 | 0 | 0 | 9126 | 0 | 239 | 912 |
| ૧૧ | સાવરકુંડલા | 23475 | 29.08 | 0 | 0 | 0 | 25425 | 0 | 1950 | 254 |
| | કુલ | 101511 | 189.67 | 0 | 0 | 0 | 115037 | 0 | 13526 | 1150 |

## <u>૩.૧.૭ ઉદ્યોગો :</u>

### અમરેલી જિલ્લામાં આવેલા મુખ્ય ઉદ્યોગો.

(૧) એલ એન્ડ ટી સિમેન્ટ કંપની, કોવાયા

(૨) નર્મદા સિમેન્ટ કંપની, જાફરાબાદ

(૩) મેડટીસ્ટ કંપની, રાજુલા

(૪) ધરમશી મોરારજી, તા. ધારી

(૫) મીઠા ઉદ્યોગ

- જી.એચસી.એલ. વિકટર
- જી.એસ.સી.એલ. જાફરબાદ
- જુનાગઢ સોલ્ટ, ભેરાઈ
- દરિયાલાલ સોલ્ટ, ભેરાઈ
- ક્રિષ્ના મિનરલ, ભેરાઈ
- શ્રી ખેરા નીમક ઉત્પાદન સહકારી મંડળી, ખેરા

જિલ્લામાં આવતા મુખ્ય બંદરો – પીપાવાવ, જાફરાબાદ

### ૩.૧.૮ સહકારી ક્ષેત્રઃ

### ૩.૧.૭ અમરેલી જિલ્લામાં પ્રકારવાર સહકારી મંડળીઓનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | સહકારી મંડળીનો પ્રકાર | ;bIF |
|---|---|---|
| ૧ | પ્રાથમીક કૃષિ ધિરાણ મંડળી | #*$ |
| ૨ | નાગરિક બેંકો | * |
| ૩ | પ્રાથમિક બિન કૃષિધિરાણ મંડળી | !!Z |
| ૪ | માર્કેટીગ મંડળીઓ | 55 |
| ૫ | પ્રક્રિયા મંડળીઓ | * |
| ૬ | દુધ મંડળીઓ | !!_ |
| ૭ | પશુપાલન મંડળીઓ | !! |
| ૮ | ખેતી મંડળીઓ | Z) |
| ૯ | મત્સ્ય | !) |
| ૧૦ | ગ્રાહક મંડળીઓ | *( |
| ૧૧ | ગૃહ મંડળીઓ | )$ |
| ૧૨ | મજૂર કામદાર | )$ |
| ૧૩ | જંગલ કામદાર | ! |
| ૧૪ | વાહન વ્યવહાર | Z |
| ૧૫ | સિંચાઈ મંડળીઓ | & |
| ૧૬ | અન્ય બીન ધિરાણ | !_ |
| ૧૭ | સંઘો અને સંસ્થાઓ | ! |
| ૧૮ | ખાંડ | Z |
| ૧૯ | કુટીર ઉદ્યોગ | !&_ |
| | કુલ | !!*# |

## ૩.૨ સંશોધનના ઉદેશો :

(૧) ભારતમાં કૃષિધિરાણની માંગ અને પુરવઠાને અસર કરતા પરિબળો સમજવા.

(૨) પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળી દ્વારા કરવામાં આવેલુ ધિરાણ લાભાર્થીને ખેતીના વિકાસમાં કેટલુ ઉપયોગી થઈ શકે તેમ છે, તેની તપાસ કરવી.

(૩) આ ધિરાણ લાભાર્થીની આવકમાં વધારો કરી શકે તેમ છે કે નહી તેની માહિતી મેળવવી.

(૪) આ ધિરાણની લાભાર્થીના આર્થિક અને સામાજીક જીવન પર અસરો તપાસવી.

(૫) ગામડાનાં આંતરમાળખા પર આ ધિરાણની અસર તપાસવી.

(૬) આ ધિરાણના અમલીકરણમાં અને ઉપયોગમાં રહેલી ખામીઓ રજુ કરવી અને તેને વધુ અસરકારક બનાવવા માટેના સુચનો રજુ કરવા.

## ૩.૩ સંશોધનની પરિકલ્પનાઓ :

(૧) કૃષિધિરાણ સહકારી મંડળીનું ધિરાણ લાભાર્થીના આર્થિક જીવનમાં ફેરફાર લાવનાર મુખ્ય પરિબળ છે.

(૨) આ ધિરાણ દ્વારા લાભાર્થી પોતાનું જીવન ધોરણ ઉંચુ લાવી શકે છે.

(૩) કુદરતી પરિબળ સ્થિર રહે છે.

(૪) અન્ય ધિરાણ એજન્સી કરતા આ ધિરાણ એજન્સી વધુ અસરકારક સાબિત થઈ છે.

## ૩.૪ સંશોધન પધ્ધતિ :

આ અભ્યાસમાં ગુજરાત રાજયના અમરેલી જિલ્લામાં પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીઓની કામગીરી તપાસવામાં આવી છે. અમરેલી જિલ્લાના તાલુકાઓમાંથી મહતમ લાભાર્થી હોય તેવો એક તાલુકો અને ન્યુનતમ લાભાર્થિ હોય તેવો એક તાલુકો પસંદ કરેલ છે. આ અભ્યાસ માટે કુલ પાંચ વર્ષની આંકડાકિય માહિતીઓના વિશ્લેષણ અને પરિકલ્પના ચકાસણી હેતુસર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પાંચ વર્ષના સમયગાળામાં વર્ષ ૨૦૦૨–'૦૩ થી વર્ષ ૨૦૦૬–'૦૭ ના સમયગાળાને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે.

### ૩.૪.૧ અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓમાં સભાસદોની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| | | |
|---|---|---|
| ૧ | અમરેલી | &5#Z |
| ૨ | ધારી | $**_ |
| ૩ | બગસરા | $Z$_ |
| ૪ | લીલીયા | Z&$( |
| ૫ | રાજુલા | #Z&) |
| ૬ | કુકાવાવ | &!)# |
| ૭ | ખાંભા | 5$$& |
| ૮ | લાઠી | &##) |
| ૯ | બાબરા | &_5# |
| ૧૦ | સાવરકુંડલા | 5(*& |
| ૧૧ | જાફરાબાદ | !Z)( |

અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓમાંથી મહતમ અને ન્યુનતમ લાભાર્થીઓ ધરાવતા અમરેલી તાલુકો અને જાફરાબાદ તાલુકાની પસંદગી કરવામાં આવી. આ પસંદગી આધાર વર્ષ ૨૦૦૨-'૦૩ ના લાભાર્થીની સંખ્યાને આધારે કરી છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે વર્ષ ૨૦૦૨-'૦૩ માં અમરેલી તાલુકામાં સૌથી વધુ લાભાર્થી હોય તેવી બે મંડળીઓમાં અનુક્રમે ગજેરાપરા અને રંગપુરની ધિરાણ મંડળીઓ હતી, જ્યારે સૌથી ઓછા લાભાર્થી હોય તેવી ત્રણ મંડળીઓમાં વેણીવદર, સોનારિયા અને પીપળલગમાં ધિરાણ લેનાર લાભાર્થીઓ પાસેથી વિગતો એકત્ર કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકની જાફરાબાદ શાખા દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે મહતમ લાભાર્થીઓ ધરાવતી બે ખેત - ધિરાણ મંડળીઓમાં વાંઢ અને હેમાળ તેમજ ન્યુનતમ લાભાર્થીઓ ધરાવતી ત્રણ મંડળીઓમાં અનુક્રમે રોહિસા, છેલણા અને મોટા માણસામાં ધિરાણ લેનાર લાભાર્થીઓ પાસેથી વિગતો મેળવવામાં આવી છે.

આમ, અમરેલી અને જાફરાબાદ તાલુકાની દસ મંડળીઓના ૪૦૦ લાભાર્થીઓની પાંચ વર્ષ દરમિયાન ધિરાણનો ઉપયોગ કરવાથી તેના પર થયેલ આર્થિક અને સામાજીક અસરો તપાસવાનો પ્રયાસ કર્યો છે, જેમાં નાના ખેડૂત સિમાંત ખેડૂત અને મોટા ખેડૂતનુ પ્રતિનિધિત્વ યોગ્ય રીતે જળવાઈ રહે તેનો ખ્યાલ રાખેલ છે. આ ઉપરાંત લાભાર્થીઓ દ્વારા જુદા જુદા ઉદેશથી લેવાયેલ ધિરાણને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું છે.

૩.૫ માહિતીનું એકત્રીકરણ :

સંશોધન કાર્ય માટે માહિતી મેળવવી અને એકત્રીત કરવાનું કાર્ય અગત્યનું છે. સંશોધન માટે માહિતી એકત્રીત કરવાની બે પધ્ધતિ છે.

(૧) પ્રાથમિક આંકડાકિય માહિતી
(૨) ગૌણ આંકડાકિય માહિતી

(૧) પ્રાથમિક આંકડાકિય માહિતી :

સંશોધનનાં ઉદેશોને લક્ષમાં રાખીને પ્રશ્નાવલી તૈયાર કરી ૪૦૦ લાભાર્થીઓની રૂબરૂ મુલાકાતો દ્વારા પ્રાથમિક આંકડાકિય માહિતી મેળવવામાં આવી છે. આમ, જે માહિતી પ્રારંભિક અવલોકનથી સંશોધક દ્વારા મેળ વેલ છે, તે માહિતીને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે.

(૨) ગૌણ આંકડાકિય માહિતી :

સંશોધક બીજી કોઈ વ્યકિત અથવા સંસ્થાએ મેળવેલી માહિતી નો ઉપયોગ તેના અભ્યાસ માટે કરે તો તે માહિતી સંશોધક માટે ગૌણ માહિતી બની જાય છે. પ્રસ્તુત અભ્યાસમાં ગૌણ માહિતી ગ્રંથાલયો, સહકારી સંસ્થાઓ, આર્થિક અહેવાલો તેમજ સામયિકોમાંથી મેળવી છે.

## ૩.૬ અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકની ધિરાણ વિષયક નિતી :

– કિસાન ક્રેડિટ કાર્ડ :

" કિસાન ક્રેડિટ કાર્ડ " જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને ખેતી વિષયક સહકારી મંડળીઓ દ્વારા તેના સભાસદોને આપવામાં આવે છે. આ સ્કીમ મુજબ જે ખેડૂત ખેતીની જમીન ધારણ કરતો હશે તે " કિસાન ક્રેડિટ કાર્ડ " માટે પાત્ર બને છે. તેમાં બેંક તરફથી વખતોવખત નિયત કરવામાં આવતો પાક લોનનો વ્યાજનો દર લાગુ પાડવામાં આવે છે. " કિસાન ક્રેડિટ કાર્ડ " સુવિધાએ ખેતી વિષયક હેતુ માટે કેશ ક્રેડિટ ધિરાણનું સ્વરૂપ છે.

" કિસાન ક્રેડિટ કાર્ડ " ના લીધે ખેડૂતો પોતાની જરૂરીયાતના સમયે જેટલી રકમની જરૂર હોય તેટલી જ રકમ મંજુર શાખની મર્યાદામાં બેંકના કામકાજના સમય દરમિયાન ગમે ત્યારે ઉપાડી શકે છે. તેમજ પોતાની પાસેની ઉપલબ્ધ રકમ ગમે ત્યારે, ગમે તેટલા પ્રમાણમાં બેંકના કામકાજના સમય દરમિયાન જમાં કરાવી શકે છે, જેથી વ્યાજખાદ્ય ભોગવવી પડે નહી. " કિસાન ક્રેડિટ કાર્ડ " દ્વારા ખેડૂતો તેમના ખેત ઉત્પાદનને લગતી જરૂરિયાતો જેવી કે બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વિગેરે સમયસર મેળવી શકે છે.

### ૩.૬.૧ અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકની ૨૦૦૬-૦૭ ના વર્ષ માટેની ખેતી વિષયક ટુંકી મુદત કિશાન ક્રેડીટ કાર્ડ પાક ધિરાણ નિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | પાકનો પ્રકાર | હેકટર દીટ ખેતી ખર્ચની વિગત | | | |
|---|---|---|---|---|---|
| | | રોકડ તથા બિયારણ માટે | રાસાયણિક ખાતર માટે | જંતુનાશક દવા | કુલ |
| (અ) | ખરીફ પાક | | | | |
| ૧ | મગફળી તમામ જાત | 10900 | 2300 | 1800 | 15000 |
| ૨ | કપાસ તમામ જાત | 9600 | 1800 | 3600 | 15000 |
| ૩ | બાજરો, જુવાર, કઠોળ | 4400 | 2200 | 900 | 7500 |
| ૪ | સુર્યમુખી | 4000 | 2300 | 700 | 7000 |
| ૫ | તલ,તલી | 3800 | 1300 | 900 | 6000 |
| (બ) | પિયતથી થતા પાકો | | | | |
| ૧ | ઉનાળુ મગફળી | 11000 | 2300 | 2700 | 16000 |
| ૨ | ઉનાળુ બાજરો | 4500 | 2000 | 500 | 7000 |
| ૩ | મરચા | 4600 | 1800 | 1600 | 8000 |
| ૪ | શેરડી | 11600 | 8400 | 2000 | 22000 |
| ૫ | ડુંગળી | 9000 | 3800 | 2200 | 15000 |
| ૬ | લસણ | 5000 | 8500 | 1500 | 15000 |
| ૭ | શાકભાજી | 5000 | 2200 | 4500 | 12000 |
| (ક) | હાઈબ્રીડ પાક | | | | |
| ૧ | એરંડા | 4800 | 2800 | 2400 | 10000 |
| ૨ | કપાસ સંકર તથા અન્ય જાતો | 7200 | 4300 | 6500 | 18000 |
| (ડ) | રવિ પાકો | | | | |
| ૧ | ઘંઉ | 7500 | 3800 | 3700 | 15000 |
| ૨ | રાયડો | 4100 | 2200 | 4700 | 11000 |
| ૩ | જીરૂ | 6200 | 1400 | 4400 | 12000 |
| ૪ | ચણા | 5000 | 1900 | 2100 | 9000 |
| ૫ | બગીચા માટે કેશ ક્રેડિટ | 6600 | 5000 | 8400 | 20000 |

**મધ્યમ મુદત ધિરાણ :**

મંડળીના જે સભ્યો ચાલુ સહકારી વર્ષમાં મુદત વિતેલ બાકીદારો ન હોય તે સભ્યોને ખેતી વિષયક, બિનખેતી વિષયક હેતુઓ માટે તેમની રીપેઈંગ કેપીસીટીની મર્યાદામાં મંડળીના પેટા નિયમ અને બેંકની નિતી મુજબ મધ્યમ મુદત ધિરાણ મળી શકે છે, તેમજ બેંકના ધોરણ મુજબ માંગણી મુકેલ હોય તેવા જ સભ્યોને મધ્યમ મુદત ધિરાણ મળી શકે છે. મધ્યમ મુદત ખેતી વિષયક હેતુઓ માટેની માંગણીથી વસાવેલા, ઉભા કરેલા સાધનોમાંથી થનાર વધારાની આવકને લક્ષમાં લઈને રીપેઈંગ કેપેસીટી ગણવામાં આવે છે.

## ૩.૬.૨ અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકની ૨૦૦૬–'૦૭ ના વર્ષ માટેની ખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણ નિતી દર્શાવતું કોષ્ટક

**ખેતી વિષયક મુધ્યમ મુદત ધિરાણ અંગે :**

**૨૦૦૬–'૦૭ ના વર્ષ માટેની ખેતી વિષયક તથા પ્રોજેકટ લેન્ડીંગ મધ્યમ મુદત ધિરાણના દર માર્જીન, મુદત વિગેરે નીચે મુજબ છે.**

| ક્રમ | હેતુ | નાબાર્ડ તરફથી નક્કી થયેલ યુનિટ કોસ્ટ | માર્જીન(%) સભ્યોએ ભોગવવાની રકમ | વધુમાં વધુ કેટલા વર્ષ માટે ધિરાણ મુદત (ગ્રેસ પિરિયડ સહિત) | ગ્રેસ પિરિયડ |
|---|---|---|---|---|---|
| ૧ | નવો કૂવો ગાળવા માટે (૪ મીટર ગોળાઈ અને ૨૦ મીટર ઉંડાઈ )(વધારાની ૫ મીટર ઉંડાઈ સુધી મીટર દીઠ રૂા.૩૦૦૦/– પરંતુ કુલ ૨૫ મીટરથી વધુ નહી) | ૭૧,૦૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | ૨૩ માસ |
| ૨ | જૂનો કૂવો ઉંડો કરવા માટે (૫ મીટર સુધી દર મીટરે રૂા. ૨,૮૦૦/– લેખે) | ૧૪,૦૦૦–૦૦ | ૧૫% | ૫ વર્ષ | – |
| ૩ | કુવો બાંધવા માટે | ૨૫,૦૦૦–૦૦ | ૧૫% | ૫ વર્ષ | |
| ૪ | ઓઈલ એન્જીન પંપ સેટ સાથે (બી.આઈ.એસ.૧૦૮૦૪૮૬ માર્કા વાળા ) | | | | |
| | (અ) ૩/૩.૫ હોર્સ પાવર | ૧૧,૬૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (બ) ૫ હોર્સ પાવર | ૧૬,૦૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (ક) ૭.૫ હોર્સ પાવર | ૧૮,૦૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (ડ) ૧૦ હોર્સ પાવર | ૧૮,૫૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| ૫ | ઈલે.મોટર પંપ સેટ સાથે (મોનો બ્લોક ) (આઈ.એસ.આઈ. માર્કાવાળા) | | | | |
| | (અ) ૩/૩.૫ હોર્સ પાવર | ૧૧,૫૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (બ) ૫ હોર્સ પાવર | ૧૩,૦૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (ક) ૭.૫ હોર્સ પાવર | ૧૭,૨૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| ૬ | પેટ્રોલ સ્ટાર્ટ કેરોસીન રન પંપ સેટ (અ) ૩/૩.૫ હોર્સ પાવર | ૧૪,૫૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| ૭ | સબમર્સીબલ પંપસેટ (આઈ.એસ. આઈ. માર્કા વાળા) | | | | |
| | (અ) ૩/૩.૫ હોર્સ પાવર | ૨૧,૦૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (બ) ૫ હોર્સ પાવર | ૨૯,૮૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (ક) ૭.૫ હોર્સ પાવર | ૩૭,૩૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |
| | (ડ) ૧૦ હોર્સ પાવર | ૪૪,૭૦૦–૦૦ | ૧૫% | ૯ વર્ષ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | સિમેન્ટ પાઇપ લાઇનો માટે | ૮૧–૦૦ | ૧૫ % | ૯ વર્ષ | |
| | (અ) મીટર દીઠ – ૬ નો પાઇપ (૧૫૦ M.M.) | | | | |
| | (બ) મીટર દીઠ – ૮ નો પાઇપ (૨૨૦ M.M.) | ૮૮–૦૦ | ૧૫ % | ૯ વર્ષ | |
| | (ક) મીટર દીઠ – ૯ નો પાઇપ (૨૨૫ M.M.) | ૯૪–૦૦ | ૧૫ % | ૯ વર્ષ | |
| ૯ | પી.વી.સી પાઇપ લાઇન માટે | | | | |
| | (અ) મીટર દીઠ –૪.૪ નોપાઇપ (૧૧૦M.M) | ૯૫–૦૦ | ૧૫ % | ૫ વર્ષ | |
| | (બ) મીટર દીઠ –૩.૬ નોપાઇપ (૯૦ M.M) | ૭૫–૦૦ | ૧૫ % | ૫ વર્ષ | |
| ૧૦ | રીગદાર માટે પથરાળ વિસ્તાર – ૧૫ મીટર સુધી | ૫,૨૫૦–૦૦ | ૧૫ % | ૫ વર્ષ | |
| | મીટરવાળો વિસ્તાર – ૧૫ મીટર સુધી | ૮,૨૫૦–૦૦ | ૧૫ % | ૫ વર્ષ | |
| ૧૧ | સ્પ્રિન્કલર સેટ માટે | – | – | – | – |
| | (અ) ૧ હેક્ટર ( ૧ યુનીટ) | ૧૪,૭૦૦–૦૦ | – | – | – |
| | (બ) ૨ હેક્ટર (૧ યુનીટ) | ૨૩,૨૦૦–૦૦ | ૧૫ % | ૯ વર્ષ | ૧૨ માસ |
| | (ક) ૩ હેક્ટર (૧ યુનીટ) (વધારાના ખર્ચ માટે દર હેક્ટર રૂા. ૪૦૦૦) | ૨૬,૦૦૦–૦૦ | ૧૫ % | ૯ વર્ષ | ૧૨ માસ |
| ૧૨ | ડ્રીપ ઈરેગેશન માટે | – | v | – | – |
| | (અ) આંબા ફળઝાડ– ૧ એકરે | ૧૬,૦૦૦–૦૦ | ૧૫ % | ૧૦ વર્ષ | ૭૨ માસ |
| | (બ) આંબા ફળઝાડ– ૧ એકરે | ૨૦,૮૦૦–૦૦ | ૧૫ % | ૧૦ વર્ષ | ૭૨ માસ |
| | (ક) કપાસ, એરંડા– ૧ એકરે | ૩૪,૫૦૦–૦૦ | ૧૫ % | – | |
| | (ડ) કપાસ, એરંડા – ૧ એકરે | ૬૪,૭૦૦–૦૦ | ૧૫ % | – | |
| ૧૩ | મીશન રૂમ માટે (૨.૫ મી. × ૨.૫ મી. × ૨.૫ મી.) | ૧૫,૦૦૦–૦૦ | ૧૫ % | ૫ વર્ષ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | બળદ ગાડું | – | – | – | – |
| | (અ) સાગનુ લાકડું અને રબરનાં ટાયર | 16,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| | (બ) સ્ટીલ તથા લાકડાની બોડી, રબરના ટાયર | 17,500-00 | 15 % | ૫ વર્ષ | – |
| | (ક) સ્ટીલની બોડી રબરના ટાયર | 19200-00 | 15 % | ૫ વર્ષ | – |
| ૧૫, | આંબા ફળઝાડ માટે (કેસર કેરી, ૧ હેકટરે ૧૦૦ ઝાડ ) | – | – | – | – |
| | પ્રથમ વર્ષ ૫૬ % | 32,687-00 | 15 % | ૧૦ વર્ષ | ૫ વર્ષ |
| | બીજા વર્ષે ૮ % | 4,536-00 | – | – | – |
| | ત્રીજા વર્ષે ૮ % | 5,017-00 | – | – | – |
| | ચોથા વર્ષે ૯ % | 5,027-00 | – | – | – |
| | પાંચમા વર્ષે ૧૯ % | 10,943-00<br>58210-00 | – | – | – |
| ૧૬ | વાયર ફેન્સીંગ માટે (૧ હેકટરે ) (મજુરી,સિમેન્ટના થાંભલા તથા વાયર સહિત દર મીટરે રૂા. ૧૦૦ મુજબ ) | 40,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| ૧૭ | પશુપાલન માટે (અ) ગાય | – | – | – | – |
| | – ગીર/કાંકરેજ | 10,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| | – જર્સી | 17,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| | – એસ.એફ. | 20,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| | (બ) ભેંસ | | | | – |
| | – મહેસાણી | 17,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| | – જાફરાબાદી | 20,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| | – સુરતી | 15,000-00 | 15 % | ૫ વર્ષ | – |
| ૧૮ | જમીન લેવલીંગ ( ૧ હેકટરે ) | – | – | – | – |
| | ૧ થી ૪ % સ્લોપ | 13,000-00 | 15 % | ૯ વર્ષ | ૨૩ માસ |
| | ૪ થી ૬ % સ્લોપ | 17,000- | 15 % | ૯ વર્ષ | ૨૩ માસ |

સ્ત્રોત : અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક

ઉપરોક્ત સિવાયના અન્ય ખેતીવિષયક હેતુઓ માટે (નાબાર્ડ નિતી મુજબ)

૧. ગાડાના ટાયર–ટયુબની જોડી, ગાડાની વ્હીલ પ્લેટ, ઘરાનો સેટ ખરીદવા

૨. ઓપનેર સેટ અને થ્રેસર મશીન ખરીદવા

૩. મોટી પાઈપલાઈન, એરકંમ્પ્રેસર ખરીદવા, ૧૦ થી વધુ હો.પા.ના સબમર્શીબલ પંપસેટ તેમજ અન્ય ખેતીવિષયક હેતુઓ માટે

૪. ફળઝાડ ધિરાણ : આંબા, ચીકુ, જામફળ, આમળા વિગેરે

૫. જી.ઈ.બી ના કવોટેશન ભરવા માટે ની રકમ

## ૩.૭ સંશોધનની ગાણિતીક વિભાવના દ્વારા ધિરાણની આર્થીક અસરોની તપાસ.

ગાણિતીક વિભાવના દ્વારા સહસંબંધાંકની સહમત વિચલનની પધ્ધતિ દ્વારા તમામ લાભાર્થીઓની આંકડાકિય માહિતી વર્ગીકૃત કરી સહસંબંધાંક મેળવવામાં આવ્યો છે. કુલ ૪૦૦ લાભાર્થીઓને ૬ વિભાગમાં હેતુ અનુસાર વહેંચવામાં આવ્યા છે.

આ પધ્ધતિના ઉપયોગ દ્વારા ગાણિતીક રીતે X અને Y વચ્ચેના સંબંધની કસોટી કરી શકાય છે, જેમાં મેથેમેટીકલ ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરી સંશોધનના તારણો સીગ્નીફિકન્ટ છે કે નહિ તે સ્પષ્ટ કરી શકાય છે. સહસંબંધાંકની સહમત વિચલનની પધ્ધતિ દ્વારા લાભાર્થીની વાર્ષિક આવક (X) અને તેની સામે દર્શાવેલ લાભાર્થીની સંખ્યા (Y) વચ્ચેના સહસંબંધની ગણતરી કરવામાં આવી છે, એટલે કે લાભાર્થીની વાર્ષિક આવક અને લાભાર્થીની સંખ્યાનો સંબંધ સ્થાપીત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ માટે નીચેના સુત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

$$૪ = \pm\sqrt{\frac{2C-N}{N}}$$

## ૩.૮ પ્રશ્નાવલીનો નમુનો

**" પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીઓનાં ધિરાણની લાભાર્થિઓ પર થયેલી આર્થિક અને સામાજીક અસરો "**

**વિભાગ – ૧ ખેડુત કુટુંબની વ્યકિતગત તપાસ....**

(૧) સેમ્પલ નં.................................

(૩) ગામ.......................................

(૨) તારીખ ...................................

(૪) ધિરાણ લેતા સભ્યનું

નામ.........................................................

(૫)

| ક્રમ | સભ્ય સંખ્યા | પુરૂષો | મહિલા | બાળકો | ઉમર | શિક્ષણ | ખેતીમાં રોકાયેલ સભ્યો | મુખ્ય ધંધો | અન્ય | K.C.C/ મ.મુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | |

(૬) ખેડુતનો પ્રકાર :– સિમાંત/નાના/મધ્યમ/મોટા

(૭) જ્ઞાતી :–

(૮) કેટલા વર્ષથી ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા છો. ? ................વર્ષ

વિભાગ – ૨ ધંધાકિય માહિતી.....

| ક્રમ | વિગત | ૨૦૦૧–'૦૨ | ૨૦૦૫–'૦૬ |
|---|---|---|---|
| ૧ | કુલ જમીન | | |
| ૨ | જમીનનો પ્રકાર | | |
| ૩ | ખેતીલાયક જમીન | | |
| ૪ | વાવણી કરેલ જમીન | | |
| ૫ | પિયત જમીન | | |
| ૬ | બિનપિયત જમીન | | |
| ૭ | સિંચાઈના સાધનો<br>કુવો / સબમર્સીબલ પંપસેટ / નહેર / તળાવ / ઓઈલ એન્જીન | | |
| ૮ | પશુધન સંખ્યા<br>ગાય / ભેસ / બળદ / અન્ય | | |

## વિભાગ – ૩ પાક વિષેની માહિતી.....

| ક્રમ | પાકનું નામ | વિસ્તાર | ઉત્પાદન | | બિયારણ | | દેશી ખાતર | | રાસાયણિક ખાતર | | જંતુનાશક દવા | | અન્ય ખર્ચ | | વેચાણ ભાવ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2001-'02 | 2005-'06 | 2001-'02 | 2005-'06 | 2001-'02 | 2005-'06 | 2001-'02 | 2005-'06 | 2001-'02 | 2005-'06 | 2001-'02 | 2005-'06 | 2001-'02 | 2005-'06 |
| | | | | | વપરાશ | વપરાશ | વપરાશ | વપરાશ | વપરાશ | વપરાશ | વપરાશ | વપરાશ | | | | |
| ૧ | | | | | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | | | | | | |

અન્ય માહિતી :-

(૨) ખાતર, બિયારણ અને જંતુનાશક દવાની ખરીદી મુખ્યત્વે કયાંથી કરો છો ?

## વિભાગ – ૪ ધિરાણ અંગેની માહીતી

(૧) સહકારી ધિરાણ મંડળીના સભ્ય કેટલા વર્ષ થી છે. ? ............. વર્ષ×

(૨) કિસાન ક્રેડિટ કાર્ડ અંગે :

:– કિસાન ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કેટલા વર્ષથી કરો છો ? .............વર્ષ×

:– તે પહેલા બિયારણ, ખાતર અને જંતુનાશ દવાની ખરીદી કઈ રીતે કરતા હતા. ? સ્વબચત / ફરજ

(૩) ચોમાસુ અને શિયાળુ બંને પાક માટે કિસાન ક્રુડિટ કાર્ડનો ઉયોગ કરો છો . ? બંને / ફકત ચોમાસુ

(૪) ધિરાણ રોકડ સ્વરૂપમાં લો છો, કે માલના સ્વરૂપમાં લો છો. ?

રોકડ / માલ/ બંને

(૫) ધિરાણનો દર જણાવો. ૨૦૦૧–' ૦૨ ૨૦૦૫–'૦૬

.................. % ................. %

(૬) સામાન્ય રીતે કિસાન ક્રેડિટ કાર્ડ ધ્વારા મળેલ ધિરાણનો ઉપયોગ કેવી રીતે કરો છો . ?

| | બિયારણ | ખાતર | જંતુનાશક દવા | અન્ય |
|---|---|---|---|---|
| જથ્થો | | | | |
| ભાવ | | | | |

(૭) કિસાન ક્રેડીટ કાર્ડ ધ્વારા બિયારણ, ખાતર વિ.ની ખરીદી સમયસર કરી શકો છો. ? અને તેના કારણે તમારી આવકમાં થયેલ ફેરફાર જણાવો.

(૮) કિસાન ક્રેડિટ કાર્ડ ખેડુતો માટે કઈ – કઈ ઉપયોગી છે. ?

(૯) મધ્યમ મુદત ધિરાણ અંગે :

:- મધ્યમ મુદત ધિરાણ કયા વર્ષમાં અને કયા હેતુ માટે લીધુ હતુ. ?

:- લાભાર્થીએ કોની સૂચનાથી લાભ લીધો હતો. ? અને સાધનની ખરીદી કયાંથી કરી હતી. ?

:- લાભાર્થીએ મેળવેલ સાધનની કિંમત કેટલી ?

મળેલ લોન :- .........................

ખૂટતી રકમ કયાંથી ? :- .........................

પોતાનો હિસ્સો :- .........................

મેળવવા થયેલ ખર્ચ :- .........................

સબસીડી :- ..........................

વ્યાજના દર :- .........................

:- લાભાર્થીએ મેળવેલ સાધનનું ..............................

– વાર્ષિક નિભાવ ખર્ચ – વાર્ષિક વળતર

:- આ સાધનથી તમારી વાર્ષિક ઉપજ અને વાર્ષિક આવકમાં શું ફેરફાર થયો . ?

| | ૨૦૦૧– ' ૦૨ | ૨૦૦૫– ' ૦૬ |
|---|---|---|
| જથ્થો | | |
| ભાવ | | |

:- લોન પરત કરવા અંગે..

– કેટલી લોન ભરપાઈ કરી ? ...................

– કેટલી લોન ભરપાઈ કરવાની બાકી છે. ? ...................

:- આ અગાઉ મધ્યમ મુદત ધિરાણનો ઉપયોગ કયો હતો. ? હા/ ના
જો હા, તો કયા હેતુ માટે ?

:- મધ્યમ મુદત ધિરાણના દર અંગે : ૨૦૦૧– '૦૨ ૨૦૦૫– '૦૬

............... ................

## વિભાગ– ૫    જીવન ધોરણમાં ફેરફાર અંગે માહીતી
## (૧)

| ક્રમ | વિગત | ૨૦૦૧–'૦૨ | ૨૦૦૫–'૦૬ |
|---|---|---|---|
| ૧ | મકાન    ઘરનુ / ભાડે | | |
| ૨ | મકાન    કાચુ / પાકુ | | |
| ૩ | પાણીની વ્યવસ્થા | | |
| ૪ | અન્ય સવલતો :<br>– ફ્રીઝ    – ઘરઘંટી<br>– ટી.વી.    – મોટર સાયકલ<br>– ડી.વી.ડી.    – વી.સી.ડી.<br>– ટ્રેક્ટર    – મોબાઈલ<br>– ફોન    – વોશિંગ મશીન<br>– બચત    – ઘરેણા<br>– પ્રસંગ    – શહેરમાં મકાન | | |

(૨)    ખેતીમાં આધુનિક સાધનોનો ઉપયોગ :

| ક્રમ | વિગત | ૨૦૦૧–'૦૨ | ૨૦૦૫–'૦૬ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

# પ્રકરણ – ૪

## ૪.૧ પ્રસ્તાવના :–

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ગુજરાત રાજયના અમરેલી જિલ્લામાં પ્રાથમિક કૃષિધિરાણ સહકારી મંડળીઓની કામગીરી તપાસવામાં આવી છે. આ અભ્યાસમાં અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓમાંથી મહતમ લાભાર્થીઓ હોય તેવો એક તાલુકો અને ન્યુનતમ લાભાર્થીઓ હોય તેવો એક તાલુકો પસંદ કરેલ છે.

અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓ પૈકી મહતમ અને ન્યુનતમ લાભાર્થીઓ ધરાવતા અમરેલી અને જાફરાબાદ તાલુકાની પસંદગી કરવામાં આવી. અમરેલી તાલુકામાં સૌથી વધુ લાભાર્થીઓ હોય તેવી બે કૃષિધિરાણ સહકારી મંડળીઓમાં અનુક્રમે ગજેરાપરા અને રંગપુરની મંડળીઓ તેમજ સૌથી ઓછા લાભાર્થીઓ હોય તેવી ત્રણ મંડળીઓમાં ક્રમશ : વેણીવદર, સોનારિયા અને પીપળલગમાં ધિરાણ લેનાર લાભાર્થીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી છે, જયારે જાફરાબાદ તાલુકામાં પણ સૌથી વધુ લાભાર્થીઓ ધરાવતી બે કૃષિધિરાણ મંડળીઓમાં વાંઢ અને હેમાળ તેમજ સૌથી ઓછા લાભાર્થીઓ ધરાવતી ત્રણ મંડળીઓમાં અનુક્રમે રોહિસા, છેલણા અને મોટા માણસામાં ધિરાણ લેનાર લાભાર્થીઓ પાસેથી વિગતો મેળવવામાં આવી છે.

આમ, અમરેલી અને જાફરાબાદ તાલુકાની દસ કૃષિધિરાણ સહકારી મંડળીઓના કુલ ૪૦૦ લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ વર્ષ ૨૦૦૨–'૦૩ થી વર્ષ ૨૦૦૬–'૦૭ દરમિયાન ધિરાણ વિષયક તેમજ તેમની સ્થિતી અને પરિવર્તન વિગેરે અંગે પ્રશ્નાવલી દ્વારા વિસ્તૃત માહિતી મેળવેલ છે, જે પૈકી વર્ષ ૨૦૦૨–'૦૩ માં લાભાર્થીઓની આર્થિક અને સામાજીક સ્થિતી અંગે વિસ્તૃત ચર્ચા આ પ્રકરણમાં કરેલી છે.

માહિતીની યોગ્ય છણાવટ માટે લાભાર્થી ખેડૂત કુટુંબને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે, જેથી મોટા ખેડૂતો, નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોનું પ્રતિનિધિત્વ યોગ્ય રીતે જળવાઈ રહે. મોટા ખેડૂત લાભાર્થી કુટુંબો ૧૩૪, નાના ખેડૂત લાભાર્થી કુટુંબો ૧૩૩ અને સિમાંત ખેડૂત લાભાર્થી કુટુંબો ૧૩૩ એટલેકે કુલ ૪૦૦ ખેડૂત લાભાર્થીઓ પર પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

૧. મોટા ખેડૂતો – ૨ હેકટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતો

૨. નાના ખેડૂતો – ૧ હેકટરથી ૨ હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂતો

૩. સિમાંત ખેડૂતો – ૧ હેકટર કે તેથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો

## ૪.૨૧ લાભાર્થીઓની કુટુંબદીઠ સભ્ય સંખ્યાનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| વિગત | કુલ | પુરૂષો | ટકાવારી | સ્ત્રીઓ | ટકાવારી | બાળકો | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| મોટા ખેડૂતો | 1032 | 265 | 25.68% | 249 | 24.13% | 518 | 50.19% |
| નાના ખેડૂતો | 817 | 209 | 25.58% | 216 | 26.44% | 392 | 47.98% |
| સિમાંત ખેડૂત | 658 | 162 | 24.62% | 155 | 23.56% | 341 | 51.82% |
| કુલ / સરેરાશ | 2507 | 636 | 25.37% | 620 | 24.73% | 1251 | 49.90% |

## ૪.૨ લાભાર્થીઓની કુંટુબદીઠ સભ્ય સંખ્યાનું વર્ગીકરણ :–

ઉપરોકત સારણીમાં સંશોધન અભ્યાસ કરતા ૪૦૦ લાભાર્થીઓના કુલ કુટુંબ સભ્યોનું ચિત્ર રજુ કરવામાં આવેલ છે, જે તપાસતાં કુલ ૪૦૦ લાભાર્થીઓની કુટુંબની સભ્ય સંખ્યા ૨૫૦૭ દર્શાવેલ છે, જે પૈકી ૬૩૬ (૨૫.૩૭%) પુખ્ત ઉમરના પુરૂષો છે, ૬૨૦ (૨૪.૭૩%) પુખ્ત ઉમરની સ્ત્રીઓ તેમજ ૧૨૫૧ (૪૯.૯૦%) બાળકો જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં સરેરાશ કુટુંબની સભ્ય સંખ્યા ૭.૭૦ છે, નાના ખેડૂતોમાં સરેરાશ કુટુંબની સભ્ય સંખ્યા ૬.૧૪ છે, જયારે સિમાંત ખેડૂતોમાં સરેરાશ કુટુંબની સભ્ય સંખ્યા ૪.૯૫ છે.

પુરૂષોની સંખ્યા સંદર્ભે મોટા ખેડૂતોમાં પુરૂષોની સરેરાશ સભ્ય સંખ્યા ૧.૯૮ છે, નાના ખેડૂતોમાં અને સિમાંત ખેડૂતોમાં પુરૂષોની સરેરાશ સભ્ય સંખ્યા અનુક્રમે ૧.૫૭ અને ૧.૨૨ છે.

સ્ત્રીઓની સંખ્યા સંદર્ભે મોટા ખેડૂતોમાં સ્ત્રીઓની સરેરાશ સભ્ય સંખ્યા ૧.૮૬ છે, નાના ખેડૂતોમાં સ્ત્રીઓની સરેરાશ સભ્ય સંખ્યા ૧.૬૨ છે, જયારે સિમાંત ખેડૂતોમાં આ પ્રમાણ ૧.૧૭ છે.

બાળકોની કુલ સંખ્યા ૧૨૫૧ પૈકી મોટા ખેડૂતોમાં બાળકોની સરેરાશ સભ્ય સંખ્યા ૩.૮૭ છે, નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં બાળકોની સરેરાશ સભ્ય સંખ્યા ક્રમશ : ૨.૯૫ અને ૨.૫૬ છે.

## ૪.૩.૧ લાભાર્થીઓનુ કુટુંબ રચનાના સંદર્ભમાં વર્ગીકરણ દર્શાવતુ કોષ્ટક

| વિગત | કુલ | સંયુક્ત કુટુંબ | ટકાવારી | વિભક્ત કુટુંબ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| મોટા ખેડૂતો | ૧૩૪ | ૮૯ | ૬૬.૪૨% | ૪૫ | ૩૩.૫૮% |
| નાના ખેડૂતો | ૧૩૩ | ૪૩ | ૩૨.૩૩ % | ૯૦ | ૬૭.૬૭% |
| સિમાંત ખેડૂતો | ૧૩૩ | ૧૫ | ૧૧.૨૮% | ૧૧૮ | ૮૮.૭૨% |
| કુલ / સરેરાશ | ૪૦૦ | ૧૪૭ | ૩૬.૭૫ % | ૨૫૩ | ૬૩.૨૫% |

## ૪.૩ લાભાર્થીઓનું કુટુંબ રચનાના સંદર્ભમાં વર્ગીકરણ:–

ઉપરોક્ત સારણીમાં લાભાર્થીઓને કુટુંબ રચનાના સંદર્ભમાં વિભાજન કરીને અલગ તારવવામાં આવ્યા છે. કુલ ૪૦૦ લાભાર્થીઓ પૈકી ૧૪૭ લાભાર્થીઓ સંયુક્ત કુટુંબમાં એટલે કે ૩૬.૭૫ % અને ૨૫૩ લાભાર્થીઓ વિભક્ત કુટુંબમાં એટલે કે ૬૩.૨૫ % જોવા મળ્યા છે.

સૌથી વધુ સંયુકત કુટુંબોનું પ્રમાણ મોટા ખેડૂતોમાં ૬૬.૪૨ % જોવા મળેલ છે, જયારે સૌથી ઓછું સંયુકત કુટુંબોનું પ્રમાણ સિમાંત ખેડુતોમાં ૧૧.૨૮ % જોવા મળેલ છે. નાના ખેડૂતોમાં સંયુકત કુટુંબોનું પ્રમાણ ૩૨.૩૩ % જોવા મળેલ છે.

સૌથી વધુ વિભકત કુટુંબોનું પ્રમાણ સિમાંત ખેડૂતોમાં ૮૮.૭૨ % જોવા મળેલ છે, જયારે સૌથી ઓછું વિભકત કુટુંબોનુ પ્રમાણ મોટા ૩૩.૫૮ % જોવા મળેલ છે. નાના ખેડૂતોમાં વિભકત કુટુંબોનું પ્રમાણ ૬૭.૬૭ % જોવા મળેલ છે.

## ૪.૪ .૧ લાભાર્થીઓનું વયજુથના આધારે વર્ગીકરણ દર્શાવતુ કોષ્ટક

| વિગત | કુલ | ૩૦થી ૪૫ વર્ષ | ટકાવારી | ૪૫ થી ૬૦ વર્ષ | ટકાવારી | ૬૦થી વધુ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| મોટા ખેડૂતો | 134 | 43 | 32.09% | 54 | 40.30% | 37 | 27.61% |
| નાના ખેડૂતો | 133 | 31 | 23.31% | 60 | 45.11% | 42 | 31.58% |
| સિમાંત ખેડૂતો | 133 | 56 | 42.10% | 49 | 36.84% | 28 | 21.05% |
| કુલ/સરેરાશ | 400 | 130 | 32.50% | 163 | 40.75% | 107 | 26.75% |

## ૪.૪ લાભાર્થીઓનું વયજુથના આધારે વર્ગીકરણ

ઉપરોક્ત સારણીમાં સંશોધન અભ્યાસ કરતા ૪૦૦ લાભાર્થીઓનું વયજુથના આધારે વર્ગીકરણ કરવામાં આવેલ છે. કુલ ૪૦૦ લાભાર્થીઓ પૈકી ૧૩૦ (૩૨.૫૦%) લાભાર્થીઓની વય ૩૦ થી ૪૫ વર્ષ વચ્ચે જોવા મળેલ હતી, જ્યારે ૧૬૩ ( ૪૦.૭૫%) લાભાર્થીઓની ઉંમર ૪૫ થી ૬૦ વર્ષ વચ્ચે જોવા મળેલ હતી, અને ૧૦૭ (૨૬.૭૫%) લાભાર્થીઓની ઉંમર ૬૦ વર્ષથી વધુ જોવા મળેલ હતી.

મોટા ખેડૂતોમાં ૪૩ (૩૨.૦૯%) લાભાર્થીઓની વય ૩૦ થી ૪૫ વર્ષ વચ્ચે જોવા મળેલ હતી, જ્યારે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં અનુક્રમે ૩૧ (૨૩.૩૧%) અને ૫૬ (૪૨.૧૦%) લાભાર્થીઓ આ શ્રેણીમાં જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં ૧૩૪ લાભાર્થીઓ પૈકી ૫૪ (૪૦.૩૦%) લાભાર્થીઓની વય ૪૫ થી ૬૦ વર્ષ વચ્ચે જોવા મળેલ હતી, જ્યારે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં અનુક્રમે ૬૦ (૪૫.૧૧%) અને ૪૯ (૩૬.૮૪% ) લાભાર્થીઓ આ શ્રેણીમાં જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં ૧૩૪ લાભાર્થીઓ પૈકી ૩૭ (૨૭.૬૧ % ) લાભાર્થીઓની વય ૬૦ વર્ષથી વધુ હતી, નાના ખેડૂતોમાં ૪૨ (૩૧.૫૮%) લાભાર્થીઓ તેમજ સિમાંત ખેડૂતોમાં ૨૮ (૨૧.૦૫%) લાભાર્થીઓની વય ૬૦ વર્ષથી વધુ જોવા મળેલ હતી.



60
50
40
30
20
10
0
Age 30-45
Age 45-60
Up to 60
Big
Small
Margin

## ૪.૫.૧ લાભાર્થીઓનું અભ્યાસના સંદર્ભમાં વર્ગીકરણ દર્શાવતુ કોષ્ટક :—

| વિગત | કુલ | નિરક્ષર | ૧ થી ૪ ધોરણ | ૫ થી ૭ ધોરણ | ૮ થી ૧૦ ધોરણ | ધોરણ ૧૨ | સ્નાતક કક્ષા | અનુ.સ્નાતક કક્ષા | ટેકનીકલ શિક્ષણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મોટા ખેડૂતો | 134 (100%) | 16 (11.94%) | 25 (18.66%) | 27 (20.15%) | 34 (25.37%) | 19 (14.18%) | 10 (7.46%) | - - | 3 (2.24%) |
| નાના ખેડૂતો | 133 (100%) | 7 (5.26%) | 38 (28.57%) | 46 (34.59%) | 30 (22.56%) | 8 (6.01%) | 3 (2.26%) | 1 (0.75%) | - - |
| સિમાંત ખેડૂતો | 133 (100%) | 10 (7.52%) | 26 (19.55%) | 53 (39.85%) | 34 (25.56%) | 9 (6.77%) | 1 (0.75%) | - - | - - |
| કુલ/ સરેરાશ | 400 (100%) | 33 (8.25%) | 89 (22.25%) | 126 (31.50%) | 98 (24.50%) | 36 (9%) | 14 (3.5%) | 1 (0.25%) | 3 (0.75%) |

## ૪.૫ લાભાર્થીઓનું અભ્યાસના સંદર્ભમાં વર્ગીકરણ

ઉપરોક્ત સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ ૪૦૦ લાભાર્થીઓ પૈકી ૩૩ (૮.૨૫%) લાભાર્થીઓ નિરક્ષર જોવા મળ્યા હતા, જ્યારે ૮૯ (૨૨.૨૫%) લાભાર્થીઓએ ૧ થી ૪ ધોરણનો, ૧૨૬ (૩૧.૫૦%) લાભાર્થીઓએ ૫ થી ૭ ધોરણનો, ૯૮ (૨૪.૫૦%) લાભાર્થીઓએ ૮ થી ૧૦ ધોરણનો, ૩૬ (૯.૦૦%) લાભાર્થીઓએ ઉચ્ચતર માધ્યમિક સુધી તેમજ ૧૪ (૩.૫%) લાભાર્થીઓએ સ્નાતક કક્ષા સુધી, ફકત ૧ (૦.૨૫%) લાભાર્થી અનુસ્નાતક કક્ષા સુધી તેમજ ૩ (૦.૭૫%) લાભાર્થીઓએ ટેકનિકલ શિક્ષણ લીધું હોય તેવા માલુમ પડયા હતા.

મોટા ખેડૂતોમાં ૧૩૪ લાભાર્થીઓ પૈકી ૧૬ (૧૧.૯૪%) લાભાર્થીઓ નિરક્ષર જોવા મળ્યા હતા, નાના ખેડૂતોમાંથી ૭ (૫.૨૬ %) લાભાર્થીઓ નિરક્ષર જોવા મળ્યા હતા, જ્યારે સિમાંત ખેડૂતોમાં આ પ્રમાણ ૧૦ (૭.૫૨%) હતું.

મોટા ખેડૂતોમાં ૧૩૪ લાભાર્થીઓમાંથી ૨૫ (૧૮.૬૬%) લાભાર્થીઓએ ૧ થી ૪ ધોરણનો અભ્યાસ કર્યો હોય તેવા જોવા મળ્યા હતા, જ્યારે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં ક્રમશ : ૩૮ (૨૮.૫૭%) અને ૨૬ (૧૯.૫૫%) લાભાર્થીઓ આ શ્રેણીમાં જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં ૨૭ (૨૦.૧૫%) લાભાર્થીઓએ ૫ થી ૭ ધોરણનો અભ્યાસ કર્યો હોય તેવા માલુમ પડયા હતા, જ્યારે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં અનુક્રમે ૪૬ (૩૪.૫૯%) અને ૫૩ (૩૯.૮૫%) લાભાર્થીઓ આ શ્રેણીમાં જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં ૧૩૪ લાભાર્થીઓ પૈકી ૩૪ (૨૫.૩૭%) લાભાર્થીઓએ ૮ થી ૧૦ ધોરણનો અભ્યાસ કર્યો હોય તેવા જોવા મળ્યા હતા, જ્યારે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં ક્રમશ : ૩૦ (૨૨.૫૬%) અને ૩૪ (૨૫.૫૬%) લાભાર્થીઓ આ શ્રેણીમાં જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં ૧૯ (૧૪.૧૮%) લાભાર્થીઓએ ઉચ્ચતર માધ્યમિક સુધીનો અભ્યાસ કર્યો હોય તેવા જોવા મળ્યા હતા. નાના ખેડૂતોમાં ૮ (૬.૦૧ %) લાભાર્થીઓએ તેમજ સિમાંત ખેડૂતોમાં ૯ (૬.૭૭%) લાભાર્થીઓએ ઉચ્ચતર માધ્યમિક સુધીનો અભ્યાસ કર્યો હોય તેવા જોવા મળ્યા હતા.

મોટા ખેડૂતોમાં ૧૦ (૭.૪૬ % ) લાભાર્થીઓએ,નાના ખેડૂતોમાં ૩ (૨.૨૬ %) લાભાર્થીઓએ તેમજ સિમાંત ખેડૂતોમાં ફક્ત ૧ (૦.૭૫ %) લાભાર્થીએ સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ કરેલો હતો. અનુસ્નાતક કક્ષા સુધી નાના ખેડૂતોમાં ફક્ત ૧ લાભાર્થીએ અભ્યાસ કરેલ હતો. મોટા ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં એકપણ લાભાર્થીએ અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ કરેલ ન હતો. મોટા ખેડૂતોમાં ૩ લાભાર્થીઓએ ટેકનિકલ શિક્ષણ લીધુ હતું, જયારે નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતોમાં એકપણ લાભાર્થીએ ટેકનિકલ શિક્ષણ લીધેલ ન હતું.

## ૪.૬.૧ લાભાર્થી કુટુંબમાં કન્યા કેળવણીના સંદર્ભમાં વર્ગીકરણ દર્શાવતુ કોષ્ટક

| lJUT | S|, | ! YL $ WMZ6 | 5 YL * WMZ6 | ( YL !_ WMZ6 | prRTZ DFw I DLS | :GFTS S1FF | VG|P:GFTS S1FF | |
|---|---|---|---|---|---|---|---|---|
| DM8F B|0|TM | 204 (100%) | 45 (22.06%) | 37 (18.14%) | 52 (25.49%) | 36 (17.65%) | 23 (11.27%) | 7 (3.43 %) | (1 |
